દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 245 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 October 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૫ ઑક્ટોબર ૨૦૨૪ (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ ૮ ૯ ૧૦ ૧૧ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંબઈમાં પ્રવેશનારાં હળવા વાહનોને સંપૂર્ણ ટોલમાફી

## વિધાનસભાની ચૂંટણી પહેલાં એકનાથ શિંદેનો 'માસ્ટર સ્ટ્રોક'

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે સોમવારે મુંબઈના તમામ પાંચ ટોલ બૂથ પર હળવાં મોટર વાહનો માટે સંપૂર્ણ ટોલ માફીની જાહેરાત કરી હતી, મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે, આગામી વિધાનસભાની ચૂંટણીઓ પહેલાંના મહત્ત્વનાં પગલામાં ટોલ માફી મધરાતથી અમલમાં આવશે.

દિવાળી પહેલા મુંબઈની અંદર અને બહાર મુસાફરી કરતા લોકોને ટોલ માફીથી રાહત મળવાની અપેક્ષા છે.

લાંબા સમયથી મુંબઈગરાઓ જેની રાહ જોઈ રહ્યા હતા તેઓ હવે દહિસર, એલબીએસ રોડ-મુલુંડ, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે-મુલુંડ, ઐરોલી ક્રીક બ્રિજ અને વાશી એમ પાંચ બૂથ પર ટોલ ચૂકવ્યા વિના મુંબઈમાં આગમન કરી શકશે. હળવાં મોટર વાહનો તે છે જે મુખ્યત્વે મુસાફરો (જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનમાં એસસીઓની ઉચ્ચસ્તરીય બેઠકને લઇને કડક સુરક્ષા જાપ્તો

ઇસ્લામાબાદ: પાકિસ્તાનમાં આજથી ઇસ્લામાબાદમાં શરૂ થનારી શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન સમિટને લઇને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દેશભરમાં વધી રહેલા આતંકવાદી હુમલાઓ અને જેલમાં બંધ પૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાનની પાર્ટી દ્વારા સતત વિરોધ વચ્ચે આયોજિત આ મેગા ઇન્ટરનેશનલ ઇવેન્ટમાં ભાગ લેવા માટે વિદેશી પ્રતિનિધિમંડળો પાકિસ્તાન પહોંચ્યા છે. ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકર અને ચીન તથા રશિયાના વડા પ્રધાન સહિત અન્ય દેશો અર્થતંત્ર, વેપાર અને પર્યાવરણમાં ચાલી રહેલા સહકાર અંગે ચર્ચા કરવા માટે અહીં શાંઘાઇ કોઓપરેશન સંગઠન(એસસીઓ)ના સરકારના વડાઓની બે દિવસીય ૨૩મી કાઉન્સિલની(સીએચજી) બેઠકમાં ભાગ લઇ રહ્યા છે.સીએચજીની બેઠકમાં અર્થતંત્ર, વેપાર, પર્યાવરણ, સામાજિક-સાંસ્કૃતિક સંબંધોનાં ક્ષેત્રોમાં ચાલી રહેલા સહકાર અંગે ચર્ચા કરવામાં આવશે અને સંગઠનની કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. નેતાઓ એસસીઓ સભ્ય દેશો વચ્ચે સહયોગને વધુ મજબૂત કરવા માટે મહત્ત્વપૂર્ણ સંગઠનાત્મક નિર્ણય લેશે અને સંગઠનનાં બજેટને મંજૂરી આપશે. ■

## ડૅરેન એૅસ્મોૅગ્લુ, સિમોૅન જહોૅનસન અને જૅમ્સ રોૅબિન્સનને અર્થશાસ્ત્રનું નોૅબેલ પારિતોષિક

સ્ટૉકહોમ: અમુક દેશો સમૃદ્ધ થવામાં કેમ સફળ થયા અને અમુક દેશો કેમ નિષ્ફળ ગયા એ અંગે કરેલા સંશોધન બદલ ડૅરેન ઍસ્મૉગ્લુ, સિમૉન જહૉનસન અને જૅમ્સ રૉબિન્સનને સોમવારે અર્થશાસ્ત્રનું નૉબેલ પારિતોષિક આપવાનું જાહેર કરવામાં આવ્યું હતું. અર્થશાસ્ત્રના નૉબેલ પારિતોષિકની જાહેરાત કરતાં નૉબેલ કમિટી ઑફ ધ રૉયલ સ્વિડિશ અકૅડેમી ઑફ સાયન્સે કહ્યું હતું કે આ ત્રણેએ દેશની સમૃદ્ધિ માટે સમાજ અને સંસ્થાઓનું મહત્ત્વ સમજાવ્યું હતું. લોકોનું શોષણ કરતા નબળા કાયદા અને સંસ્થાઓ ધરાવતો દેશ કે સમાજ વિકાસ નથી કરી શકતો અને વધુ સારો કે સમૃદ્ધ નથી બની શકતો, એમ તેમણે કહ્યું હતું.

ડૅરેન ઍસ્મૉગ્લુ અને સિમૉન જહૉનસન મૅસેચ્યુસૅટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલૉજી (એમઆઈટી) (જુઓ પાનું ૨) ▶▶

## નિજ્જર વિવાદઃ કેનેડાસ્થિત ભારતીય રાજદૂતો, અધિકારીઓને પાછાં બોલાવાયા

નવી દિલ્હીઃ ખાલિસ્તાની અલગતાવાદી નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યાને મામલે ચાલી રહેલી તપાસ સાથે કેનેડાસ્થિત ભારતીય હાઈકમિશનર અને અમુક રાજદૂતોને સાંકળવાના ઑટ્ટાવાએ કરેલા પ્રયાસ અંગે પ્રતિક્રિયા આપતા ભારતે કેનેડાસ્થિત ભારતીય રાજદૂતો અને અધિકારીઓને પાછાં બોલાવી લેવાનો સોમવારે નિર્ણય લીધો હતો.

કેનેડિયન ચાર્જ ડી અફેર્સને હાજર થવાનું જણાવ્યાનાં તુરંત બાદ ભારતના વિદેશ ખાતાએ આ જાહેરાત કરી હતી.

સેક્રેટરી (ઈસ્ટ) દ્વારા સોમવારે સાંજે કેનેડિયન ચાર્જ ડી અફેર્સને હાજર થવાનું જણાવવામાં આવ્યું હતું. કેનેડાસ્થિત ભારતીય હાઈકમિશનર અન્ય રાજદૂતો અને અધિકારીઓને નિશાન બનાવવાનું પગલું (જુઓ પાનું ૨) ▶▶



**વાવાઝોડુંઃ ઍન્ગેવુડમાં રવિવારે વાવાઝોડાં મિલ્ટનને કારણે માનાસૉટા કીમાં અનેક ઈમારતોને નુકસાન થયું હતું. (એજન્સી)**

## બાબા સિદ્દીકીની હત્યાનો આદેશ બિશ્નોઈનો પણ...

## માસ્ટરમાઈન્ડ સૌરવ મહાકાલ, કાવતરાને અંજામ આપ્યો પ્રવીણ-શુભમ લોણકરે

મુંબઈ: હત્યાના બે દિવસ બાદ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે પ્રવીણ લોણકરની પુણેથી ધરપકડ કરી અને તેને મંગળવારે મુંબઈની કોર્ટમાં હાજર કરવામાં આવ્યો ત્યારે સરકારી વકીલે કરેલી રજૂઆત પછી બાબા સિદ્દીકીની હત્યાના કાવતરાની અથથી ઇતિ જાણકારી જાણવા મળી હતી.બાબા સિદ્દીકીની હત્યાનો ઑર્ડર ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇ દ્વારા આપવામાં આવ્યો હતો, જ્યારે માસ્ટરમાઇન્ડ સૌરવ (જુઓ પાનું ૨) ▶▶

વધુ અહેવાલ ૧૬

## ખાદ્ય ચીજોના ભાવ વધતાં રિટેલ ફુગાવો વધીને ૫.૪૯ ટકા, જથ્થાબંધ ફુગાવો ૧.૮૪ ટકા વધ્યો

નવી દિલ્હીઃ ગત સપ્ટેમ્બર મહિનામાં ખાસ કરીને શાકભાજીના ભાવમાં વધારો થવાથી જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવો ૧.૮૪ ટકા વધી આવ્યો હતો. તેમ જ ગત સપ્ટેમ્બર મહિનાનો રિટેલ ફુગાવો આગલા ઑગસ્ટ મહિનાના ૩.૬૫ ટકા સામે વધીને ૫.૪૯ ટકાની સપાટીએ રહ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે ગત ઑગસ્ટ મહિનામાં જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવો ૦.૦૭ ટકા ઘટીને ૧.૩૧ ટકાની સપાટીએ રહ્યો હતો, જ્યારે સપ્ટેમ્બર, ૨૦૨૩માં રિટેલ ફુગાવો ૫.૦૨ ટકાની સપાટીએ (જુઓ પાનું ૨) ▶▶

## બહરાઈચમાં તણાવઃ હૉસ્પિટલ અને શો-રૂમમાં તોડફોડ, દુકાનો અને ઘર સળગાવાયાં

બહરાઈચ : ઉત્તર પ્રદેશના બહરાઈચમાં દુર્ગા મૂર્તિના વિસર્જન દરમિયાન થયેલા ઘર્ષણે મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. સોમવારે સવારે એક યુવાનનું મોત થયા પછી બહરાઈચમાં ફરી એકવાર આગ લગાવવાની અને તોડફોડની ઘટના બની હતી. જેમાં અનેક દુકાનો અને ઘરોમાં તોડફોડ કરવામાં આવી હતી. એક બાઇક શોરૂમ અને હોસ્પિટલને આગ લગાડવામાં આવી છે. જ્યારે વાહનોને સળગાવી દેવામાં આવ્યા છે. હોસ્પિટલમાં દવાઓને પણ સળગાવી દેવામાં આવી છે.

જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં પણ હિંસા વધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ચાંદપૈયા અને કબાડિયાપુરવા ગામમાં અનેક ઘરો સળગાવવામાં આવ્યાં છે. જ્યારે વાહનોને પણ સળગાવી દેવામાં આવ્યાં છે. પોલીસે ત્રીસ લોકોની અટકાયત કરી છે. જ્યારે સીએમ યોગીની સૂચના પર એસીએસ હોમ અને એડીજી લૉ એન્ડ ઓર્ડર ઘટનાસ્થળે પહોંચી ગયા છે. બહરાઈચ પીએસીને છ કંપનીઓ મોકલવામાં આવી છે.

યુવકના મોત બાદ લોકો હિંસક બન્યા છે. તો બીજી તરફ પરિવારજનોએ મૃતદેહના અંતિમ સંસ્કાર કરવાનો ઈન્કાર કરી દીધો છે. જો કે પોલીસે મૃતકના પરિવારજનોને સમજાવ્યા છે. પરંતુ હજુ સુધી મામલો ઉકેલાયો નથી. પરિવારના સભ્યો કડક કાર્યવાહીની માગ પર અડગ છે. મીડિયા અહેવાલ અનુસાર, સોમવારે સવારે રામ ગોપાલ મિશ્રાની હત્યા બાદ એક સમુદાયના લોકો ગુસ્સે થયા હતા. હાથમાં લાકડીઓ સાથે ટોળું રોડ પર ઉતરી આવ્યું હતું. બાઇકના શોરૂમ અને હોસ્પિટલમાં તોડફોડ અને આગ લગાવવામાં આવી હતી. હોસ્પિટલ ઉપરાંત દુકાનો અને વાહનોને પણ આગ ચાંપી દેવામાં આવી છે. યુપીના સીએમ યોગીએ તોફાનીઓ વિરુદ્ધ કડક કાર્યવાહીના આદેશ આપ્યા છે. તેમજ તાજેતરની સ્થિતિ અંગેનો અહેવાલ પણ માગ્યો હતો. જ્યારે અફવા ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવા પણ સૂચના આપવામાં આવી છે. ■

## ઈઝરાયલમાં હિઝબુલ્લાહના ડ્રોન હુમલામાં ચાર સૈનિકનાં અને ગાઝામાં ઈઝરાયલના હુમલામાં ૨૦નાં મોત

દેર અલ-બલાહ: ઇઝરાયલના મધ્યમાં એક લશ્કરી ઠેકાણા પર હિઝબુલ્લાહના ડ્રોન હુમલામાં ચાર સૈનિકોનાં મોત અને સાત ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ જાણકારી સેનાએ આપી હતી.

સેનાના જણાવ્યા અનુસાર ઇઝરાયલ દ્વારા લેબનોન પર લગભગ બે અઠવાડિયા પહેલા શરૂ કરવામાં આવેલા જમીની આક્રમણ બાદ આતંકવાદી સમૂહ દ્વારા કરવામાં આવેલો આ સૌથી ઘાતક હુમલો છે. લેબેનોન સ્થિત હિઝબુલ્લાહે બિનયામીન શહેર નજીક કરાયેલા હુમલાઓને ગુરુવારે દેશની રાજધાની બેરુત પર ઇઝરાયલના હુમલાના જવાબમાં કરવામાં આવેલી કાર્યવાહી ગણાવી હતી. આ હુમલામાં ૨૨ લોકોનાં મોત થયાં હતાં. હિઝબુલ્લાએ પછી કહ્યું કે તેણે ઇઝરાયલની વિશિષ્ટ ગોલાની બ્રિગેડને નિશાન બનાવ્યું હતું તથા ડ્રોન હુમલો દરમિયાન ઇઝરાયલની વાયુ સંરક્ષણ પ્રણાલી પર કબજો કરવા માટે ઘણી મિસાઇલો છોડી હતી. ઇઝરાયલની નેશનલ રેસ્ક્યુ સર્વિસે જણાવ્યું કે હુમલામાં ૬૧ લોકો ઘાયલ થયા છે.

ગાઝામાં યુદ્ધની શરૂઆતથી લગભગ દરરોજ હિઝબુલ્લાહ અને ઇઝરાયલ વચ્ચે ગોળીબાર થતો રહે છે તથા લડાઇ વધુ તીવ્ર બની છે. બે સ્થાનિક હોસ્પિટલોના જણાવ્યા અનુસાર ગાઝાની અંદર રવિવારે રાત્રે ઇઝરાયલના હવાઇ હુમલામાં એક શાળામાં બાળકો સહિત ૨૦ લોકો મૃત્યુ પામ્યાં હતાં. નુસરતની આ શાળા યુદ્ધને કારણે વિસ્થાપિત થયેલા પેલેસ્ટિનિયનો માટે આશ્રય સ્થાન બની ગઇ હતી.

આ દરમિયાન સોમવારે વહેલી સવારે અલ-બલાહમાં અલ-અક્સા શહીદ હૉસ્પિટલની બહાર વિસ્ફોટ થયો હતો. જેમાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં અને લગભગ ૫૦ ઘાયલ થયા હોવાનું હૉસ્પિટલે જણાવ્યું હતું. તંબુમાં આગ લાગી અને સેન્ટ્રલ ગાઝા સમુદાયના રહેવાસીઓએ ઘાયલોને હૉસ્પિટલ પહોંચાડ્યા હતા.

ઇઝરાયલના વડા પ્રધાન નેતાન્યાહુએ સંયુક્ત રાષ્ટ્રના શાંતિ સૈનિકોને હિઝબુલ્લાહ માટે માનવ ઢાલ ગણાવ્યા હતા. લેબેનોનમાં યૂનિફિલ નામથી જાણીતી સંયુક્ત રાષ્ટ્ર શાંતિ સેનાએ જણાવ્યું કે ઇઝરાયલી ટેંકે રવિવારે સવારે એક સાઇટના મુખ્ય દરવાજાને તોડી નાખ્યો હતો અને બાદમાં શાંતિ સૈનિકો પાસે ધુમાડાના શેલ છોડ્યા હતા. યૂનિફિલે આ ઘટનાને આંતરરાષ્ટ્રીય કાયદાનું વધુ એક સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવ્યું હતું. ■

## શ્રીલંકામાં ભારે વરસાદને લીધે ત્રણનાં મોત, શાળાઓ બંધ

કોલંબો: શ્રીલંકાના ૧૨ જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે ત્રણ લોકોનાં મોત થયાં છે અને ૧,૨૫,૦૦૦થી વધુ લોકો ફસાયેલા છે. ભારે વરસાદને પગલે સત્તાધિકારીઓએ રાજધાની ક્ષેત્રમાં તમામ શાળાઓ બંધ કરી દીધી હતી.

રાષ્ટ્રપતિ અનુરા દિસનાયકેએ અસરગ્રસ્ત લોકોને રાહત પ્રદાન કરવા વધારાના ૫૦ મિલિયન રૂપિયાની ફાળવણીનો આદેશ આપ્યો છે. તેમજ રાહત અને બચાવ કામગીરી માટે શ્રીલંકન નેવી અને આર્મીના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. જેમાં અસરગ્રસ્ત લોકોને ખોરાક અને અન્ય જરૂરી વસ્તુઓ પૂરી પાડવાનો પણ સમાવેશ થાય છે. ટાપુ રાષ્ટ્રમાં ૮ ઓક્ટોબરથી ભારે વરસાદ પડી રહ્યો છે. છેલ્લા બે દિવસમાં કેટલાક જિલ્લાઓમાં ૧૦૦ મિમીથી વધુ વરસાદ પડ્યો અને ભારે પવનો ફૂંકાયા હતા. જેના કારણે કેટલાક વિસ્તારોમાં પૂર અને પાણીનો ભરાવો થયો હતો. સોમવારે કરવામાં આવેલી આગાહી અનુસાર આગામી ૨૪ કલાકમાં દેશભરના ઘણા વિસ્તારોમાં ૧૦૦ મિમીથી વધુ વરસાદની ચેતવણી આપવામાં આવી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર(ડીએમસી)એ જણાવ્યું કે સોમવાર સવાર સુધીમાં ૩૨,૦૦૦થી વધુ પરિવારો પ્રભાવિત થયા છે અને ૧,૨૫,૦૦૦થી વધુ લોકો ફસાયેલા છે. તેમણે જણાવ્યું કે હજારો લોકોને બહાર કાઢવામાં આવ્યા છે અને ૮૦થી વધુને અસ્થાયી આશ્રયસ્થાનોમાં રાખવામાં આવ્યા છે.

ડીએમસીએ જણાવ્યું કે અત્યાર સુધીમાં ત્રણ મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી છે. જો કે તેણે લોકો અથવા સ્થાનો વિશે વિસ્તૃત માહિતી આપી નથી. સત્તાધીશોએ ભારે વરસાદ અને પૂરને કારણે સોમવારે રાજધાની કોલંબો અને ઉપનગરોમાં શાળાઓ બંધ કરી દીધી હતી. ■

## કેન્દ્રે સુપ્રીમને આપી માહિતીઃ ચારધામ પ્રોજેક્ટ ૭૫ ટકા પરિપૂર્ણ

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે સોમવારે સુપ્રીમ કોર્ટને માહિતી આપી હતી કે ઉત્તરાખંડમાં ચીનની સરહદ સુધી જતા વ્યૂહાત્મક ચારધામ પ્રકલ્પમાં અપાયેલું કામ ૭૫ ટકા પૂરું થઈ ગયું છે.

૯૦૦ કિલોમીટરના વ્યૂહાત્મક પ્રકલ્પનો હેતુ ઉત્તરાખંડના ચાર તીર્થસ્થાનો-યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદરીનાથને દરેક હવામાન અનુકૂળ બનાવવાનો અને જોડવાનો છે. વધારાના સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ કેન્દ્ર વતી રજૂઆત કરતાં જસ્ટિસ સી. ટી. રવિકુમાર અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની બેન્ચે કહ્યું હતું કે સર્વોચ્ચ અદાલતે નિમેલી સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ એ. કે. સિકરીની આગેવાની હેઠળની દેખરેખ સમિતિએ સર્વોચ્ચ અદાલતને બે અહેવાલ સુપરત કર્યા હતા. સમિતિએ ઓગસ્ટ ૨૦૨૪માં આપેલા અહેવાલ પ્રમાણે પ્રોજેક્ટનું આપવામાં આવેલું કામ ૭૫ ટકા પૂરું થઈ ગયું છે. આ સૂચિત પ્રકલ્પ માટે બે અહેવાલ એપ્રિલ ૨૦૨૪ અને ઓગસ્ટ ૨૦૨૪માં આપવામાં આવ્યા હતા. બેન્ચે કહ્યું હતું કે તે આ રીપોર્ટને રેકોર્ડ પર લેશે.

ડિસેમ્બર ૨૦૨૧માં સર્વોચ્ચ અદાલતે નિવૃત્ત જજની આગેવાની હેઠળની દેખરેખ સમિતિની રચના કરીને ચારધામ હાઈવે પ્રોજેકટને બે લેન જેટલો પહોળો કરવાની છૂટ આપી હતી. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે સમિતિની રચના પર્યાવરણની ચિંતા દૂર કરવા થઈ છે અને તે પર્યાવરણીય અસરની નવી સમીક્ષા નહીં કરે.

સમિતિને સંરક્ષણ, રોડ પરિવહન મંત્રાલય, ઉત્તરાખંડ સરકાર અને લાગતાવળગતા જિલ્લા મેજિસ્ટ્રેટે સંપૂર્ણ ટેકો આપ્યો હતો. સમિતિને નેશનલ એન્વાયરમેન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ તેમ જ દેહરાદૂનની ફોરેસ્ટ રિસર્ચના પ્રતિનિધિને સામેલ કરવા જણાવવામાં આવ્યું હતું.

ચારધામ પ્રોજેક્ટની જાહેરાત ડિસેમ્બર ૨૦૧૬માં કરવામા આવી હતી.(એજન્સી) ■

## બંગાળમાં જુનિયર ડૉક્ટરોની ભૂખહડતાળનો ૧૦મો દિવસ, વધુ એક તબીબ હૉસ્પિટલમાં દાખલ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં આરજી કર હૉસ્પિટલની ઘટનાને પગલે તેમની માગણીઓને લઇને જુનિયર ડૉક્ટરોના આમરણાંત ઉપવાસ સોમવારે ૧૦માં દિવસે પણ ચાલુ રહ્યા હતા. જ્યારે વધુ એક ડૉક્ટરની તબિયત લથડતાં તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ જાણકારી અધિકારીઓએ આપી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર એનઆરએસ મેડિકલ કોલેજ અને હૉસ્પિટલના પુલસ્થ આચાર્યને પેટમાં તીવ્ર દુખાવાની ફરિયાદ બાદ રવિવારે રાત્રે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. કોલકાતા અને રાજ્યના ઉત્તર ભાગના સિલીગુડી શહેરમાં ભૂખ હડતાળ પર બેઠેલા ત્રણ જુનિયર ડોક્ટરોને અગાઉ તેમની તબિયત ખરાબ થવાથી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એનઆરએસ મેડિકલ કોલેજ અને હૉસ્પિટલના એક વરિષ્ઠ ડોક્ટરના જણાવ્યા અનુસાર પુલસ્થ સીસીયુમાં છે અને તેની હાલત કથળી છે. અમે તેની સારવાર માટે મેડિકલ બોર્ડની રચના કરી છે. આ દરમિયાન મુખ્ય સચિવ મનોજ પંતે રવિવારે જોઇન્ટ ફોરમ ઓફ ડૉક્ટર્સ(જેપીડી)ને પત્ર લખીને તેઓને ૧૫ ઓક્ટોબરે પ્રસ્તાવિત વિરોધને પાછો ખેંચવા વિનંતી કરી હતી. ■

## કાનપુરમાં બે ટ્રક વચ્ચે કાર ચગદાઈ જતાં પાંચનાં મોત

કાનપુર : સોમવારે રુમા-ભૌંતી ફલાયઓવરમાં ઝડપથી જઈ રહેલી બે ટ્રક વચ્ચે કાર ચગડાઈ જતાં ચાર વિદ્યાર્થીઓ સહિત પાંચનાં મોત થયાં હતાં, એવી માહિતી પોલીસે આપી હતી.પોલીસે કહ્યું હતું કે કારનો કચ્ચરઘાણ થઈ ગયો હતો અને વિદ્યાર્થીઓના મૃતદેહ કાટમાળને કાપીને બહાર કાઢવા પડ્યા હતા. વિદ્યાર્થીઓ આયુષી પટેલ, ગરીમા ત્રિપાઠી, સતીશ કુમાર અને પ્રતીક સિંહ તેમની કૉલેજ પ્રણવીર સિંહ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. તેમની કાર પાન્કી પહોંચી હતી કે બે ટ્રક વચ્ચે સેન્ડવીચ થઈ ગઈ હતી, એવી માહિતી પોલીસને ડેપ્યુટી કમિશનર રાજેશ કુમાર સિંહે આપી હતી. બન્ને ટ્રકના ડ્રાઈવરો ટ્રક મૂકીને નાસી ગયા હતા. બન્ને ટ્રકને જપ્ત કરાઈ હતી. ■

## આંધ્ર પ્રદેશ દારૂના પરવાના વેચીને કમાશે ₹ ૨૦,૦૦૦ કરોડ

અમરાવતી : નાણાભીડ અનુભવી રહેલી આંધ્ર પ્રદેશ સરકારને નાણાકીય વર્ષના શેષ ભાગમાં લાઈસેન્સિંગ ફી અને દારૂના વેચાણ દ્વારા ૨૦,૦૦૦ કરોડ રૂપિયા મળે એવી અપેક્ષા છે. સૂત્રોએ સોમવારે કહ્યું હતું કે રાજ્ય સરકારે ૩,૩૯૬ આઉટલેટની નોન રીફન્ડેબલ એપ્લિકેશન ફી વડે ૧,૮૦૦ કરોડ રૂપિયા ઊભા કર્યા હતા. એક વાર આઉટલેટ લોટરીની મદદથી અપાય ત્યાર બાદ વિજેતાને છ હપ્તામાં ૫૦ લાખ રૂપિયાથી માંડીને ૮૫ લાખ રૂપિયાની લાઈસંસ ફી આપવી પડશે. ગયા વર્ષે સરકાર દારૂના વેચાણ દ્વારા ૩૦,૦૦૦ કરોડ રૂપિયા કમાઈ હતી. આ વર્ષના બાકીના છ મહિનામાં સરકાર ૧૭,૦૦૦ કરોડ રૂપિયાની આવક કરવાની આશા રાખે છે.

મહેસૂલ ખાતાના મુખ્ય સચિવ મૂકેશ કુમાર મીનાએ માહિતી આપી હતી કે રાજ્ય સરકારને ૩,૩૯૬ ખાનગી આઉટલેટ માટે ૯૦,૦૦૦ અરજીઓ મળી છે. બે લાખ રૂપિયાની નોન રીફન્ડેબલ એપ્લિકેશન ફી પેટે સરકારની તીજોરીમાં ૧,૮૦૦ કરોડ રૂપિયા આવ્યા છે.

રાજ્ય સરકાર દારૂના આઉટલેટ્સ પાસેથી છ હપ્તામાં વાર્ષિક લાઈસન્સિંગ ફી પેટે ૨,૦૮૪ કરોડ રૂપિયા મેળવશે. મંગળવાર સુધી પહેલા હપ્તાના ૩૩૫ કરોડ રૂપિયા મળી જશે. નાણાં ચુકવણી માટે રોકડ, યુપીઆઈ અને બીજા મોડ માન્ય રખાયા છે. અગાઉની વાયએસઆરસીપી સરકારે ફક્ત રોકડમાં નાણાં ભરવાનો નિયમ રાખ્યો હતો. નાયડુ સરકારે સરકારી માલિકીના આઉટલેટની જૂની નીતિ કાઢી નાખી હતી. (એજન્સી) ■

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બિશ્નોઈ ગેંગની ખુલ્લી ચેલેન્જ, મુંબઈ પોલીસની હાલત બગડશે

**મહારાષ્ટ્રના** મુંબઈમાં શનિવારે અજિત પવારની એનસીપીના નેતા બાબા સિદ્દીકીની ગોળી મારી હત્યા કરી દેવાઈ એ ઘટનાએ મહારાષ્ટ્રની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ પેદા કરી દીધો છે. સાથે સાથે એકનાથ શિંદે સરકારની ક્ષમતા સામે પણ પ્રશ્નાર્થ ઊભો કરી દીધો છે કેમ કે સિદ્દીકી સત્તાધારી મોરચાના નેતા હતા.

બાબા સિદ્દીકી ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂક્યા હતા અને અગાઉની કૉંગ્રેસ સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા હતા. બાબા સિદ્દીકીની ગણતરી મહારાષ્ટ્રના ધુરંધર નેતાઓમાં થતી હતી. સિદ્દીકીએ પોતાનું સમગ્ર જીવન કૉંગ્રેસમાં સમર્પિત કર્યું હતું પણ ઈડીની ધોંસ વધતાં લોકસભા ચૂંટણી પહેલા જ કૉંગ્રેસ છોડીને એનસીપી (અજિત પવાર જૂથ)માં જોડાયા હતા.

અજિત સાથે જોડાયા પછી વીવીઆઈપી બની ગયેલા સિદ્દીકીને સરકાર દ્વારા વાય કેટેગરીની સુરક્ષા અપાઈ હતી. સિદ્દીકી પોતાના ધારાસભ્ય દીકરા ઝિશાન સિદ્દીકીની ઓફિસની બહાર દશેરા નિમિત્તે ફટાકડા ફોડી રહ્યા હતા. વાય કેટેગરીની સુરક્ષામાં બે કમાન્ડો ઉપરાંત ૮ પોલીસ અધિકારીઓ તૈનાત હોય છે. સિદ્દીકી ફટાકડા ફોડી રહ્યા હતા ત્યારે પણ આ સુરક્ષા ચક્ર હતું જ.

પોલીસો સિદ્દીકીની આસપાસ હાજર હતા છતાં લોરેન્સ બિશ્નોઈ ગેંગના ત્રણ લબરમૂછિયા જાહેરમાં સિદ્દીકીને છ ગોળી ધરબીને હત્યા કરીને જતા રહ્યા તો સામાન્ય માણસની સુરક્ષાની તો શું ગેરંટી એ સવાલ છે. સિદ્દીકીને પોલીસની હાજરીમાં જાહેરમાં મારી શકાય તો કોઈને પણ મારી શકાય એ જોતાં આ ઘટનાએ મુંબઈમાં સામાન્ય માણસ જરાય સલામત નથી એ છતું કરી દીધું છે.

મહારાષ્ટ્ર સરકાર અને મુંબઈ પોલીસ માટે તો વધારે શરમજનક વાત એ છે કે, લોરેન્સ બિશ્નોઈએ ડંકે કી ચોટ પર એલાન કરીને બાબા સિદ્દીકીની હત્યા કરી છે. લોરેન્સ બિશ્નોઈએ બાબા સિદ્દીકીને સીધી ધમકી નહોતી આપી પણ સલમાન ખાનને ધમકી આપી હતી. બિશ્નોઈ સમાજ માટે પવિત્ર મનાતા કાળિયારના શિકારના કેસમાં સલમાન ખાન દોષિત ઠર્યો છે. લોરેન્સ બિશ્નોઈએ સલમાનને આ મહાપાપ બદલ જોધપુર આવીને બિશ્નોઈ સમાજની મહાપંચાયત સામે માફી માગવા કહેલું.

સલમાને માફી માગવાનો ઈન્કાર કરી દીધો હતો. તેના પગલે લોરેન્સ બિશ્નોઈએ સલમાનને ધમકી આપેલી અને પછી સલમાન ખાનના ઘર પર ફાયરિંગ પણ કર્યું હતું. લોરેન્સે સલમાનની નજીકનાં લોકોને પણ પોતે પતાવી દેશે એવી ધમકી આપેલી. બાબા સિદ્દીકી સલમાન ખાનના ખાસ માણસોમાં એક હતા એ જોતાં તેમના પર ખતરો હતો જ પણ મુંબઈ પોલીસે લોરેન્સ બિશ્નોઈને ગંભીરતાથી લીધો જ નહીં તેમાં બાબા સિદ્દીકીનો જીવ ગયો.

મુંબઈ પોલીસનું નાક વાઢી લેતાં લોરેન્સે મુંબઈ પોલીસને નવી ચેલેન્જ ફેંકી દીધી છે. લોરેન્સ બિશ્નોઈએ બાબા સિદ્દીકીની હત્યા પછી તેની જવાબદારી પોતે લીધી છે. લોરેન્સના દાવા પ્રમાણે, સલમાન ખાનના ઘર પર ફાયરિંગ કરનારા અનુજ થાપનનું પોલીસ કસ્ટડીમાં મોત થયેલું. અનુજ થાપને આપઘાત કરી લીધો હતો એવો પોલીસનો દાવો છે પણ લોરેન્સ ગેંગ આ વાત સ્વીકારવા તૈયાર નથી. લોરેન્સ બિશ્નોઈએ એલાન કર્યું છે કે, પોતે સલમાન ખાન સામે જંગ કરવા નહોતો માગતો પણ સલમાને વિકલ્પ છોડ્યો નથી તેથી હવે જંગ થશે. બાબા સિદ્દીકીની હત્યા દાઉદ ઈબ્રાહીમ સાથેના સંબંધોના કારણે થઈ છે અને દાઉદ સાથે સંબંધ ધરાવતી દરેક વ્યક્તિ હવે મરશે.

મુંબઈ પોલીસ લોરેન્સ બિશ્નોઈની ચેલેન્જ સામે શું કરી શકે છે એ સવાલ છે કેમ કે લોરેન્સ નાનો ટપોરી નથી પણ મોટો ગેંગસ્ટર છે. મુબઈના અંડરવર્લ્ડમાં વરસોથી દાઉદ ઈબ્રાહીમની ગેંગનું વર્ચસ્વ છે. વચ્ચે વચ્ચે ઘણા ગેંગસ્ટર આવી ગયા પણ દાઉદનો દબદબો યથાવત છે. ધનિકો પાસેથી ખંડણી ઉઘરાવવાથી માંડીને તમામ પ્રકારના ગેરકાયદેસર ધંધામાં હજુય મુંબઈમાં દાઉદનું વર્ચસ્વ છે. લોરેન્સ બિશ્નોઈએ એ વર્ચસ્વને ખતમ કરવાની ચેલેન્જ આપી છે તેના કારણે મુંબઈમાં કાયદો અને વ્યવસ્થાના નવા પ્રશ્નો ઊભા થશે.

લોરેન્સ બિશ્નોઈ ગેંગ દેશભરમાં મોટા મોટા અપરાધો કરી રહી છે અને તેનું નેટવર્ક ભારતમાં જ નહીં પણ વિદેશમાં પણ છે. આતંકવાદ સામે લડતી નેશનલ એજન્સી એનઆઈએ જે રીતે દાઉદ ઈબ્રાહીમની પાછળ પડેલી છે એ જ રીતે એનઆઈએ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને તેની ગેંગ સામે સતત કાર્યવાહી કરી રહ્યું છે. એનઆઇએ એ ટેરર કેસમાં લોરેન્સ બિશ્નોઈ સામે જે ચાર્જશીટ મૂકી છે એ પ્રમાણે, લોરેન્સ બિશ્નોઈ અને તેની આતંકવાદી સિન્ડિકેટ ખૂબ જ ઝડપથી વિસ્તરી રહી છે.

એનઆઈએએ પોતાની ચાર્જશીટમાં કહ્યું છે કે, લોરેન્સ બિશ્નોઈ ગેંગમાં ૧૦૦-૨૦૦ નહીં પણ ૭૦૦ શૂટર્સ છે. જેમાંથી ૩૦૦ તો માત્ર પંજાબમાં જ છે. પોતાની ગેંગના પ્રચાર કરવા માટે લોરેન્સ બિશ્નોઈ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને ફેસબુકની મદદ લે છે તેના કારણે લબરમૂછિયા છોકરા પણ લોરેન્સ બિશ્નોઈને હીરો માને છે અને તેના માટે કામ કરવા તૈયાર હોય છે. આ છોકરાઓની મદદથી બિશ્નોઈ જેલમાં બેઠાં બેઠાં પોતાનું નેટવર્ક ચલાવે છે. બિશ્નોઈ ગેંગ ખંડણીખોરીનું જબરદસ્ત નેટવર્ક ચલાવે છે ને આ પૈસા હવાલાના માધ્યમથી વિદેશમાં પહોંચાડવામાં આવે છે.

બિશ્નોઈ ગેંગનું સામ્રાજ્ય પહેલા પંજાબ સુધી જ સીમિત હતું પણ ધીરે-ધીરે બિશ્નોઈએ તેને વિસ્તારવાનું શરૂ કરી દીધું. બિશ્નોઈએ ગોલ્ડી બ્રાર સાથે હાથ મિલાવીને એક મોટી ગેંગ ઊભી કરી દીધી. આ કારણે બિશ્નોઈ ગેંગનું નેટવર્ક માત્ર પંજાબ જ નહીં પરંતુ ઉત્તર પ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર, દિલ્હી, રાજસ્થાન અને ઝારખંડ સુધી વિસ્તરી ચૂક્યું છે. આ રાજ્યોમાંથી શૂટર્સને મોકલીને બિશ્નોઈ પોતાનાં કામ કરાવે છે તેથી તેને અંકુશમાં રાખવો અઘરો છે. મુંબઈ પોલીસ માટે આ ગેંગ મોટો પડકાર બની શકે છે.

કેટલાક લોકો માને છે કે, લોરેન્સ બિશ્નોઈ એનઆઈએનું જ પ્યાદું છે અને તેના ઈશારે જ દાઉદ ઈબ્રાહીમ ગેંગનો ખાતમો કરવા મેદાનમાં આવ્યો છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગનું નેટવર્ક રશિયા, અમેરિકા, પોર્ટુગલ, યુએઇ અને અજરબૈજાન સુધી ફેલાયેલું છે. તેનો ઉપયોગ એનઆઈએ કરી રહ્યું છે. આ વાત સાચી છે કે નહીં એ ખબર નથી પણ એવું હોય તો મુંબઈ પોલીસ માટે તો વધારે મોટી ચેલેન્જ છે કેમ કે દાઉદ ઈબ્રાહીમનું નેટવર્ક મુંબઈમાં પણ ફેલાયેલું છે. મુંબઈમાં જ તેના સૌથી વધારે માણસો છે એ જોતાં લોરેન્સનું પહેલું ટાર્ગેટ તો મુંબઈ જ હશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), મંગળવાર, તા. ૧૫-૧૦-૨૦૨૪, ભૌમ પ્રદોષ, પંચક

- ભારતીય દિનાંક ૨૩, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ -૧૩
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૨મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા રાત્રે ક. ૨૨-૦૮ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા.
- ચંદ્ર કુંભમાં સાંજે ક. ૧૬-૪૮ સુધી, પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૩ અમદાવાદ ક. ૦૬ મિ. ૩૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૦૪-૨૪, રાત્રે ક. ૨૨-૩૪
- ઓટઃ સાંજે ક. ૧૬-૧૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૩ (તા. ૧૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન શુક્લ - ત્રયોદશી. ભૌમ પ્રદોષ, પંચક, સૂર્ય મહાનક્ષત્ર ચિત્રામાં, વાહન મહિષી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ભૌમ પ્રદોષ ઉપવાસ, શિવ-પાર્વતી પૂજા, રુદ્રાભિષેક પૂજા, શિવભક્તિ, કીર્તન, ભજન, રાત્રિ જાગરણ, મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન અજૈક્યપાદદેવતાનું પૂજન, આંબો વાવવો, આંબાનું વૃક્ષ વાવવું, પશુ લે-વેંચના કામકાજ, ખેતીવાડી, વિદ્યારંભ, ઉગ્ર આત્મવિશ્વાસપૂર્વકના નિર્ણય લેવા. દલીલો, વાટાઘાટો કરવી.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ પૈસાનો વેડફાટ, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી, ચંદ્ર-નેપ્ચૂન યુતિ સ્વપનદષ્ટા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ,
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-તુલા, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# મણિપુર હિંસાઃ આજે કેન્દ્રની મૈતેઈ, કૂકી, નાગાના વિધાનસભ્યો સાથે બેઠક

મણિપુરઃ કેન્દ્રનું ગૃહખાતું હિંસાગ્રસ્ત મણીપુરમાં ફરી શાંતિ સ્થાપવા મંગળવારે મૈતેઈ , કૂકી, નાગા જાતિના વિધાનસભ્યો સાથે બેઠક યોજશે. નાગા જાતિના ત્રણ વિધાનસભ્ય આ બેઠકમાં ભાગ લેશે. જોકે એટલી જ સંખ્યામાં મૈતેઈ, કૂકી જાતિના વિધાનસભ્ય બેઠકમાં ભાગ લેશે કે નહીં એ સ્પષ્ટ થઈ શક્યું નહોતું.

ગૃહ પ્રધાન અમિત શાહ પણ આ બેઠકમાં હાજરી આપે એવી શક્યતા છે.

એક અહેવાલ મુજબ મૈતેઈ જાતિના વિધાનસભ્યો (તમામ ભાજપના) દિલ્હી જવા રવાના થઈ ગયા છે તો બાકીના મંગળવારે રવાના થશે.

હિંસાગ્રસ્ત મણિપુરમાં શાાંતિ સ્થાપવાના ગૃહખાતાના પગલાંને મણીપુરના અમુક વિધાનસભ્યોએ આવકાર્યું હતું.

આ બેઠકનો એજન્ડા શું છે એ અમે નથી જાણતા, પરંતુ પહેલા દિવસથી જ અમે આ વિસ્તારમાં શાંતિ સ્થપાય તેની સંભાવનાઓ અંગે વિચારવા લાગ્યા હતા, એમ નાગા જાતિના પ્રધાન અવાન્ગબો નેમાઈએ કહ્યું હતું.

શાંતિ સ્થાપવાની પ્રક્રિયામાં જ્યાં સુધી તમામ સમુદાયના પ્રતિનિધિનો ન જોડાય ત્યાં સુધી આ વિસ્તારમાં શાંતિ સ્થાપવી મુશ્કેલ હોવાનું નાગા સમુદાયના વિધાનસભ્ય એલ. ડિખોએ કહ્યું હતું. ગયા વર્ષના મે મહિનામાં મણિપુરમાં મૈતેઈ અને કૂકી જાતિના લોકો વચ્ચે વંશીય હિંસા ફાટી નીકળ્યા બાદ આ પ્રકારની પ્રથમ બેઠક હશે.

આ હિંસામાં ૨૫૦ કરતાં વધુનાં મોત થયા હોવા ઉપરાંત ૬૦,૦૦૦ કરતાં પણ વધુ લોકોને સ્થળાંતર કરી જવાની ફરજ પડી હતી. (એજન્સી) ■

# આંધ્ર પ્રદેશમાં ૧૪થી ૧૭ ઑક્ટોબર દરમિયાન ભારે વરસાદની આગાહી

નવી દિલ્હીઃ બંગાળના અખાતમાં સોમવારે નિર્માણ પામેલા હવાનાં હળવાં દબાણનાં પટ્ટાને કારણે ૧૪થી ૧૭ ઑક્ટોબર દરમિયાન આંધ્ર પ્રદેશના અમુક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે.

આંધ્ર પ્રદેશના દક્ષિણ કિનારા વિસ્તાર અને રાયલાસીમા વિસ્તારમાં સોમવારથી ગુરુવાર દરમિયાન ભારેથી અતિભારે વરસાદની તો ત્યાર પછીના ચાર દિવસ આંધ્ર પ્રદેશના ઉત્તર કિનારા, યનમ અને રાયલસીમા વિસ્તારમાં વાદળોના ગડગડાટ અને વીજળી સાથે ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. આગાહી મુજબ અસરગ્રસ્ત વિસ્તારમાં ૬૦ કિ.મી. પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાશે.

દરમિયાન, મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુએ જિલ્લા કલેક્ટર, અધિકારીઓ અને પ્રધાનો સાથે ટેલિકૉન્ફરન્સ યોજી પરિસ્થિતિને પહોંચી વળવાની તૈયારી અંગે ચર્ચાવિચારણા કરી હતી.

મોબાઈલ ફોન સહિતના સોશિયલ મીડિયાના અન્ય માધ્યમ મારફતે લોકોને મૅસેજ પાઠવી સાવધાન રહેવા જણાવી દેવામાં આવ્યું છે.

પરિસ્થિતિને પહોંચી વળવા તેમ જ કોઈ જાનહાનિ કે માલહાનિ ન થાય તે માટે સાવધ રહેવાનો અને ઠેરઠેર કંટ્રોલરૂમ ઊભા કરવાનો વહીવટીતંત્રને આદેશ આપી દેવામાં આવ્યો છે.

નેલોર અને તિરુપતિ જિલ્લામાં એનડીઆરએફ અને એસડીઆરએફની ટુકડીઓને તૈયાર રાખવામાં આવી છે તેમ જ સંબંધિત તમામ વિભાગોને સાવધ રહેવા જણાવી દેવામાં આવ્યું છે.

માછીમારી કરવા સમુદ્રમાં ગયેલા માછીમારોને પાછા આવી જવા જણાવી દેવામાં આવ્યું હોવા ઉપરાંત જે રસ્તાઓ પર પાણી ભરાઈ શકે તેવી શક્યતા હોય તેવા રસ્તાઓને બ્લૉક કરી દેવામાં આવ્યા છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# ઢાકામાં મૂર્તિ વિસર્જન કરવા મુદ્દે હિંદુ સમુદાય અને પોલીસ વચ્ચે ઘર્ષણ, ત્રણ ઘાયલ

ઢાકાઃ બાંગ્લાદેશમાં જૂના ઢાકા વિસ્તારમાં દુર્ગા પૂજાના સમાપન બાદ મૂર્તિઓનું વિસર્જન કરવા જઇ રહેલા હિંદુ સમુદાયના લોકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમાં ત્રણ લોકો ઘાયલ થયા હોવાનું એક મીડિયા અહેવાલમાં જણાવાયું હતું. ડેઇલી સ્ટાર અખબારે એક પ્રત્યક્ષદર્શીને ટાંકીને જણાવ્યું હતું કે જૂના ઢાકાના પટુઆતુલી વિસ્તારમાં નૂર સુપર માર્કેટની છત પરથી કેટલાક બદમાશોએ રવિવારે મોડી રાત્રે બુરિગંગા નદીમાં મૂર્તિ વિસર્જન કરવા જઇ રહેલા લોકો પર ઇંટો ફેંકી હતી. જેમાં એક પોલીસ અધિકારી સહિત ત્રણ લોકો ઘાયલ થયા હતા. હુમલા બાદ હિંદુ સમુદાયના લોકોએ બજારમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો, પરંતુ પોલીસના પ્રતિકારનો સામનો કરવો પડ્યો હતો. કોતવાલી પોલીસ સ્ટેશનના પ્રભારી મોહમ્મદ ઇનામુલ હસને અખબારને જણાવ્યું હતું કે સ્થાનિક લોકોએ બજારમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. બજારની સુરક્ષા માટે અમે તેમને અંદર પ્રવેશતા અટકાવ્યા હતા, જેના લીધે ઘર્ષણ થયું હતું. અધિકારીએ વધુમાં જણાવ્યું કે પરિસ્થિતિ પર કાબૂ મેળવવામાં અસમર્થ સાબિત થતા સેનાને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ સેનાએ આવીને ભીડને વિખેરી હતી. હવે પરિસ્થિતિ મોટાભાગે નિયંત્રણમાં છે. ■

# છત્તીસગઢમાં ગુનેગારે પોલીસ પરિવારના સભ્યોની હત્યા કર્યા બાદ ટોળાંનો એસડીએમ પર હુમલો

છત્તીસગઢઃ છત્તીસગઢમાં ગુનેગારે પોલીસ પરિવારના સભ્યોની હત્યા કરી ચાર કિ.મી. દૂર તેમનાં મૃતદેહ ફેંકી દીધાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ ટોળાંએ સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ (એસડીએમ) પર હુમલો કર્યો હતો.

વાહનથી કચડી નાખવાના નિષ્ફળ પ્રયાસ બાદ ગુનેગારે હેડ કોન્સ્ટેબલ તાલિબ શેખની પત્ની મેહનાઝ (૩૫) તેમ જ પુત્રી આલિયા (૧૧)ની તીક્ષ્ણ હથિયાર વડે હત્યા કરી હતી.

આ બંનેના મૃતદેહ તેમના નિવાસસ્થાનથી ચાર કિ.મી.ના અંતરે આવેલા કોતવાલી પોલીસ સ્ટેશનના અધિકાર ક્ષેત્ર હેઠળ આવતા પિઢા ગામની ભાગોળેથી મળી આવ્યા હતા.

આરોપી કુલદીપ શાહુએ રવિવારે રાત્રે દુર્ગા વિસર્જન પર દેખરેખ રાખવા ગોઠવવામાં આવેલા એક કોન્સ્ટેબલ પર ગરમ તેલ નાખ્યા બાદ આ શ્રેણીબદ્ધ કરુણાંતિકાનો આરંભ થયો હતો.

ગરમ તેલથી કરેલા હુમલાને મામલે શેખ અને અન્ય પોલીસો આરોપીની ધરપકડ કરવા ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે આરોપીએ શેખને ચાર ચાકી વાહનથી કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ શેખ બચી જવા પામ્યો હતો. શેખ ફરજ પરથી ઘરે પહોંચ્યો ત્યારે તેણે તેનાં ઘરનો દરવાજો તૂટેલો તેમ જ તેની પત્ની અને પુત્રી ગુમ હોવાનું જોયું હતું.

ઘરમાં લોહીના ડાઘા જોયા બાદ તેણે પોલીસને જાણ કરી હતી. શેખની પત્ની અને પુત્રીને શોધવાની ઝુંબેશ તરત આરંભી દેવામાં આવી હતી.

એક અહેવાલ મુજબ બંનેના મૃતદેહ મળી આવ્યા હતા અને તીક્ષ્ણ હથિયાર વડે તેમની હત્યા કરવામાં આવી હોવાનું જણાઈ આવ્યું હતું.

શાહુને શોધવાની કાર્યવાહીના ભાગરૂપ પોલીસે રવિવારે રાતથી જ તમામ વાહનોનું ચેકિંગ કરવાનું શરૂ કરી દીધું હતું.

દરમિયાન, બેવડી હત્યાના સમાચાર સમગ્ર વિસ્તારમાં પ્રસરી જતાં રોષે ભરાયેલા લોકોએ શાહુના ઘરમાં તોડફોડ કરીને આગ ચાંપી હતી.

ટોળાંને અંકુશમાં લેવા ઘટનાસ્થળે પહોંચેલા સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ (એસડીએમ) પર ટોળાંએ હુમલો કર્યો હોવાનું ઘટનાના વીડિયોમાં જોવા મળ્યું હતું. (એજન્સી) ■

# ટ્રમ્પની રેલી નજીકથી એક સશસ્ત્ર શંકાસ્પદની ધરપકડ

લૉસ ઍન્જલસઃ દક્ષિણ કેલિફૉર્નિયામાં શનિવારે રાત્રે ડૉનાલ્ડ ટ્રમ્પની રેલીના સ્થળની બહારના ચૅક પૉઈન્ટ પાસેથી એક શંકાસ્પદની શસ્ત્રો સહિત ધરપકડ કરવામાં આવી હતી.

ધરપકડ કરાયેલ વ્યક્તિ પાસેથી શૉટગન, લૉડેડ હૅન્ડગન, દારૂગોળો અને અનેક બનાવટી પાસપોર્ટ, જુદા જુદા નામ સાથેના ડ્રાઈવિંગ લાઈસન્સ સહિતની વસ્તુઓ કબજે કરવામાં આવી હતી.

૪૯ વર્ષનો આ શંકાસ્પદ શખસ લાસ વૅગાસનો રહેવાસી છે. આ શખસ ઘરે બનાવેલી લાઈસન્સ પ્લેટ ધરાવતી કાળા રંગની અનરજિસ્ટર્ડ એસયુવી કાર ચલાવી રહ્યો હતો.

ટ્રમ્પની રેલીના આસપાસના સ્થળે ગોઠવવામાં આવેલા સુરક્ષા દળના જવાનોએ આ શખસની કાર રોકી હતી.

આ શખસની કારમાંથી મળી આવેલી વસ્તુઓમાં શૉટગન, લૉડેડ હૅન્ડગન, દારૂગોળો અને અનેક બનાવટી પાસપોર્ટ, જુદા જુદા નામ સાથેના ડ્રાઈવિંગ લાઈસન્સ વગેરેનો સમાવેશ થતો હતો.

ડ્રાઈવરે પોતે પત્રકાર હોવાનો દાવો કર્યો હતો, પરંતુ તેની પાસે યોગ્ય ઓળખપત્ર હતું કે નહીં તે સ્પષ્ટ થઈ શક્યું નહોતું. જોકે આ ઘટનાની ટ્રમ્પની સુરક્ષા પર કોઈ અસર નહોતી થઈ. જે સમયે આ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી તે સમયે ટ્રમ્પ રેલીના સ્થળે હાજર નહોતા. ધરપકડ કરાયેલ શખસને બે જાન્યુઆરી ૨૦૨૫ના રોજ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

### મુંબઈમાં પ્રવેશનારા

અથવા માલસામાનના વહન માટે રચાયેલ છે. આ શ્રેણીનાં વાહનોમાં કાર (હેચબેક, સેડાન અને એસયુવી), જીપ, વાન, ઓટો-રિક્ષા, ટેક્સી, ડિલિવરી વાન અને નાની ટ્રકોનો સમાવેશ થાય છે. દરરોજ છ લાખથી વધુ વાહનો મુંબઈ ક્રોસ કરે છે, જેમાંથી ૮૦ ટકા હળવાં મોટર વાહનો છે.

કેબિનેટની બેઠક દરમિયાન આ જાહેરાત કરતાં એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે આ 'માસ્ટરસ્ટ્રોક' પગલાંથી સમય, ઇંધણની બચત થશે અને પ્રદૂષણમાં ઘટાડો થશે.

'મુંબઈના એન્ટ્રી પોઈન્ટ પર ટોલ માફ કરવાની લાંબા સમયથી પડતર માગણી હતી. મારા સહિત ઘણા કાર્યકરોએ આ જ માગણી સાથે કોર્ટનો સંપર્ક કર્યો હતો. જેમ આપણે લાડકી બહેન, લાડકા ભાઈ અને લાડકા ખેડૂતોને રાહત આપી છે, તેવી જ રીતે હવે અમે લાડકા પ્રવાસીઓને માટે યોજના લાગુ કરી છે. તે એક માસ્ટરસ્ટ્રોક નિર્ણય છે,' એમ તેમણે કહ્યું હતું. મુખ્ય પ્રધાને વિપક્ષના એવા દાવાઓને પણ નકારી કાઢ્યા કે આગામી વિધાનસભાની ચૂંટણીઓને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે અને કહ્યું કે આ કાયમી ઉપાય છે. શિવસેના (યુબીટી) પર પ્રહાર કરતા એકનાથ શિંદેએ કહ્યું હતું કે, જે લોકો માત્ર 'ટોલ વસૂલ' કરે છે તેઓ હવે અમને નિશાન બનાવી રહ્યા છે. તેઓ હંમેશાં 'લેના બેંક' રહ્યા છે જ્યારે અમે 'દેના બેંક' છીએ.મહારાષ્ટ્રના પ્રધાન દાદાજી ભુસેએ જણાવ્યું હતું કે મુંબઈના પાંચ ટોલ બૂથમાંથી કોઈપણમાં પ્રવેશતા હળવા મોટર વાહનો માટે રૂ. ૪૫ અને રૂ. ૭૫ વસૂલવામાં આવતા હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે ૭૦,૦૦૦ વાહનો ભારે વાહનો હતાં જે મુંબઈ જતાં અને આવતાં હતાં. ભારે વાહનોને તેમના કુલ વાહન વજન ૭,૫૦૦ કિગ્રાથી વધુના આધારે વર્ગીકૃત કરવામાં આવે છે અને તેમાં ટ્રક, ટ્રેલર, ટેન્કર અને અન્ય માલવાહક વાહનોનો સમાવેશ થાય છે. ગયા વર્ષે, મહારાષ્ટ્ર સરકારે ટોલ ટેક્સની વસૂલાતને વધુ ત્રણ વર્ષ સુધી એટલે કે ૨૦૨૭ સુધી લંબાવી હતી અને તેમાંથી આશરે રૂ. ૧૧,૦૦૦ કરોડની આવકની અપેક્ષા રાખવામાં આવી રહી હતી. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના અને શિવસેનાના કેટલાક નેતાઓ (બંને ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે જૂથો) મુંબઈના તમામ બૂથ પર ટોલ માફીની માગ કરી રહ્યા હતા. તાજેતરમાં શિવસેના (યુબીટી) નેતા અને ભૂતપૂર્વ પ્રધાન આદિત્ય ઠાકરેએ પણ મુંબઈના તમામ પ્રવેશ સ્થળો પર ટોલ માફીની માગ કરી હતી. ■

### ડૅરેન ઍસ્મૉગ્લુ

ખાતે તો જૅમ્સ રૉબિન્સન યુનિવર્સિટી ઑફ શિકાગો ખાતે સંશોધનનું કામ કરે છે. વિવિધ દેશોની આવકના તફાવતને ઘટાડવો એ વર્તમાન સમયનો સૌથી મોટો પડકાર છે. આ લક્ષ્યને પામવા તેમણે સમાજ અને સંસ્થાઓનાં યોગદાનનું મહત્ત્વ સમજાવ્યું હતું, એમ ઈકોનોમિક સાયન્સિસ માટેની પારિતોષિક કમિટીના અધ્યક્ષ જૅકબ સ્વૅન્સને કહ્યું હતું. અમારું સંશોધન અમુક દેશો સમૃદ્ધ થવામાં કેમ સફળ થયા અને અમુક દેશો કેમ નિષ્ફળ ગયા તેનાં મૂળ કારણો વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે, એમ તેમણે કહ્યું હતું. ઍવૉર્ડ માટે ઍથૅન્સ અને ગ્રીસે મારો સંપર્ક સાધ્યો તે બદલ મેં આશ્ચર્ય અને આઘાતની લાગણી અનુભવી હતી એમ જણાવતાં ડૅરેન ઍસ્મૉગ્લુએ કહ્યું હતું કે મેં ક્યારેય આવી કલ્પના પણ નહોતી કરી. આલ્ફ્રેડ નૉબેલની યાદમાં અર્થશાસ્ત્ર માટે આપવામાં આવતું આ પારિતોષિક અગાઉ ઔપચારિક રીતે બૅન્ક ઑફ સ્વિડન પ્રાઈસ તરીકે જાણીતું હતું. વિસ્ફોટકોની શોધ કરનાર ૧૯મી સદીના બિઝનેસમેન અને રસાયણશાસ્ત્રી આલ્ફ્રેડ નૉબેલની યાદમાં આ પારિતોષિક આપવામાં આવે છે. (એજન્સી) ■

### પાકિસ્તાનમાં એસસીઓની

વડા પ્રધાન સહિત અન્ય દેશો અર્થતંત્ર, વેપાર અને પર્યાવરણમાં ચાલી રહેલા સહકાર અંગે ચર્ચા કરવા માટે અહીં શાંઘાઇ કોઓપરેશન સંગઠન(એસસીઓ)ના સરકારના વડાઓની બે દિવસીય ૨૩મી કાઉન્સિલની(સીએચજી) બેઠકમાં ભાગ લઇ રહ્યા છે. સીએચજીની બેઠકમાં અર્થતંત્ર, વેપાર, પર્યાવરણ, સામાજિક-સાંસ્કૃતિક સંબંધોનાં ક્ષેત્રોમાં ચાલી રહેલા સહકાર અંગે ચર્ચા કરવામાં આવશે અને સંગઠનની કામગીરીની સમીક્ષા કરવામાં આવશે. નેતાઓ એસસીઓ સભ્ય દેશો વચ્ચે સહયોગને વધુ મજબૂત કરવા માટે મહત્ત્વપૂર્ણ સંગઠનાત્મક નિર્ણય લેશે અને સંગઠનનાં બજેટને મંજૂરી આપશે. ■

### ખાદ્ય ચીજોના ભાવ

રહ્યો હોવાનું એક સરકારી આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

અકંદરે ગત સપ્ટેમ્બર મહિનામાં ખાસ કરીને શાકભાજીનો ફુગાવો જે આગલા ઑગસ્ટમાં ૧૦.૦૧ ટકા ઘટ્યો હતો તેની સામે ૪૮.૭૩ ટકા વધતાં ઑગસ્ટ મહિનાના ખાદ્ય ચીજોના ભાવમાં ૧૧.૫૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો, જ્યારે ઑગસ્ટ મહિનામાં ૩.૧૧ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. વધુમાં ગત સપ્ટેમ્બર મહિનામાં કાંદા-બટાટાનો ફુગાવો ૭૮.૧૩ ટકા (૭૮.૮૨ ટકા)ના સ્તરે અને ઈંધણ તથા પાવર ક્ષેત્રે ડિફ્લેશન ૪.૦૫ ટકા (૦.૬૭ ટકા)ના સ્તરે રહ્યો હતો.

ગત સપ્ટેમ્બર મહિનામાં ફુગાવામાં વૃદ્ધિ મુખ્યત્વે ખાદ્ય ચીજો, ખાદ્ય ઉત્પાદનો અને અન્ય ઉત્પાદનોનાં ભાવમાં થયેલા વધારા ઉપરાંત મોટર વેહિકલ, ટ્રેઈલર અને સેમી ટ્રેઈલર, મશીનરી અને ઈક્વિપમેન્ટના ભાવમાં થયેલા વધારાને આભારી હોવાનું વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું છે.

સામાન્યપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા નાણાનીતિના ઘડતર માટે રિટેલ ફુગાવાને ધ્યાનમાં લેતી હોય છે. જોકે, આ મહિનાની નાણાનીતિની સમીક્ષાની બેઠકમાં રિઝર્વ બૅન્કે બૅન્ચમાર્ક વ્યાજદર અથવા તો રિપો રેટ ૬.૫ ટકાના સ્તરે યથાવત્ રાખ્યા હતા. ■

### નિજ્જર વિવાદઃ કેનેડાસ્થિત

તદ્દન વાહિયાત, પાયાવિહોણું અને અસ્વીકાર્ય હોવાનું તેમને જણાવવામાં આવ્યું હતું.

ગૃહખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે આતંકવાદ અને હિંસાના માહોલમાં ટ્રૂડો સરકાર દ્વારા લેવામાં આવેલું આ પગલું કેનેડાસ્થિત ભારતીય હાઈકમિશન, અન્ય રાજદૂતો અને અધિકારીઓની સુરક્ષા સામે જોખમ ઊભું કરે તેવું છે.

કેનેડાની વુર્તમાન સરકાર પર અમને બિલકુલ ભરોસો નથી, એમ ગૃહખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

ભારતમાં આતંકવાદ, હિંસા અને અલગતાવાદને ટેકો આપતી ટ્રૂડો સરકારને વિરુદ્ધ પગલાં લેવાનો અધિકાર ભારત અનામત રાખે છે એવો સંદેશો પણ તેમને આપવામાં આવ્યો હોવાનું નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

### માસ્ટર માઈન્ડ

મહાકાલ હતો, જે પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યામાં સંડોવાયેલો હતો અને તેની ધરપકડ પણ કરાઇ હતી.

દરમિયાન બિશ્નોઇ ગેન્ગ સાથે સંકળાયેલા પુણેના શુભમ લોણકરે બાબા સિદ્દીની હત્યાનું કાવતરું ઘડ્યું હતું અને તેના ભાઇ પ્રવીણ સાથે અમલ કરાવ્યો હતો. બાબા સિદ્દીકીની હત્યા માટે શૂટરોને સુપારી આપવામાં આવી હતી.

સિદ્દીકીની હત્યામાં સંડોવાયેલા આરોપીઓમાંથી ધર્મરાજ કશ્યપ અને ગુરમેલ સિંહની ધરપકડ કરાઇ હતી, જ્યારે શિવકુમાર ગૌતમ અને જીશાન અખ્તર ફરાર છે. આરોપીઓને પકડવા માટે પોલીસની પંદર ટીમ તૈયાર કરવામાં આવી છે અને આ ટીમને હરિયાણા, પુણે, દિલ્હી અને ઉજ્જૈન રવાના કરાઇ છે. ■

# અંકલેશ્વરમાં ફેક્ટરીમાંથી ₹ ૫ હજાર કરોડથી વધુનું કોકેઇન પકડાયુંઃ પાંચની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી ડ્રગ્સ પકડાવાનો સિલસિલો યથાવત રહે છે પરંતુ હવે દક્ષિણ અને મધ્ય ગુજરાત સુધી ડ્રગ્સના સપ્લાયની ચેઇન ચાલી રહી હોવાનો પર્દાફાસ થયો છે. દિલ્હી અને ગુજરાત પોલીસે ભરુચના અંકલેશ્વરમાં રવિવારે મોડી રાત્રે આવકાર ફાર્મા કંપનીમાં દરોડા પાડીને અંદાજે રૂપિયા ૫૦૦૦ કરોડનું ૫૧૮ કિલોગ્રામ કોકેઈન અને ૪૦ કિલો અન્ય હાઈડ્રોપોનિક ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. આ કેસમાં કંપનીના ત્રણ ડાયરેક્ટરો સહિત પાંચ જણની ધરપકડ કરવામાં આવી છે.

દિલ્હી અને ગુજરાત પોલીસે ચોક્કસ માહિતીની આધારે દરોડો પાડીને કરોડો રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યા બાદ કંપનીના ત્રણ ડાયરેક્ટર અશ્વિન રામાણી, વિજય ભેસાણિયા, બ્રિજેશ કોથિયા સહિત ૫ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. બીજી તરફ અંકલેશ્વરમાંથી ડ્રગ્સ ઝડપાતા સ્થાનિક તંત્ર પણ દોડતું થયું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગત ૧૦મી ઓક્ટોબરે દિલ્હીના રમેશનગરમાં પકડાયેલા ડ્રગ્સ કેસમાં તપાસ કરતા ભરુચ જિલ્લાના અંકલેશ્વરમાં આવેલી એક ફેક્ટરીમાં ડ્રગ્સ સપ્લાય થતું હોવાનું ખૂલ્યું હતું. દિલ્હી પોલીસની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ તમામ માદક દ્રવ્ય ફાર્મા સોલ્યુશન સર્વિસ નામની કંપનીનું છે અને આ નશીલા પદાર્થ ગુજરાતના અંકલેશ્વરની આવકાર ડ્રગ્સ લિમિટેડ કંપનીમાંથી આવ્યો હતો. તપાસ એજન્સીઓના જણાવ્યા અનુસાર, આ સમગ્ર કેસમાં અત્યાર સુધીમાં કુલ ૧૨૮૯ કિલો કોકેઇન અને ૪૦ કિલો હાઈડ્રોપોનિક થાઈ ગાંજો મળી આવ્યો છે, જેની કુલ કિંમત ૧૩૦૦૦ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાંચ મહિના પહેલાં અરબી સમુદ્રમાં ડ્રગ્સની હેરાફેરીનો સુરક્ષા એજન્સી દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ૮મી એપ્રિલના રોજ અરબી સમુદ્રમાંથી ૧૪ જેટલા પાકિસ્તાની શખ્સની બોટમાંથી ૮૬ કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો, જેની બજાર કિંમત રૂ. ૬૦૦ કરોડ જેવી હતી. ત્યાં કોસ્ટગાર્ડ, એટીએસ અને એનસીબી દ્વારા વધુ એક સફળ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં અરબી સમુદ્રમાંથી પસાર થતી એક ભારતીય બોટને શંકાના આધારે રોકીને એની તલાશી લેતાં એમાંથી ૧૭૩ કિલો ડ્રગ્સનો જથ્થો મળ્યો હતો.

દરમિયાન સ્થાનિક કૉંગ્રેસ અગ્રણી મુમતાઝ પટેલે કહ્યું કે કોની સાઠગાંઠથી નશાનો કારોબાર ચાલે છે? ભરુચમાં યુવાનો નશામાં ધૂત થઈ રહ્યા છે. ઈન્ડસ્ટ્રીયલ ટાઉનમાં ડ્રગ્સનું ઉત્પાદન થાય છે. દેશમાંથી ઝડપાયેલા ડ્રગ્સમાં ૩૦ ટકા હિસ્સો ગુજરાતનો છે. ડ્રગ્સની બીમારી સમાજને બરબાદ કરે છે. ■

# ગુજરાતમાં આસોમાં અષાઢી અંબરઃ વરસાદ યથાવત, વીજળી પડતા ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં નવરાત્રિના છેલ્લા દિવસોમાં વરસાદની રિ એન્ટ્રી થયા બાદ સતત વરસાદ ચાલુ રહ્યો હતો. ૧૦૦ થી વધુ તાલુકાઓમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યા બાદ આજે સોમવારે પણ અમરેલી, જૂનાગઢ, જામનગર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર અને ડાંગ સહિતના જિલ્લાઓમાં વરસાદ વરસ્યો હતો. બીજી બાજુ ભરુચમાં વીજળી પડતા ત્રણ લોકોનાં મોત થયાં હતા. સોમવારે દિવસ દરમિયાન પણ રાજ્યના અનેક તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો તેમજ ગાંધીનગર અને અમદાવાદમાં પણ છૂટાછવાયાં ઝાપટાં વરસ્યાં હતા.

ભરુચમાં પાલેજના પાદરિયા ગામની સીમમાં વરસતા વરસાદમાં ભીંજાવાથી બચવા લોકો વડના ઝાડ નીચે ઉભા રહી ગયા હતા ત્યારે અચાનક વીજળી પડતા જ ઝાડ નીચે ઊભેલા લોકો અંદાજિત આઠ જેટલા લોકો ત્યાં ઢળી પડ્યા હતા. જેમાં ત્રણ લોકોના મોત નિપજ્યા હતા જ્યારે અન્ય બે ઘાયલ થયાં હતા. મૃતકોમાં હબીબ અકબરભાઈ મલેક અને તેમનો પુત્ર શકીલ હબીબભાઈ મલેક અને ત્રીજા મનીષ સુરેશભાઈ વસાવાનો સમાવેશ થાય છે જ્યારે બે લોકોને ગંભીર હાલતમાં સારવાર હેઠળ દાખલ કરાયા છે. આ ઘટનાની જાણ થતાં જ પાલેજ પીઆઈ આર. એમ. વસાવા પોતાની ટીમ સાથે સ્થળ પર પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજ્યમાં ભાદરવાની વિદાય બાદ આસો મહિનાની શરૂઆતથી વરસાદ ચાલુ રહ્યો હતો તેમજ આસો મહિનામાં અષાઢી માહોલ જોવા મળ્યો હતો. અમદાવાદ, ગાંધીનગર, પંચમહાલ અને રાજકોટ , જૂનાગઢ સહિતના જિલ્લાઓમાં વરસાદ વરસ્યો હતો. સોમવારે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૯ જિલ્લાના ૧૩૧ તાલુકામાં વરસાદે હાજરી પુરાવી હતી. જેમાં સૌથી વધુ સુરેન્દ્રનગરના દસાડામાં ત્રણ ઈંચ નોંધાયો હતો. ભરુચના પાદરિયા ગામમાં વીજળી પડતા પિતા-પુત્ર સહિત ત્રણ લોકોનાં મોત નિપજ્યા હતા. દરમિયાન રાજ્યમાં જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બરમાં ધોધમાર વરસાદ વરસ્યા બાદ ઓક્ટોબરમાં પણ વરસાદી માહોલ છવાયેલો છે. આજદિન સુધીમાં રાજ્યમાં સરેરાશ ૧૪૦ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. સૌથી વધુ કચ્છ ઝોનમાં ૧૮૭ ટકા, સૌરાષ્ટ્ર ઝોન ૧૫૧ ટકા, દક્ષિણ ગુજરાત ઝોન ૧૪૫ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાત ઝોન ૧૩૪ ટકા અને ઉત્તર ગુજરાત ઝોન ૧૧૫ ટકા વરસાદ વરસી ચૂક્યો છે.

દરમિયાન રાજ્યમાં આગામી ૨૪ કલાકમાં વરસાદ વરસવાની આગાહી હવામાન વિભાગ તરફથી વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં અરબી સમુદ્રમાં વરસાદી સિસ્ટમ સક્રિય બનતા વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે. ■

# ગાંધીનગરની નેશનલ લૉ યુનિ.ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર નેશનલ લૉ યુનિ.ને રવિવારે મોડી રાત્રે બોમ્બથી ઉડાવવાની મેઇલ મારફતે ધમકી મળતાની સાથે સુરક્ષા એજન્સીઓ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો જોકે સવાર સુધી ચાલેલી તપાસના અંતે કંઇ વાંધાજનક મળ્યું નહોતું. ગાંધીનગર નેશનલ લૉ યુનિ.ને બોમ્બથી ઉડાવવાની ધમકી મળતાની સાથે ગાંધીનગરની પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. સુરક્ષા એજન્સીઓ એલર્ટ મોડમાં આવી ગઇ હતી અને ગાંધીનગર નેશનલ લૉ યુનિ.ને બોમ્બથી ઉડાવવાની ધમકીને લઇ તપાસનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો હતો.

ધમકી ભર્યો મેઇલ મળતાની સાથે સુરક્ષા એજન્સીઓ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. સમગ્ર મામલે તપાસમાં કંઈ પણ શંકાસ્પદ ન મળ્યું હોવાની પ્રાથમિક વિગતો મળી રહી છે. હાલ તમામ સુરક્ષા એજન્સીઓ એલર્ટ મોડમાં છે. ■

# સુરતમાં ચંડી પડવોની ઉજવણીની તૈયારીઃ ઘીથી નિતરતી ઘારીની શરદ પૂર્ણિમાએ જયાફત ઉડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની ઘારી વિશ્વ પ્રસિદ્ધ છે. દૂર-દૂરથી સ્વાદ રસિકો ઘારી ખાવા માટે સુરત આવતા હોય છે. સુરતમાં પણ અગાઉથી ઘારી બનાવવાની તૈયારી શરૂ કરી દેવામાં આવે છે. ચંડી પડવોના તહેવાર પહેલા સુરતમાં ઘારી મીઠાઈ તૈયાર કરવામાં આવી રહી છે. સુરતમાં શરદ પૂર્ણિમાના બીજા દિવસે ૧૭મી ઓક્ટોબરે ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. ચંડી પડવો દરમિયાન ઘારીની ખરીદી માટે લાંબી કતારો લાગે છે.

સુરતના ઘારી વિક્રેતાએ જણાવ્યું હતું કે, ઘારીનો ઇતિહાસ એવો છેકે, અહીં પાતાલી હનુમાન મંદિર છે, તેના મહારાજે ૧૮૫૭માં તાત્યા તોપેને બનાવીને પ્રસાદમાં આપી હતી. ત્યારે તાત્યા તોપેએ ખાધી હતી. ઘારીમાં જે સામગ્રી નાખવામાં આવે છે તેનાથી આપણી ઇમ્યુનિટીમાં વધારો થાય છે. વાતાવરણ બદલાય ત્યારે લોકો વધારે બીમાર પડતાં હોય છે. હવે શિયાળાની શરૂઆત થશે. ઘારી ખોયા અને ડ્રાયફ્રૂટમાંથી બનાવવામાં આવે છે. સુરતમાં દરેક વ્યક્તિ ઘરેથી બહાર નીકળે છે અને ચાંદને જોઇને ઘારી ખાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જેટલી ડિમાન્ડ રહે છે એ પ્રમાણે તેનું પ્રોડક્શન કરવામાં આવે છે. નવરાત્રી બાદ અમારું સૌથી વધુ ફોકસ ભુંસુ અને ઘારી પર રહે છે. તેના પ્રોડક્શન પર વધારે ધ્યાન આપીએ છીએ. અન્ય બીજી મીઠાઈ બનાવવામાં આવે છે, પરંતુ તેની માત્રા ઓછી હોય છે. અમે ગુજરાત ઉપરાંત દેશના અન્ય રાજ્યો અને વિદેશમાં પણ કુરિયર મારફત અમારી ઘારી મોકલીએ છીએ. તેનું પેકેજિંગ એ રીતે કરવામાં આવે છે કે, તેની સેલ્ફ લાઇફ વધી જાય છે.

કોઈ પણ તહેવાર નજીક આવે એટલે વેપારીઓ જે વસ્તુની માગ વધુ હોય તેનો ભાવવધારો કરી દેતા હોય છે,આ વર્ષે ઘારીના ભાવમાં રૂપિયા ૪૦ થી લઈ ૬૦ રૂપિયાનો વધારો થયો છે,ઘારીમાં પણ અલગ-અલગ પ્રકારની વેરાયટીઝ જોવા મળતી હોય છે, ઘારી એ માવા, પિસ્તા, બદામ અને ખાંડથી ભરેલી મેંદાના લોટની વાનગી છે. તેને ઘીમાં તળવામાં આવે છે અને પછી તેને સફેદ કોટ આપવા માટે ઘીમાં ડુબાડી લથપથ કરવામાં આવે છે. ■

# ગુજરાત વીજક્ષમતામાં દેશમાં પ્રથમ સ્થાનેઃ ઊર્જા પ્રધાન કનુ દેસાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં હાલમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા ૨૦૦૦ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ૭થી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી છે. ગુજરાતના ઊર્જા પ્રધાન કનુ દેસાઈએ જણાવ્યું હતું કે સરકારની જ્યોતિગ્રામ યોજના થકી ૨૪ કલાક વીજળી આપતું પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું છે. જંગલ વિસ્તારની પાસે દિવસે વીજળી આપવાની માગ હતી, ૯૦ ટકા ગામોમાં દિવસે વીજળી આપવાનું શરૂ કર્યું છે. ડિસેમ્બર સુધી ૧૦ ટકા બાકી રહેલા ગામોમાં વીજળી દિવસે આપવાનું કામ પૂર્ણ થઈ જશે. વીજ વપરાશ માથાદીઠ ૨૪૧૩ છે, દેશનો માથાદીઠ વીજ વપરાશ ૧૩૦૦થી વધુ છે. સમગ્ર દેશ કરતા વધુ વીજ વપરાશ ગુજરાતીઓ કરી રહ્યા છીએ. ખેતીવાડીમાં વીજ જોડાણ ૪ માસમાં આપી દેવામાં આવે છે, અગાઉ ખેડૂતો માટે વીજ જોડાણ માટે કહેવાતું કે બાળક જન્મે ત્યારથી પુખ્ત વયનો થાય ત્યાં સુધી રાહ જોવી પડતી હતી. જ્યારે પીએમ સૂર્યઘર યોજનામાં ૭૦૩ મેગાવોટ સાથે ગુજરાત દેશમાં પ્રથમ નંબરે છે. ■

# સુરતમાં આરોગ્ય વિભાગના ઘારીની દુકાનો પર દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:સુરતમાં ચંડી પડવાના તહેવાર નિમિત્તે સુરત મહાનગરપાલિકાના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા અલગ અલગ જગ્યા પર માવા વિક્રેતાના ત્યાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું છે અને અલગ અલગ જગ્યા પરથી માવાના સેમ્પલ લઇ વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સુરતમાં સોમવારે ભાગલ, પીરછેડી રોડ, તેમજ અલગ અલગ મીઠાઈની દુકાનો પર સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ સેમ્પલ ફેલ આવશે તો વિક્રેતાઓ સામે કાર્યવાહી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરતમાં કોઈ પણ તહેવાર હોય તેની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવતી હોય છે.આ તહેવારના દિવસે સુરતીઓ ઘારી અને ભૂંસાના ટેસ્ટની મજા માણે છે. જેમાં ઘારી-ભૂંસાની માગના પગલે સુરતના ઘારી વિક્રેતાઓ દ્વારા મોટા પ્રમાણમાં જથ્થો તૈયાર કરવામાં આવ્યો છે. કેનેડા, અમેરિકા, લંડન સહિત વિદેશી દેશોમાંથી પણ ઘારીની માગ જોવા મળતા ઘારી વિક્રેતાઓ દ્વારા અલગ અલગ પ્રકારની ઘારીઓ તૈયાર કરવામાં આવી રહી છે. ■

# અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચની ટીમે દિલ્હી-બેંગ્લોરથી ચાર સાયબર ઠગોની કરી ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકોના બેન્ક એકાઉન્ટમાંથી બોરાબાર ઓનલાઇન તફડંચી કરતી અને લોકોને કરોડો રૂપિયાને છેતરપિંડીના બાટલામાં ઉતારવાની ટોળકીનો પર્દાફાશ કરીને અમદાવાદની સાયબર ક્રાઈમની ટીમે દિલ્હી અને બેંગ્લૂરુથી ચાર તાઈવાની નાગરિકની ધરપકડ કરી છે. આ ગુનામાં કુલ ૧૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. અલગ-અલગ એજન્સીઓની ઓળખ આપીને આરોપીઓ ઠગાઈ કરતા હોવાનું ખૂલ્યું છે.

ગુજરાતમાં લોકોને સોશિયલ મીડિયા અને ફોનથી ભોળવીને ઠગનારી ટોળકીના આતંકને પગલે સાયબર ક્રાઇમની ટીમે ઝીણવટભરી તપાસ કરીને આવાં ઠગો સુધી પહોંચવોનો રસ્તો સાફ કર્યા બાદ આખરે દિલ્હી અને બેંગ્લૂરુમાં બેઠા બેઠા ગુજરાતના લોકોની એનલોઈન છેતરપિંડી કરનારી ટોળકીના બે તાઈવાની નાગરિકોની ધરપકડ કરી છે. આ આરોપીઓ અલગ-અલગ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને છેતરપિંડી કરતા હતા.

આરોપીઓ દિલ્હી અને બેંગ્લૂરુમાં એક પોલીસ સ્ટેશન જેવો સ્ટુડિયો ઊભો કરીને વીડિયો કોલ મારફતે ભોગ બનનાર પાસેથી રૂપિયા સેરવી લેતા હતા. ગુજરાત સિવાય અન્ય કયા રાજયોમાં આરોપીઓએ આ પ્રકારના ગુના કર્યા છે અને તે ગુનાનો ભેદ ઉકેલાશે તો અન્ય ગુના પણ સાયબર ક્રાઈમ નોંધી શકે છે.

ઈન્ડિયન સાઈબર ક્રાઈમ કોર્ડિનેશન સેન્ટર અને દૂરસંચાર વિભાગ વિદેશોથી આવનારા ફેક કોલ રોકવા માટે સાથે કામ કરી રહ્યા છે. જાગૃતિ વધારવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાઈબર દોસ્ત અને એક્સ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ વગેરે પર ઇન્ફોગ્રાફિક્સ અને વીડિયો પણ પોસ્ટ કરાઈ રહ્યા છે. ■

# ૨૦૩૬ની ઓલિમ્પિકઃ અમદાવાદમાં નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ૮૦ ટકા કામ પૂરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતમાં ૨૦૩૬ની ઓલિમ્પિકના યજમાન બનવાનું નક્કી કરવામાં આવ્યું છે ત્યારે અમદાવાદ ઓલિમ્પિક રમત માટે એક કેન્દ્ર બની શકે છે. કેન્દ્રે ખેલો ઈન્ડિયા ગ્રાન્ટ હેઠળ નારણપુરામાં ૬૩૧ કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની ૮૦ ટકા કામગીરી પૂરી થઈ ગઈ છે. હવે લોકાર્પણ થવાની શક્યતા છે.

અમદાવાદ શહેરમાં આ કોમ્પ્લેક્સ ઓલિમ્પિક કક્ષાનું પ્રથમ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ હશે. ૮૨,૫૦૭ ચોરસ મીટરમાં કોમ્પ્લેક્સ નિર્માણની કામગીરી મે ૨૦૨૨થી શરૂ થઈ હતી. અહીં ૩૦૦ ખેલાડી રહી શકે તેવી વ્યવસ્થા છે. આ ઉપરાંત ૮૫૦ કાર અને ૮૦૦ ટૂ વ્હિલરના પાર્કિંગની પણ ક્ષમતા છે. કોમ્પ્લેક્સના ઈન્ડોર સ્પોર્ટ્સ એરિનામાં એકથી વધુ રમતોનું આયોજન કરી શકાશે. માર્થા પૂલ સિસ્ટમથી સ્વિમિંગ પૂલ તૈયાર કરાઈ રહ્યો છે. ઈટાલીની કંપની આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્વિમિંગ પૂલ તૈયાર કરવા આ સિસ્ટમનો ઉપયોગ કરે છે. માત્ર બેંગ્લુરુમાં આવો પૂલ છે. તૈયાર કરવામાં આવેલી ડિઝાઈન મુજબ ખેલાડીઓ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાંથી જ સીધા સ્પોર્ટ્સ એરિના સુધી અવરજવર કરી શકશે. ■

# કચ્છના ઐતિહાસિક સ્થળોની જાળવણી કરનારા 30 કર્મીઓને છૂટા કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાતીગળ પ્રદેશ કચ્છમાં આવેલા પાંચ જેટલાં ઐતિહાસિક સ્થળો પર વર્ષોથી ફરજ બજાવી રહેલા કર્મચારીઓને અચાનક છૂટા કરી દેવાતાં કર્મીઓની આર્થિક સ્થિતિ બગડી છે અને આ ઐતિહાસિક ધરોહર સમા પુરાતત્વીય સ્થળો પર સાફ-સફાઇ, રખરખાવના અભાવે ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

રાજધાની દિલ્હી સ્થિત મહાનિર્દેશકને કરવામાં આવેલી લેખિત રજૂઆતમાં જણાવાયું છે કે, કચ્છના ઐતિહાસિક સ્મારકો જેવા કે, રાવ લાખાની છતેડી, કોટાયનું શિવમંદિર, કુરન ખાતેની સાઈટ, સુર કોટડા અને વૈશ્વિક ધરોહર સમા પ્રાચીન નગર ધોળાવીરામાં લાંબા સમયથી ફરજ બજાવી રહેલા ૩૦ જેટલા કર્મચારીઓને દીપોત્સવીના મહાપર્વના દિવસોમાં અચાનક છૂટા કરી દેવામાં આવતાં ગરીબ કર્મચારીઓના ઘરની આર્થિક સ્થિતિ ડામાડોળ થઇ જતાં પ્રકાશના પર્વ વચ્ચે તેમના ઘરોમાં અંધકાર છવાઈ ગયો છે.

સિંધુ સભ્યતાના હજારો વર્ષ પુરાણા ધોળાવીરા સહિત જિલ્લાના અન્ય ઐતિહાસિક સ્થળોએ ૩૦ શ્રમિકો રોજિંદા વેતન પર કામ કરતા હતા. જેઓ જે-તે સાઇટની દૈનિક સારસંભાળ જાળવતા હતા.

આ કર્મચારીઓને જાણ કર્યા વિના અચાનક છૂટા કરી દેવાયા છે, જેથી આ સ્મારકોની યોગ્ય જાળવણી થતી નથી. કચ્છના આ વિશ્વ પ્રસિદ્ધ સ્થળોને નિહાળવા માટે દર વર્ષે દેશ-વિદેશથી પ્રવાસીઓ આવતા હોય છે ત્યારે અત્યારે શ્રમિકોની ગેરહાજરીના કારણે ઊભી થયેલી ગંદકીથી પ્રવાસીઓ ખરાબ છાપ લઇને જાય છે અને તેની સીધી અસર પ્રવાસન ઉદ્યોગ પર પડી રહી હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે.

કચ્છના ઐતિહાસિક વારસાને સાચવનારા ઘરભેગા કરી દેવામાં આવેલા કર્મચારીઓમાંથી અમુક કર્મચારીઓ ૭ વર્ષથી તો કેટલાક છેલ્લાં ૩૦ વર્ષથી ફરજ બજાવતા હતા અને તેઓ આ ઐતિહાસિક સ્થળોની નિયમિત સફાઇ, રખરખાવની જવાબદારી ખંતપૂર્વક નિભાવતા હતા પરંતુ તેમને અચાનક છૂટા કરી દેવાતાં તેમના પરિવાર પર ઘેરું આર્થિક સંકટ આવી પડ્યું છે અને પરિવારનું ગુજરાન કેવી રીતે ચાલશે તેની ચિંતા તેમને કોરી ખાય છે.

દરમ્યાન, કચ્છમાં આવેલા આ ઐતિહાસિક સ્થળોએ વર્ષ ૧૯૯૪માં ૬૫, ૨૦૦૭માં ૭ અને છેલ્લે ૨૦૨૦માં ૧૪ વ્યક્તિઓને કાયમી કરાયા પણ જે ૮૬ લોકોને કાયમી કરાયા છે તેમાંથી સ્થાનિક એકપણ કર્મચારી નથી કે, જેઓ વર્ષોથી અહીં સાફ-સફાઇની કામગીરી કરતા હતા જે બાબત નવાઈ પમાડે તેવી છે. ■

# વડોદરામાં મગર મહિલાને વિશ્વામિત્રી નદીમાં ખેંચી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના કાલાઘોડા વિશ્વામિત્રી બ્રિજ પાસે નદી કીનારેથી એક મહિલાને મગર ઊંડા પાણીમાં ખેંચી ગયો હતો. ફાયર બ્રિગેડની ટીમે આ મહિલાને મતૃદેહને બહાર કાઢ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર બ્રિજ પાસેના નદી કીનારે પાણી પાસે ઊભેલી એક મહિલાને અચાનક ધસી આવેલા મહાકાય મગર ખેંચી જતો જોઇને બ્રિજ પાસેથી પસાર થઇ રહેલા લોકોએ ફાયર વિભાગને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાંની સાથે જ ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મહિલાના મૃતદેહની આસપાસ ચારથી પાંચ મગરો આટા મારી રહ્યા હોવાથી મહિલાના મૃતદેહને બહાર કાઢવામાં ફાયરની રેસ્ક્યૂ ટીમને પણ પરસેવો વળી ગયો હતો.

ફાયર વિભાગે અડધો કલાકની ભારે જહેમત બાદ મગરના મોમાંથી મહિલાને છોડાવી હતી અને પોલીસને જાણ કરી હતી. બાદમાં પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે શહેરની સયાજી હૉસ્પિટલમાં ખસેડ્યો હતો. ■

# વિકસિત ભારત એટ ૨૦૪૭ સાકાર કરવા ગુજરાત લીડ લેવા સજ્જ છેઃ ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરેલા વિકસિત ભારત એટ ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત લીડ લેવા સજ્જ છે એવું ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, દેશમાં સુદ્રઢ નાણાકીય વ્યવસ્થાપનમાં ગુજરાત નંબર વન પર છે. સૌ સાથે મળીને ક્વોલિટી વર્ક, સામાન્ય માનવીના હિતોને કેન્દ્રમાં રાખીને નીતિ ઘડતર અને તેના અમલમાં વડા પ્રધાનશ્રીના દિશાદર્શનમાં દેશના આ અમૃતકાળથી આઝાદીની શતાબ્દી ૨૦૪૭ સુધી સદાય લીડ લેવાના નિર્ધાર સાથે આપણે વિકાસ રાહે આગળ વધ્યા છીએ.

રાજયવ્યાપી વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત રૂ. ૨૦૦૦ કરોડથી વધુના લોકાર્પણ ખાતમુહૂર્ત અવસરે સંબોધન કરતા તેમણે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજયના ૧૪માં મુખ્યમંત્રી તરીકે ૦૭ ઓક્ટોબર ૨૦૦૧ના શપથ લઈને ગુજરાતની વિકાસયાત્રાને નવી દિશા આપીને જે નવા સીમાચિહ્ન સર કરાવ્યા તેને ૨૩ વર્ષ ૦૭ ઓક્ટોબર ૨૦૨૪ના પૂર્ણ થયા છે.

તા. ૦૭ થી ૧૫ ઓક્ટોબર સુધી યોજાનારા આ વિકાસ સપ્તાહ અંતર્ગત તેમણે ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં આયોજિત કાર્યક્રમમાં પાણી પુરવઠા, ઊર્જા, શહેરી વિકાસ, માર્ગ મકાન, જળ સંસાધન અને ગૃહ વિભાગના મળીને ૧૬ કામોના લોકાર્પણ તથા ૧૪ કામોના ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા. ■

# ભૂવાજીના ભરોસે મહિલાએ જીવ ગુમાવ્યોઃ દવાને બદલે અંધશ્રદ્ધાનો સહારો જીવલેણ બન્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)ૅ

અમદાવાદઃ અંધશ્રદ્ધાના કારણે લોકોએ જીવ ગુમાવ્યા હોવાના કિસ્સા સમયાંતરે આવતા રહે છે. અંધશ્રદ્ધાથી દૂર રહેવા માટે સરકાર અને વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા હોવા છતાં તેના ઓછાયામાંથી અનેક પરિવાર બહાર આવ્યા નથી. મહીસાગર જિલ્લામાં બીમાર પરિણીતાને સારવાર અર્થે તબીબ પાસે લઇ જવાને બદલે ભૂવા પાસે લઇ જવામાં આવી હતી. જેના કારણે પરિણીતાને યોગ્ય સારવાર ન મળતા તેનું મૃત્યું થયું હતું.

મળતી વિગતો અનુસાર, મહીસાગર જિલ્લામાં મોટા ખાનપુર ગામ આવેલું છે. આ ગામની મહિલા પિન્કીબેન રાવળને દુઃખાવાની ફરિયાદ હતી અને બીમાર રહેતી હતી. જેથી તેમનાં સગાં દ્વારા તેમને અરવલ્લી જિલ્લાના માલપુરના પીપરાણાના બાબુ ભૂવાજી પાસે લઇ જવા માટે કહેવામાં આવ્યું હતું. જેથી પરિણીતાને તેનો પરિવાર ભૂવાજી પાસે લઇ ગયો હતો.

જ્યાં ભૂવાજીએ લીંબુ અને વાળ દબાવવા માટે આપ્યા હતા. બાદમાં આંકડિયાનું મૂળ પીવડાવ્યું હતું. જે પીધા બાદ પરિણીતા બેહોશ થઇ ગઇ હતી. ગભરાયેલો પરિવાર પરિણીતાને લઇને વિવિધ દવાખાને લઇ ગયો હતો. મોડાસા અને વડોદરામાં પરિણીતાને બતાવ્યા બાદ અમદાવાદ ખાતે લાવવામાં આવી હતી. જોકે સારવાર કારગર નીવડે એ પૂર્વે પરિણીતાનું મોત નીપજ્યું હતું.

મૃતક મહિલાના પતિ ભરત રાવળએ જાણવ્યું હતું કે, અરવલ્લીના માલપુર તાલુકાના પીપરાણા ગામના બાબુ ભૂવાજીના કારણે મારા બાળકો તો રખડ્યા છે અન્ય કોઈ સાથે આવું ના થાય કે અન્ય કોઈના બાળકો રખડી ના પડે તે માટે બાબુ ભૂવાજીને કડકમાં કડક સજા થવી જોઈએ. ■

# જામનગરમાં ધાડપાડું ગેંગના પાંચ સભ્ય પકડાયાઃ ૪૮ ગુનાનો ભેદ ખૂલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના રણુજા નજીક રોડ પરથી પોલીસે ધાડપાડું ગેંગના પાંચ સભ્યને પકડી પાડ્યા હતા. આરોપીઓ કોઈ મોટા ગુનાને અંજામ આપે તે પહેલા જ પોલીસના હાથે હથિયારો સાથે ઝડપાઇ ગયાં છે. આરોપીઓએ ૪૮ થી વધુ ધાડ-ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર કાલાવડથી રણુજા વચ્ચે આવેલી જીઆઈડીસી વસાહત પાસેથી ગઈકાલે રાત્રે એલસીબીએ પાંચ શખ્સને ઘાતક હથિયાર, મોબાઈલ, બાઈક, રોકડ સાથે પકડી પાડ્યા હતા. આ ટોળકી કોઈ જગ્યાએ ધાડ પાડવાની તૈયારી કરતી હતી. આ શખ્સોએ તાજેતરમાં પાંચ મકાનમાં થયેલી ચોરીની કબૂલાત કરી હતી. આ ઉપરાંત અત્યાર સુધીમાં દ્વારકાથી લઈ મહિસાગર, આણંદ, દાહોદ જિલ્લામાં ૪૮થી વધુ ગુનાને અંજામ આપ્યાનું કબૂલ્યું હતું. કુલ રૂપિયા ૧,૫૬,૨૯૦નો મુદ્દામાલ કબજે કરી આરોપીઓની પૂછપરછ શરૂ કરી છે. આરોપીઓ પાસેથી બે લાકડી, છરી, પાઈપ, ગણેશીયા, ડિસમિસ, કટર સાથે મળી આવ્યા હતા. આ શખસોના કબજામાંથી ત્રણ મોબાઈલ અને રૂપિયા ૩૦ હજારની કિંમતનું હોન્ડા કંપનીનું સાઈન મોટરસાઇકલ પણ કબજે કરાયું છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મહારાષ્ટ્રની સ્કિલ યુનિવર્સિટીને અપાશે રતન ટાટાનું નામ

મુંબઈઃ દેશના ટોચના ઉદ્યોગપતિ રતન ટાટાનું હાલમાં જ નિધન થયું હતું અને ભારત ઉપરાંત વિદેશમાં પણ તેમના મૃત્યુનો શોક મનાવવામાં આવ્યો હતો. જોકે, હવે મહારાષ્ટ્ર સરકાર દ્વારા મહારાષ્ટ્ર સ્કિલ યુનિવર્સિટીને રતન ટાટાનું નામ આપવાનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રતન ટાટાને ભારત રત્ન આપવાની અરજી કરતો પ્રસ્તાવ કેન્દ્ર સરકારને મોકલાવવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર સરકાર દ્વારા સોમવારે કરવામાં આવેલી સત્તાવાર જાહેરાતમાં જણાવવામાં આવ્યું હતું કે મહારાષ્ટ્ર સ્ટેટ સ્કિલ યુનિવિર્સટી(એમએસએસયુ)ને રતન ટાટાનું નામ આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે એ પહેલા મહારાષ્ટ્ર સરકાર દ્વારા કેન્દ્ર સરકારને રતન ટાટાને ભારત રત્ન આપવાનો પ્રસ્તાવ પણ મંજૂર કરવામાં આવ્યો હતો. એમએસએસયુના વાઇસ-ચાન્સલર ડૉક્ટર અપૂર્વ પાલકરે જણાવ્યું હતું કે રતન ટાટાએ દેશના ઉદ્યોગ જગતના વિકાસ માટે અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે. તેમણે ફક્ત નોકરીઓ ઊભી નથી કરી, પરંતુ તેમણે સ્ટાર્ટ-અપને પ્રોત્સાહન આપીને સર્જનશીલતાને પણ વેગ આપ્યો હતો. અમારી યુનિવર્સિટીને તેમનું નામ આપવામાં આવે એ અમારા માટે ગર્વની વાત છે. આના કારણે આવનારા વર્ષોમાં લોકો તેમણે આપેલા યોગદાનને યાદ કરશે. એમએસએસયુ પહેલી જ સરકાર દ્વારા સંચાલિત યુનિવર્સિટી છે જે વિદ્યાર્થીઓને તેમની વિવિધ કૌશલ્યમાં પારંગત બનાવે છે.

# ગુજરાતથી ચાલે છે અંડરવર્લ્ડઃ સંજય રાઉતનો દાવો

મુંબઈઃ શિવસેનાના સાંસદ સંજય રાઉતે એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાને ગુજરાત સાથે જોડીને આક્ષેપ કર્યો છે કે અંડરવર્લ્ડને ગુજરાતથી ચલાવવામાં આવી રહ્યું છે . તેમણે દાવો કર્યો હતો કે સાબરમતી જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈએ આ હત્યાની જવાબદારી લીધી છે. જે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ માટે એક પડકાર છે. સંજય રાઉતે કહ્યું કે એનસીપીના વડા અજિત પવારે હત્યાના પગલે અમિત શાહના રાજીનામાની માગ કરવી જોઈએ. સંજયે રાઉતે કહ્યું કે, મેં અગાઉ પણ કહ્યું હતું કે આ સરકાર આવ્યા બાદ મુંબઈમાં ગેંગ વોર અને અંડરવર્લ્ડની તાકાત વધી શકે છે. આ સરકારને અંડરવર્લ્ડનો પણ ટેકો છે અને ગુજરાતમાંથી અંડરવર્લ્ડ ચલાવવામાં આવી રહ્યું છે. આજે ગુજરાતમાં ૫,૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. તેમ જ ગુજરાતની સાબરમતી જેલમાં બંધ ગેંગસ્ટર બિશ્નોઇએ બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી લે છે. સંજય રાઉતે કહ્યું કે ગુજરાતમાંથી આવતા કેન્દ્રીય ગૃહમંત્રી માટે આ એક પડકાર છે. અજિત પવારે અમિત શાહના રાજીનામાની માગ કરવી જોઈએ. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ બાબા સિદ્દીકી હત્યા કેસમાં તેમની સિંઘમગીરી બતાવવી જોઈએ. ઘણા બોલીવૂડ સ્ટાર્સ સાથેના સંબંધો માટે જાણીતા સમાજવાદી અને રાજકારણી બાબા સિદ્દીકીની શનિવારે રાત્રે ત્રણ હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. લોરેન્સ બિશ્નોઈ ગેંગના એક કથિત સભ્યે સોશિયલ મીડિયા પર હત્યાની જવાબદારી સ્વીકારી હતી. તેમણે વધુમાં કહ્યું કે બાબા સિદ્દીકીની હત્યા સલમાન ખાન સાથેની નિકટતાને કારણે કરવામાં આવી હતી. બિશ્નોઈ ગેંગે સલમાન ખાનને મારી નાખવાની ધમકી આપી હતી. આ વર્ષની શરૂઆતમાં સલમાન ખાનના ઘરે ફાયરિંગ થવા પાછળ પણ આ જ કારણ હતું. આ દરમિયાન ભાજપે કહ્યું કે કોંગ્રેસ અને ઇન્ડિ ગઠબંધનના સભ્યો હત્યા પર ખોટી ટિપ્પણી કરી રહ્યા છે.

## બાબા સિદ્દીકી પર ફાયરિંગ થયું ત્યારે એક જ કોન્સ્ટેબલ તેમની સાથે હતો

મુંબઈઃ બાંદ્રા વિસ્તારમાં શનિવારે રાતે બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરવામાં આવી ત્યારે તેમની સાથે માત્ર એક કોન્સ્ટેબલ હાજર હતો. દશેરા નિમિત્તે ફટાકડા ફૂટી રહ્યા હતા ત્યારે બાબા સિદ્દીકી પર ગોળીબાર કરાયો હતો. નિર્મલનગરમાં પુત્ર જીશાનની ઓફિસ બહાર સિદ્દીકી પર છ રાઉન્ડ ફાયર કરવામાં આવ્યા હતા, જેમાંથી બે બુલેટ તેમની છાતીમાં વાગી હતી. સિદ્દીકીને બિન-વર્ગીકૃત સુરક્ષા પૂરી પાડવામાં આવી હતી. ગોળીબારમાં ઘવાયેલા સિદ્દીકીને હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને તપાસી મૃત જાહેર કરાયા હતા.

બિન-વર્ગીકૃત સુરક્ષા હેઠળ સિદ્દીકીને ત્રણ કોન્સ્ટેબલ પૂરા પાડવામાં આવ્યા હતા. સુરક્ષા માટે હાજર બે કોન્સ્ટેબલને સાંજે છોડી દેવાયા હતા અને સિદ્દીકી જ્યારે રાતે ઘરે જવા નીકળ્યા ત્યારે તેમની સાથે એક જ કોન્સ્ટેબલ હતો.

## બિશ્નોઇની કસ્ટડી મુંબઈ પોલીસને કેમ નથી મળી રહી?

મુંબઈઃ અજિત પવારની એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી ગેંગસ્ટર લૉરેન્સ બિશ્નોઇએ સ્વીકારી છે. બિશ્નોઇ ગેંગ દ્વારા વારંવાર મુંબઈમાં રહેતા કલાકારો તથા અગ્રણીઓને ધમકાવવામાં આવે છે. અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર પણ તેણે જ ગોળીબાર કરાવ્યો હતો. તેથી પોલીસને લૉરેન્સ બિશ્નોઇની પૂછપરછ કરવી છે, પરંતુ અત્યાર સુધી તેમને બિશ્નોઇની કસ્ટડી મળી નથી. આ માટે પોલીસ દ્વારા ઘણા પ્રયાસ કરવામાં આવ્યા, પણ તેમને સફળતા મળી નથી.

**બિશ્નોઇ જેલમાં બેસીને ગેંગ ચલાવે છે?**

સિદ્દીકી હત્યા પ્રકરણે તપાસ ચાલી રહી છે ત્યારે બિશ્નોઇનો જેલનો એક વીડિયો વાઇરલ થઇ રહ્યો છે જેમાં બિશ્નોઇ પાકિસ્તાનના ગેંગસ્ટર શાહઝાદ ભટ્ટી સાથે વીડિયો કોલ પર વાત કરતો નજરે પડે છે. તેથી જેલમાં બેસીને બિશ્નોઇ ગેંગ ઓપરેટ કરી રહ્યો હોવાનું ચર્ચામાં આવ્યું છે.

# ઝીશાન સિદ્દીકી નહોતો ટાર્ગેટ : મુંબઈ પોલીસ

મુંબઈઃ રાજકારણી અને ભૂતપૂર્વ ધારાસભ્ય બાબા સિદ્દીકીની હત્યાના એક દિવસ બાદ એક ચોંકાવનારો ખુલાસો થયો છે. સૂત્રોનું હત્યારાઓએ સોપારી એક નહીં બે જણની લીધી હતી. બાબા સિદ્દીકી સાથે તેના પુત્ર ઝીશાન સિદ્દીકી મારવાની પણ સોપારી આપવામાં આવી હતી. હત્યારાઓને આદેશ આપવામાં આવ્યો હતો કે બન્ને બાપ-દીકરો જ્યાં દેખાય ત્યાં મારી દેવા, પણ સાથે એમ પણ કહેવામાં આવ્યું હતું કે જો બન્નેને એકસાથે મારવાનું શક્ય ન બને તો શક્ય હોય એકની હત્યા કરી નાખવી. જોકે આ મામલે મુંબઇના ડીસીપી દેવેન ભારતીને પુછાતા તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે, ઝીશાન સિદ્દીકી બિશ્નોઇ ગેંગનો ટાર્ગેટ હોવાની વિશે કાંઇ નક્કર જાણકારી ન હોવાનું જણાવ્યું હતું.

ગઈકાલે બનેલી ઘટના બાદ પોલીસે બે હત્યારા ગુરમેલ બલજીત સિંહ અને ધર્મરાજ કશ્યપને પકડી લીધા છે. જોકે ત્રીજો શૂટર શિવકુમાર હજુ ગાયબ છે. પોલીસ તેને ટ્રેક કરી રહી છે. આરોપીઓ રોજ પનવેલથી બાન્દ્રા જતા હતા અને બાપ-દીકરાની તમામ ગતિવિધિઓ પર નજર રાખતા હતા. તેમના આવવા જવાના સમયથી માંડી સુરક્ષા વ્યવસ્થા વિશે તેઓ જાણકારી રાખતા હતા.

બાબા સિદ્દીકી એકલા દેખાતા અને શૂટિંગ કરવાનું શક્ય લાગતા તેમણે ગોળી ધરબી દીધી. આ ઘટનાના પડઘા આખા દેશમાં પડ્યા છે અને હત્યા પાછળના કારણો અને કોનો હાથ છે તે અંગે હજુ પોલીસ થિયરીઓ પર કામ કરી રહી છે, સત્તાવાર કોઈ નિવેદન આવ્યું નથી.

# મલાડમાં મનસે કાર્યકરની હત્યાના પગલે તંગદિલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હજી શનિવારે જ અજિત પવાર જૂથના નેતા બાબા સિદ્દીકીની હત્યાની ઘટનાથી મહારાષ્ટ્ર ઊભર્યું નથી ત્યાં વધુ એક રાજકીય કાર્યકરની હત્યા થઇ હોવાની ઘટના મલાડમાં બની હતી. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના કાર્યકર આકાશ માઇનની હત્યા કરવામાં આવી હતી. અચાનક રિક્ષા વાળી લેવા બાબતે રિક્ષા ચાલકો અને સ્થાનિક ફેરિયાઓ સાથે થયેલા વિવાદને પગલે ૨૭ વર્ષના આકાશની હત્યા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

દિંડોશી પોલીસે આ મામલે નવ લોકો વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. અદાલતે તમામ આરોપીઓને ૨૨ ઓક્ટોબર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. પોલીસે જણાવ્યા અનુસાર આકાશને પેટ, પગ, કમરમાં મૂઢમાર લાગ્યો હોવાના કારણે તેનું મૃત્યુ થયું હતું.

આ વિશે વાત કરતા મનસેના મુંબઈ ઉપાધ્યક્ષ નયન કદમે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે આ દુર્ઘટના બની તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે અને અમે આકાશના કુટુંબીજનોની પડખે અડીખમ ઊભા છીએ. આકાશના માતા દિપાલી મનસેના પદાધિકારી છે અને તેમના પતિ હાલમાં જ મનસે છોડીને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનામાં જોડાયા હતા. જોકે, એ છતાં એ મનસેનો પરિવાર જ છે અને એટલે અમે તેમને બધી જ જોઇતી મદદ પૂરી પાડીશું. તેમના કુટુંબીજનો સાથે અમારી સાંત્વના છે.

હજી સુધી આરોપીઓની ઓળખ પોલીસ દ્વારા છતી કરવામાં આવી નથી. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર આકાશ શનિવારે નવી કાર ખરીદવા માટે મલાડ સ્ટેશન ગયો હતો અને ત્યાં થયેલા વિવાદને પગલે તેની હત્યા થઇ હતી. નયન કદમે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે આ મામલે પોલીસ પ્રશંસનીય કામગીરી કરી હતી અને દશેરાના બંદોબસ્તમાં વ્યસ્ત હોવા છતાં તેમણે નવ આરોપીઓની ધરપકડ કરી હતી. બે આરોપીઓને પહેલા જ દિવસે તાબામાં લઇ લેવામાં આવ્યા હતા. અમારા પદાધિકારીઓ કુટુંબીજનોની પડખે જ ઊભા છે અને તેમને કોઇપણ કાયદાકીય જરૂર પડે એ માટે અમે અમે તેમની સાથે છીએ. હેમંત કાંબળે અને ભાસ્કર પરબ જેવા અમારા નેતાઓ પોલીસ સ્ટેશન અને હૉસ્પિટલમાં પણ હાજર હતા. આ મામલે પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી. જોકે આ મામલે પોલીસે વધુ માહિતી આપી નહોતી.

# પુણેમાં ગેન્ગરેપઃ યુપીમાંથી આરોપી પકડાયો

પુણેઃ પુણેમાં આ મહિની શરૂઆતમાં ૨૧ વર્ષની યુવતી પર સામૂહિક બળાત્કાર ગુજારવાના કેસમાં પોલીસે વધુ એક આરોપીની ઉત્તર પ્રદેશથી ધરપકડ કરી હતી. પીડિત યુવતી તેના પુરુષમિત્ર સાથે ૩ ઑક્ટોબરે રાતે બોપદેવ ઘાટ વિસ્તારમાં આવી હતી ત્યારે ત્રણ નરાધમે તેના પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. આરોપીઓએ પીડિતાના મિત્રને વૃક્ષ સાથે બાંધી તેની મારપીટ પણ કરી હતી. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓ વિશે માહિતી આપનારને ૧૦ લાખ રૂપિયાના ઇનામની પણ જાહેરાત કરી હતી.

## પાંચમા પાનાનું ચાલુ

### પ્રવીણને ૨૧મી

જવાનો છે. આથી તેની કસ્ટડી જરૂરી છે.

દરમિયાન પ્રવીણના વકીલ પ્રશાંત બડકરે દલીલ કરી હતી કે શુભમને પોલીસ પકડી શકતી નથી, જેથી મારા અસીલને બલીનો બકરો બનાવવામાં આવી રહ્યો છે. આ સંવેદનશીલ કેસ છે પણ ડેરી ચલાવતા પ્રવીણ સામે કાવતરાનો કોઇ પણ આરોપ નહીં કરી શકે.

### બિશ્નોઇનું

ઉપયોગ કરવાને બદલે એવી પદ્ધતિ અપનાવવામાં આવે છે જેના દ્વારા અનટ્રેસેબલ કોલ કરી શકાય છે. જેલ પ્રશાસનને કોઇ પણ જાતની ખબર ન પડે એ રીતે બિશ્નોઇ આ ટેક્નોલોજીનો ઉપયોગ જેલમાંથી કરી રહ્યો છે.

આ ટેક્નોલોજી બિશ્નોઇ માટે 'સુરક્ષા કવચ' સમાન છે જેનો ઉપયોગ તે જેલના સળીઓ પાછળથી કરી રહ્યો છે.

### આરોપી ધર્મરાજ

કસ્ટડી ફટકારવામાં આવી હતી. કશ્યપને રવિવારે કોર્ટમાં હાજર કરાયો ત્યારે તેણે પોતાની ઉંમર ૧૭ વર્ષ જણાવી હતી. એ સમયે પોલીસે કોર્ટને જણાવ્યું હતું કે આરોપી પાસેથી જપ્ત કરાયેલા આધાર કાર્ડ પ્રમાણે તેની ઉંમર ૨૧ વર્ષની છે. જોકે કશ્યપની ઉંમરની ખરાઇ કરી શકે એવા અન્ય કોઇ દસ્તાવેજો જપ્ત કરાયા નથી, એવું પણ પોલીસે કહ્યું હતું. કોર્ટે બાદમાં આરોપીનું આધાર કાર્ડ રજૂ કરવાનું પોલીસને કહ્યું હતું. પોલીસે કશ્યપના આધાર કાર્ડની નકલ રજૂ કરી હતી, જેમાં ફોટો કશ્યપનો હતો, જ્યારે નામ રંજનકુમાર ગુપ્તા હતું અને તેમાં જન્મતારીખ ૧ માર્ચ, ૨૦૦૩ દર્શાવાઇ હતી.

### ઉજ્જૈન અને ખંડવાનાં

સમકક્ષો સાથે જોડાઈ છે. શું ભાગેડુ શૂટર કોઈ ધાર્મિક વ્યક્તિ છે જે આ પ્રખ્યાત મંદિરોમાં આવી શકે છે તે અંગે પૂછપરછ કરવામાં આવતા એક પોલીસ અધિકારીએ સીધો જવાબ ટાળ્યો હતો અને કહ્યું હતું કે પોલીસ અન્ય સ્થળો પર પણ નજર રાખી રહી છે.

મુંબઈ પોલીસની એક ટીમ એમપી પોલીસ સાથે મળીને આરોપીને શોધી રહી છે. તેઓને શંકા છે કે તે કદાચ એમપીમાં છુપાયેલો હશે અને એમપીના ઉજ્જૈન અને ઓમકારેશ્વર (ખંડવા જિલ્લામાં)માં તેની શોધ કરી રહી છે, એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

### આ છે પાંચેય

પણ કોઇ ક્રાઇમ હિસ્ટ્રી નથી.

**ઝિશાન અખ્તર**

મોહમ્મદ ઝિશાન અખ્તર પંજાબના જાલંધરનો રહેવાસી છે. તે પણ આ કેસમાં હજી ફરાર છે. ઝિશાનનો પણ બિશ્નોઇ સાથે સીધો સંપર્ક છે. પોલીસે તેની કુંડળી કાઢતા તેના અનેક સાથીઓના નામ પણ સામે આવ્યા હતા.

**શુભમ લોણકર**

શુભમ લોણકરે ફેસબુક પોસ્ટ પરથી સિદ્દીકીની હત્યાની જવાબદારી લીધી હતી. તેણે જ શૂટરોને સુપારી આપી હતી. પોલીસ અત્યાર સુધી તેના ભાઇ પ્રવીણ લોણકરની ધરપકડ કરી છે.

**મૂસેવાલા અને બાબા સિદ્દીકીઃ**

બન્ને મર્ડરનો સૂત્રધાર સૌરવ મહાકાલ કોણ છે?

### લૉરેન્સ બિશ્નોઈના

હોવાનું પણ તેણે પૂછપરછમાં જણાવ્યું હતું.

**૧) સલમાન ખાનઃ** બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન લૉરેન્સની હિટ-લિસ્ટમાં ટોચના ક્રમાંકે છે. 'હમ સાથ સાથ હૈ' ફિલ્મના શૂટિંગ દરમિયાન કાળિયારનો શિકાર કરવામાં આવ્યો તેમાં સલમાનની કથિત સંડોવણીને પગલે તે લૉરેન્સના નિશાને આવ્યો હતો. ૨૦૧૮માં અદાલતમાં હાજર થતા વખતે લૉરેન્સે સલમાનને ધમકી આપી હતી. હજી થોડા મહિના પહેલા એપ્રિલમાં જ સલમાનના ગેલેક્સી એપાર્ટમેન્ટ ખાતે આવેલા ઘરની બહાર ગોળીબાર કરવામાં આવ્યો તે લૉરેન્સ બિશ્નોઇના માણસોએ જ કરાવ્યો હતો. જોકે, આ ઘટનામાં કોઇ જખમી થયું નહોતું.

**૨) મુનવ્વર ફારૂકીઃ** બિગ-બોસ-૧૭ના વિજેતા તેમ જ ૨૦૦૨માં ગોધરામાં ટ્રેનમાં આગ લગાડી હિંદુ શ્રદ્ધાળુઓને મારી નાખવામાં આવ્યા એ વિશે મજાક કરવા બદલ અને હિંદુ દેવી-દેવતાઓની મજાક કરવા બદલ વિવાદમાં સપડાયેલો મુનવ્વર ફારૂકી પર લૉરેન્સ બિશ્નોઇના નિશાને હોવાના અહેવાલ છે. તે દિલ્હીમાં એક ઇવેન્ટમાં ગયો ત્યારે લૉરેન્સના બે માણસો તેનો પીછો કરી રહ્યા હતા. જોકે ગુપ્તચર સંસ્થાઓના અહેવાલના પગલે તેમની યોજના સફળ થઇ શકી નહોતી. ફારૂકીને કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મુંબઈ પાછો લાવવામાં આવ્યો હતો.

**૩) શગનપ્રીત સિંહઃ** હવે બિશ્નોઇ ગેંગનો બીજો ટાર્ગેટ શગનપ્રીત સિંહ છે જે હત્યા કરાયેલા પંજાબી સિંગર સિધ્ધુ મુસેવાલાનો મેનેજર છે. શગનપ્રીતે લૉરેન્સના સાથીદાર વિકી મીડ્ડુખેરાને શરણ આપી હોવાનું લૉરેન્સ માને છે. જેને પગલે વીકીને પોતાનો મોટો ભાઇ માનતો લૉરેન્સ શગનપ્રીતને મોતને ઘાટ ઉતારવા માગે છે.

**૨) મનદીપ ધારીવાલઃ** મનદીપ ફરાર ગેંગસ્ટર ગૌરવ પડિયાલ ઉર્ફ લકી પડિયાલનો સાથીદાર છે. વિકીના જ હત્યારાઓને સાથ આપી તેમની મદદ કરવા બદલ મનદીપ લૉરેન્સના રડાર પર આવ્યો છે. ગૌરવ દવિંદર બાંભિયા ગેંગનો મુખ્ય સભ્ય છે.

**૩) કૌશલ ચૌધરીઃ** ખતરનાક ગેંગસ્ટર કૌશલ ચૌધરી હાલ ગુરુગ્રામ જેલમાં છે અને તે બાંભીયા ગેંગનો સભ્ય તેમ જ લૉરેન્સનો ખાસ સાથીદાર છે. વિકીની હત્યા કરનારાઓને હથિયાર કૌશલે જ પૂરા પાડ્યાં હોવાનું કહેવાય છે. જેને પગલે લૉરેન્સ કૌશલને પતાવવા માટે રઘવાયો થયો છે.

**૪) અમિત ડાગરઃ** અમિત ડાગર લૉરેન્સની ગેંગનો હરીફ છે અને તે હાલ જેલમાં છે. તે વિકીની હત્યામાં સંડોવાયેલો હતો અને કૌશલ ચૌધરીનો પણ ખાસ માણસ છે. તેણે સાત જણની હત્યા કરી હોવાની કબૂલાત કરી છે અને ૧૨ કરતાં વધારે ખંડણીના કેસમાં સંડોવાયેલો હોવાનું પણ કબૂલ્યું છે. ૨૦૧૮માં ગુરુગ્રામમાં એક શૂટઆઉટ બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી.

### શસ્ત્રો અને ફન્ડિંગ

આરોપીઓને આપ્યા હતા. બાદમાં તેણે ફરાર આરોપી ઝીશાન અખ્તરને સામેલ કર્યો હતો, જ્યારે ગુરમેલ બલજીતસિંહને મુંબઈ બોલાવી લેવાયો હતો.

બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા શૂટરો ધર્મરાજ કશ્યપ અને ગુરમેલ સિંહની પૂછપરછમાં શુભમ અને પ્રવીણનાં નામ સામે આવ્યાં હતાં. આથી ક્રાઇમ બ્રાન્ચે ગુનામાં સંડોવણી બદલ પ્રવીણની સોમવારે રાતે ધરપકડ કરી હતી.

પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે સિદ્દીકીની હત્યા અગાઉ પ્રવીણ લોણકર શૂટરોના સતત સંપર્કમાં હતો અને તેણે ફન્ડિંગ કેશમાં કર્યું હતું. બીજી તરફ શુભમ પુણેથી એક મહિનાથી ગાયબ હોવાથી તેની શોધ ચલાવાઇ રહી છે. સિદ્દીકીની હત્યા માટે શસ્ત્રો કુરિયરથી મગાવવામાં આવ્યાં હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે બાબા સિદ્દીકી શનિવારે રાતે બાંદ્રા પૂર્વમાં નિર્મલનગર ખાતે પોતાના બંને અંગરક્ષકો સાથે મીટિંગમાં ગયા હતા અને ઘરે પાછા ફરતી વખતે તેમના પુત્ર ઝીશાનની ઓફિસ નજીક તેમના પર આરોપીઓએ ગોળીબાર કર્યો હતો, જેમાં તેમનું મૃત્યુ થયું હતું. પોલીસે બે શૂટર ધર્મરાજ કશ્યપ અને ગુરમેલ સિંહને પકડી પાડ્યા હતા, જ્યારે શિવકુમાર ફરાર થવામાં સફળ રહ્યો હતો. સિદ્દીકીની હત્યામાં સંડોવાયેલા આરોપીઓ હરિયાણાની જેલમાં લૉરેન્સ બિશ્નોઇ ગેન્ગના સભ્યોના સંપર્કમાં આવ્યા હતા અને બાદમાં તેમને સિદ્દીકીની હત્યા માટે સુપારી આપવામાં આવી હતી. હત્યા અગાઉ આરોપીઓ થોડા દિવસ પુણેમાં ભાડાના ઘરમાં રહ્યા હતા અને બાદમાં કુર્લામાં બીજી સપ્ટેમ્બરથી તેઓ ભાડાના ઘરમાં રહેતા હતા. તેમણે સિદ્દીકીના નિવાસસ્થાને અને ઓફિસની રેકી પણ કરી હતી.

# હિન્દુ મરણ

**ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ**

હાલ અંધેરી નિવાસી સરોજ (સોનલ) ઠાકર (ઉં.વ. ૭૬) તે ડૉ. રમેશભાઈ ઠાકરના પત્ની. સ્વ. ત્રંબકભાઈ કાનજીભાઈ ઠાકર અને સ્વ. મૃદુલાબેન ઠાકરના પુત્રવધૂ. સ્વ. ગુલાબભાઈ અને સ્વ. કમળાબેન જોશી (રાજકોટ)ના પુત્રી. સ્વ. મહેશભાઈ અને સ્વ. મીનાબેન ઠાકરના ભાભી. નેહા, દિપેનના માતુશ્રી. નિલેશભાઈ, બીજલ, નોયલ, નેહાના સાસુ શનિવાર, તા. ૧૨-૧૦-૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૭-૧૦-૨૪ના સી. ટી. સી. બેંકવેટ, સીટી પોઈન્ટ બિલ્ડીંગ, તૈલી ગલી, અંધેરી (ઈસ્ટ) ખાતે ૫ થી ૭.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

મોરચંદ નિવાસી હાલ વિરાર સ્વ. અમૃતલાલ વિઠ્ઠલદાસ મહેતા ને સ્વ. વિમલાબેન અમૃતલાલ મહેતાના પુત્ર સ્વ. પ્રવિણ અમૃતલાલ મહેતાના ધર્મપત્ની દક્ષા મહેતા (ઉં.વ. ૭૬) તે દીપકના મમ્મી. નિકિતાના સાસુજી. સ્વ. પ્રભાબેન મનસુખલાલ, સ્વ. ભૂપેન્દ્રભાઈ, સ્વ. ભારતીબેન, સ્વ.મહેશભાઈના ભાભી. મોસાળ પક્ષ સ્વ. જમનાદાસ ચાવડાની પુત્રી તા. ૧૨-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મેઘવાલ**

ગામ વાઘધ્રા હાલ વિરારના સ્વ. શીતલ રાઠોડ તા. ૭-૧૦-૨૪ના અવસાન પામેલ છે. તે સ્વ. આવાભાઈ ટીડાભાઈ રાઠોડ અને કલ્લુ આપાભાઈ રાઠોડની પૌત્રી. સ્વ. હીરાલાલ રાઠોડ અને નલીની રાઠોડની પુત્રી. આશિષ, રાહુલની બેન.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. મીનાબેન સુરેશભાઈ ગોપાલજી ગણાત્રા ગામ તેરા હાલે મુલુંડના પુત્રવધૂ અ. સૌ. નમ્રતા (ઉં.વ. ૫૦) તા. ૧૦-૧૦-૨૪ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. તે સંજય સુરેશભાઈ ગણાત્રાના ધર્મપત્ની. શ્રેયાંશ, પ્રીતના માતુશ્રી. ગં. સ્વ. રમીલાબેન મહેશભાઈ બલીયા ગામ સાબરાઈવાળાની પુત્રી. શીલ્પા, સ્વ. પંકીલ બલીયાના બેન. જયોતી સુનીલ ગણાત્રા, રૂપલ જીતેન ગણાત્રા, આરતી કેતન ઠક્કરના ભાભી.

**હાલાઈ લોહાણા**

પોરબંદર નિવાસી હાલ કાંદિવલી કલ્પના સુર્યકાંત સામાણી તે સ્વ. સુર્યકાંત માવજીભાઈ સામાણી તથા સ્વ. ઈન્દુમતી સુર્યકાન્ત સામાણીની પુત્રી. કનૈયા સુર્યકાંત સામાણીના બહેન. ભક્તિ કનૈયા સામાણીના નણંદ. હીત કનૈયા સામાણીના ફોઈ તા. ૧૦-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી તેમજ લૌકિક વ્યવહાર બંધ છે.

**કંઠી ભાટીયા**

સાપર - જામનગર નિવાસી હાલ ઘાટકોપર ધારશી ગાજરીયા (શંકરકાકા) તે ઝવેરબેન (મણીબેન) જીવણદાસના પુત્ર. સ્વ. દ્વારકાદાસ, સ્વ. તેજશી, સ્વ. અજીતસિંહ, રતનશીના ભાઈ. સ્વ. સુશીલાના પતિ. વિણા, ગીતા, દિનેશ, નિલેશના પિતાશ્રી. પરેશ, ઉમેશ, જયશ્રી, નીતાના સસરા. પ્રાગજી કલ્યાણજી ઉદ્દેશીના જમાઈ તા. ૧૩-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૫-૧૦-૨૪ના ૪.૩૦ થી ૬.૩૦ લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ**

ધુળીયા આગરીયા નિવાસી હાલ કાંદિવલી નિમેષ શરદચંદ્ર ભટ્ટ (ઉં.વ. ૫૬) તે સ્વ. દેવયાની શરદચંદ્ર ભટ્ટના પુત્ર. નતાશાના પતિ. નૂપુરના પિતા. અમિતના ભાઈ. જોધપુર નિવાસી ઈન્દુબેન જગદીશભાઈ સદારંગાણીના જમાઈ તા. ૧૩-૧૦-૨૪, રવિવારના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ છે.

**હિન્દુ મેઘવાળ**

ગામ રાજુલા હાલ બોરીવલી સ્વ.નામલબેન અમૃતભાઈ વિંઝુડા (ઉં. વ. ૬૦) વિપુલ અને અંજલિની માતા રવિવાર તા. ૬-૧૦-૨૦૨૪ના અવસાન પામ્યા છે. બારમાંની વિધિ બુધવાર ૧૬.૧૦.૨૦૨૪ સવારે ૧૦ ક. નિવાસસ્થાનઃ મ્હાત્રે ગાર્ડન, રંગગ્રેજ રેસ્ટોરન્ટની પાસે, સ્ટારબક્સ કોફીની સામે, ઈકસાર મેટ્રો સ્ટેશનની બાજુમાં, દેવકીનગર, ઈકસાર લિંકરોડ, બોરીવલી (પશ્ચિમ).

**સુરતી દશા દિશાવળ વણિક**

અ.સૌ.મનીષા ઝવેરી (ઉં. વ. ૫૪) તે સુનિલ ઝવેરીના ધર્મપત્ની, સ્વ.સરોજબેન તથા સ્વ.ઉપેન્દ્રભાઈ મણિલાલ ઝવેરીના પુત્રવધૂ. સ્વ.ભારતીબેન તથા સ્વ.ભગવતભાઈ બાલક્રિષ્ન શાહના દીકરી. વિજય, રૂપલ સુહાસ રાજડેકર, નીતા નિશિતભાઈ કિનારીવાળાના ભાભી. કિરણભાઈના બહેન. ૧૩/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

દીવ નિવાસી હાલ કાંદિવલી સ્વ.રમણીકલાલ વિઠ્ઠલદાસ શાહના પુત્ર ભાવ્યેશભાઈ (ઉં. વ. ૬૫) દિશીબેનના પતિ, અંકિતા હિમય દ્વાની તથા ઈશા ભાવિકના પિતા. દીવ નિવાસી સ્વ.નવીનચંદ્ર ધીરજલાલ શાહના જમાઈ, સાગરભાઈ, દીપકભાઈ, કુમારભાઈ, અશોકભાઈ, સ્વ.હંસાબેન મથુરાદાસ, ભારતીબેન કિર્તીકુમાર, પૂનમબેન દિલીપકુમારના ભાઈ. ૧૨/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ ગુરગટ હાલ થાણા ચંદુલાલ સચદેવ (ઉં. વ. ૭૪) તા.૧૩.૧૦.૨૪ને રવિવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.રંભાબેન તથા સ્વ.વિઠ્ઠલદાસ ગોવિંદજી સચદેવના પુત્ર. નયનાબેનના પતિ. જીતેન્દ્ર, દીપ્તિ વિશાલકુમાર, આરતી જનકકુમારના પિતા. સ્વ.લક્ષ્મીદાસ, સ્વ. પુરુષોત્તમભાઈ, માધવજીભાઈ, પ્રભુદાસભાઈ, સ્વ.મૂળજીભાઈ, ગિરધરભાઈ, સ્વ.સુખબાઈ ખીમજીભાઈ, સ્વ.ચંપાબેન મથુરાદાસ, સ્વ.ગોદાવરીબેન માધવજી, ભાનુબેન ગોકલદાસના નાનાભાઈ. સ્વ.મનુભાઈ કરસનદાસ દત્તાણીના જમાઈ. જ્યોતિબેનના સસરા. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર તા.૧૫.૧૦.૨૪ના ૪:૩૦ થી ૬.૦૦. શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજન વાડી, (રઘુવંશી હોલ) ખારકરાળી, થાણા પશ્ચિમ. લૌકિક વહેવાર બંધ છે.

# પારસી મરણ

ફરીદા દાદાભાઈ માસ્તર તે મરહુમ દાદાભાઈના ધણીયાણી. તે મરહુમો રોશન કેકી કુપરના દીકરી. તે અરદેશીર, હોરમઝ ને અદીલનાના માતાજી. તે સંધ્યા ને માહાલક્ષ્મીના સાસુ. તે મરહુમો ફીરોઝ ને રુસીના બહેન. તે કૈઈનોશ ને કયાનના બપઈજી. (ઉં.વ. ૭૬). રહેવાનું ઠેકાણું: કુપર બિલ્ડીંગ, બીજે માળે, કોર્નર ઓફ ગ્રાન્ટ રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા તા. ૧૫-૧૦-૨૪ને દિને બપોરે ૩.૪૫ વાગે જે. જે. અગિયારી, પુને.

# જૈન મરણ

પાટણ નિવાસી હાલ કાંદિવલી મુંબઇના મહાસુખલાલ ભોગીલાલ શાહ (સડિસરા) (ઉં. વ. ૮૮) તે સ્વ. મંજુલાબેનના પતિ. કલ્પેશ, પૂર્વીના પિતા. યોગેશકુમાર, ઇશ્વરીબેનના સસરા. તે એશા કરણ કારિયા, વિધી, માનવના દાદા. તે સ્વ. કિરીટભાઇ, સ્વ. ચંદ્રકાંતભાઇ, સ્વ. હસીબેન, મૃદુલાબેન, પ્રવીણાબેન, મીનાબેન, નીપાબેનના ભાઇ. તે શનિવાર, તા. ૧૨-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાણપુર (ભેસાંણ) હાલ પુના મનહરલાલ (મનુભાઈ) તે સ્વ. ધીરજલાલ પોપટલાલ રૂપાણીના પુત્ર (ઉં.વ. ૭૭) તા. ૧૪-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે પન્નાબેનના પતિ. ભૈરવી વિશ્વેષ કામદાર, નિશા, સ્વ. કલ્પેશના પિતાશ્રી. સ્વ. જીતુભાઈ - પૂર્ણિમાબેન, પદમાબેન, મધુબેનના ભાઈ. સ્વ. બાલીબેન ધુલીયા, હિનાબેન બદાણી, હિતેન, હેમંતના કાકા. સ્વ. મણીલાલ જેચંદ ટીમ્બડીયાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધોરાજી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નાથાલાલ રતિલાલ ગાંગાણીના ધર્મપત્ની તરૂણાબેન (ઉં.વ. ૮૪) તે અશોકભાઈ, રાજેશભાઈ, સંગીતાબેન કપાસીના માતુશ્રી. સુષ્માબેન, સીમાબેન, સ્વ. કેતનભાઈ પ્રભુદાસભાઈના સાસુજી. સુંદરભાઈ, મધુબેન રમેશભાઈ, કુંદનબેન કનકરાય, વાસંતીબેન રમણીકલાલ, રંજનબેન નરોત્તમભાઈના ભાભી. કોમલ વૈભવ, અપેક્ષા પરીન, માનસી પ્રતીક, પ્રિયંકા, પ્રિયાંશીના દાદી/નાની. ચણાકા નિવાસી સ્વ. મોહનલાલ દેવચંદ રૂપાણીના પુત્રી તા. ૧૨-૧૦-૧૪ના અરિહંતશરણ પામેલ છે. (પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

સમઢીયાળા નિવાસી હાલ દહિસર નિર્મળાબેન તથા મહેન્દ્રભાઈ ભોગીલાલ ભલાણીના પુત્ર જીમિત (ઉં. વ. ૪૧) ૧૨/૧૦/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સેજલબેન તથા મિત્તલબેનના ભાઈ. ભાવેશકુમાર તથા કુણાલકુમારના સાળા. અનિલભાઈ, રજનીભાઇ, કોકિલાબેન,ચારૂબેનના ભત્રીજા, રમેશભાઈ, પંકજભાઈ, ભરતભાઈ, દીપકભાઈ તથા સ્વ. રાજેશભાઈના ભાણેજ. અવની, દ્રષ્ટિ, વીરના મામા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ મુન્દ્રા ગળપાદર હાલ બોરીવલી સ્વ.ચંચળબેન તથા સ્વ.દેવશી માણેકચંદ વોરાના પુત્ર હિંમતલાલ વોરા (ઉં. વ. ૭૯) ૧૧/૧૦/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે શોભનાબેન (અરવિંદાબેન)ના પતિ. પારસ-પ્રિતી, ભાવેશ-અવની, ધર્મેશ-શીતલના પિતાશ્રી. જશવંતિબેન સુરેશભાઈ વોરાના દિયર. સાસરાપક્ષે સ્વ.રૂક્ષ્મણીબેન તથા સ્વ.નાનાલાલ કેશવજી મહેતા ચંદિયાવાળાના જમાઈ. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના મુકેશ ભોગીલાલ દેઢીયા (શાહ) (ઉં. વ. ૫૯) તા. ૧૧-૧૦ના અવસાન પામેલ છે. માતુશ્રી લક્ષ્મીબેન વીરજી માલશીના પૌત્ર. સ્વ. હેમલતા ભોગીલાલના પુત્ર. જયેશ, વંદના, દર્શનાના ભાઇ. કોડાયના પાનબાઇ મોરારજી જેઠા ગડાના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. ઠે. જયેશ દેઢીયા, ૨૭, પંકજ ભુવન, ૩જે માળે, કરેલવાડી, ઠાકુરદ્વાર, મું.૨.

મોટા લાયજાના વિમલા પ્રેમજી હરીયા (ઉં. વ. ૮૦) તા. ૧૩-૧૦-૨૪ના અવસાન પામ્યા છે. માતુશ્રી લક્ષ્મીબેન કાનજી ભૂલાના પુત્રવધૂ. પ્રેમજીના ધર્મપત્ની. કોડાયના માતુશ્રી સુંદરબેન ડુંગરશી મેઘજી દેઢીયાના પુત્રી. મધુકાન્ત, રમેશ, સ્વ.ભરત, ભુજપુર રમીલાબેન અરૂણ શેઠીયા, રાયણ ઇંદુબેન જયંતીલાલ છેડા, મેરાવા નીતાબેન બિપીન નિસરના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રેમજી હરીયા, ૧૬૦૨, સુમિત અર્બોડ, ટી.એચ.કટારીયા માર્ગ, માટુંગા (બી.બી.), મું.૧૬.

નવીનાળના મુલબાઈ મુરજી વોરા (ઉં. વ. ૯૪)તા.૧૨-૧૦-૨૪ના અવસાન પામેલ છે. માકબાઈ લાલજીના પુત્રવધૂ. મુરજીભાઈના પત્ની. ચંચળ, ઉર્મિલા, હેમાંગી, ભારતી, જયશ્રી, પ્રીતી, પારુલના માતા. ડેપા લધીબાઈ દેવજી લખમશી ગાલાના પુત્રી. ડુંગરશી, વીરજી, રતનશી, કલ્યાણજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિઃ મુલબાઈ મુરજી વોરા, જયેશ મુરજી સાવલા. ૫, અરૂણોદય, વીંગ -બી૬, ખીરા નગર સાંતાક્રુઝ (વે), મું.૫૪.

મોટા લાયજાના દામજી ચત્રભુજ છેડા (ઉં. વ. ૮૬) તા. ૮-૧૦-૨૦૨૪ ના દેશમાં અવસાન પામેલ છે. હીરબાઇ ચત્રભુજના સુપુત્ર. ચંચળબેનના પતિ. જ્યોતિ, પ્રીતિ, હેમંત, મનિષાના પિતા. હરખચંદ, વિમળા, નવીન, ઉર્મિલા, જયવંતીના ભાઇ. લાયજાના જમનાબેન ગાંગજી નરશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. હેમંત છેડા, ૨૨/૮૦૪, ગુરૂ માઉલી કો. ઓ. હા. સૌ, ડી.એન. નગર, ન્યુ લીંક રોડ, અંધેરી (વે), મું. ૫૮.

ભીંસરાના જયંતીલાલ લાલજી શાહ (ગડા) (ઉં. વ. ૮૨) તા. ૧૩/૧૦/૨૪ ના અવસાન પામેલ છે. જેઠીબાઈ લાલજી નરશીના સુપુત્ર. ભાનુમતીના પતિ. જયેશ, ધીરેન, જયશ્રીના પિતા. મુરજી, દામજી, લક્ષ્મીચંદ, પાનબાઈ ડુંગરશી, રતનબેન જગશી, પુરબાઈ પોપટલાલ, ઝવેરબેન લક્ષ્મીચંદ, તારામતી ચુનીલાલના ભાઈ. નાગ્રેચા દેવકાબેન પાસુ ગોવર દેઢિયાના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, દાદર(ઈ), ટા.૨ થી ૩.૩૦. નિ.: ધીરેન શાહ, ૧૨૦૭, પર્લ રેસીડન્સી, જે.પી.રોડ, વાડીયા સ્કુલની સામે, અંધેરી (વે.) મું. ૫૮.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

બિશ્નોઈએ ઓર્ડર કરેલી બાબા સિદ્દીકીની હત્યાની સ્ટાર્ટ-ટુ-એન્ડની આ રહી વિગતો



# શસ્ત્રો અને ફન્ડિંગ આપ્યાં પુણેના લોણકર ભાઈઓએ

## લૉરેન્સ બિશ્નોઇ ગેન્ગ સાથે સંકળાયેલા પુણેના લોણકર બંધુઓમાંના પ્રવીણને તો મુંબઈની કોર્ટમાં રજૂ કરાયો, પણ શુભમ ભાગતો ફરે છેઃ શુભમ મહિનાથી ગાયબ છે, પણ પ્રવીણ સતત શૂટરોના સંપર્કમાં હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (એનસીપી)ના અજિત પવાર જૂથના નેતા બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે પુણેથી ધરપકડ કરેલા પ્રવીણ લોણકરે શૂટરો માટે રહેવાની વ્યવસ્થા કરવા સાથે ફન્ડિંગ પણ કર્યું હતું, જ્યારે બિશ્નોઇ ગેન્ગ સાથે સંકળાયેલા તેના ભાઇ શુભમે શસ્ત્રો સપ્લાય કર્યાં હતાં, એવું તપાસમાં જણાયું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર પુણેમાં ડેરી ધરાવતા પ્રવીણની દુકાન નજીક ભંગારની દુકાનમાં ધર્મરાજ કશ્યપ અને ફરાર આરોપી શિવકુમાર ગૌતમ કામ કરતા હતા. પ્રવીણે બંનેને વિશ્વાસમાં લીધા બાદ તેમને ટાર્ગેટ વિશે જણાવ્યું હતું. બાદમાં તેણે બંને આરોપીને બાબા સિદ્દીકીના ફોટા આપ્યા હતા. ઉપરાંત તેણે એ વિસ્તારમાં લાગેલા ફ્લેક્સના પણ ફોટા પાડી (જુઓ પાનું ૪) ▶▶



આરોપી પ્રવીણ લોણકરને ગઇકાલે અદાલતમાં હાજર કરાયો હતો. (જયપ્રકાશ કેળકર)

## લૉરેન્સ બિશ્નોઇના હિટ-લિસ્ટમાં કોણ કોણ?

મુંબઈઃ અજિત પવાર જૂથના નેતા બાબા સિદ્દીકીની હત્યાથી ચકચાર મચેલો છે ત્યારે પોલીસ અને તપાસ એજન્સીઓ લૉરેન્સ બિશ્નોઇ ગૅંગની સંડોવણીની તપાસમાં લાગેલી છે. ફિલ્મ 'હમ સાથ સાથ હૈ' ફિલ્મની શૂટિંગ દરમિયાન કાળિયારના શિકારમાં સલમાન ખાનનું નામ સંડોવાયું હતું અને એ બાબતની અદાવત રાખી લૉરેન્સ સલમાન ખાનનું કાસળ કાઢવા માગે છે ત્યારે સલમાન ખાન કે દાઉદ ઇબ્રાહિમથી જોડાયેલી કે તેમની મદદ કરનારી વ્યક્તિઓનો પણ હિસાબ ચૂકતે કરવામાં આવશે તેવી ધમકી કથિતપણે લૉરેન્સ બિશ્નોઇ ગૅંગના સભ્ય દ્વારા બાબા સિદ્દીકીની હત્યાની જવાબદારી લેનારા શખસે ફેસબુક પોસ્ટ મારફત આપી હતી.

જેને પગલે હજી પણ લૉરેન્સના નિશાને ઘણા અન્ય લોકો પણ હોવાનું ધ્યાનમાં આવે છે. લૉરેન્સે નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી(એનઆઇએ)ને આપેલી માહિતી અનુસાર તેણે એક હિટ-લિસ્ટ તૈયાર કર્યું છે અને તેના હિટ-લિસ્ટમાં રહેલા અનેક લોકો મૃત્યુને પામી ચૂક્યા (જુઓ પાનું ૪) ▶▶

## આ છે પાંચેય આરોપીઓની કુંડળી

બાબા સિદ્દીકીની હત્યા બાદ પાંચ આરોપીના નામ સામે આવ્યા છે જેમાં શિવકુમાર ગૌતમ, મોહમ્મદ ઝિશાન અખ્તર, શુભમ લોણકર, ગુરમેર સિંહ અને ધર્મરાજ કશ્યપનો સમાવેશ થાય છે. મુંબઈ ક્રાઇમ બ્રાન્ચની માહિતી અનુસાર બાબા સિદ્દીકી હત્યા પ્રકરણે ત્રણ આરોપી ફરાર છે જેમાં શિવકુમારનો સમાવેશ થાય છે. ઝિશાન અખ્તર અને શુભમ લોણકર પણ ફરાર છે.

**ગુરમેલ સિંહ**

આરોપી ગુરમેલ સિંહ ૨૩ વર્ષનો છે અને તે હરિયાણાના કૈથલ જિલ્લાના નરલ ગામનો રહેવાસી છે. તેના પરિવારમાં ફક્ત તેની દાદી છે.

**ધર્મરાજ કશ્યપ**

આરોપી ધર્મરાજ કશ્યપ ૧૯ વર્ષનો છે જે ઉત્તર પ્રદેશના બહરાઇચ ગામનો છે. તેની કોઇ ક્રાઇમ હિસ્ટ્રી નથી.

**શિવકુમાર ગૌતમ**

શિવકુમાર પણ ઉત્તર પ્રદેશના બહરાઇચ ગામનો રહેવાસી છે. તેની (જુઓ પાનું ૪) ▶▶

### કોણ છે માસ્ટરમાઇન્ડ સૌરવ મહાકાલ



બાબા સિદ્દીકી હત્યા કેસમાં હવે સૌરવ મહાકાલનું નામ સામે આવ્યું છે. તેનું અસલ નામ સિદ્ધેશ હીરામન કાંબલે છે. તે પહેલા મુંબઈના કુખ્યાત ગેંગસ્ટર અરુણ ગવળીનો શાર્પ શૂટર રહી ચૂક્યો છે. તે સમયે તે સંતોષ જાધવ સાથે મળીને હત્યાઓ કરતો હતો. છેલ્લા કેટલાક વર્ષોથી તે લૉરેન્સ બિશ્નોઇ માટે કામ કરી રહ્યો છે. પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા કેસમાં પણ સૌરવનું નામ આવ્યું હતું અને તેની ધરપકડ કરવામાં આવી હતી. બિશ્નોઇ સાથે તે સીધો સંપર્કમાં છે. બિશ્નોઇના ખાસ સાગરીત અનમોલ બિશ્નોઇથી તે કનેક્ટ છે અને તેના ઇશારે કામ કરે છે. હાલમાં તે જામીન પર છૂટીને બહાર આવ્યો છે. ૨૦૨૨માં દિલ્હી પોલીસે મહારાષ્ટ્ર પોલીસની મદદથી તેની ધરપકડ કરી હતી. ■

## પ્રવીણને ૨૧મી સુધી પોલીસ કસ્ટડી

મુંબઈઃ બાબા સિદ્દીકી હત્યાકેસમાં પુણેથી ધરપકડ કરાયેલા પ્રવીણ લોણકરને મંગળવારે કોર્ટમાં હાજર કરાતાં તેને ૨૧ ઑક્ટોબર સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

પ્રવીણનો ચાંપતા બંદોબસ્ત વચ્ચે કોર્ટમાં રજૂ કરાયા બાદ તપાસકર્તા પક્ષે તેની કસ્ટડીની માગણી કરતાં કોર્ટને જણાવ્યું હતું કે આ સંવેદનશીલ હત્યાકાંડ પાછળનું કાવતરું જાણવા માટે પ્રવીણની પૂછપરછ જરૂરી છે. પ્રવીણનો ભાઇ શુભમ ફરાર હોવાથી તેની પૂછપરછમાં શુભમ વિશે માહિતી મળી શકે છે. પ્રવીણને વધુ તપાસ માટે ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને બિહારમાં લઇ (જુઓ પાનું ૪) ▶▶

## ઉજ્જૈન અને ખંડવાનાં મંદિરોમાં ત્રીજા આરોપીની શોધખોળ

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્દીકી હત્યા કેસમાં મુંબઈ પોલીસ સંયુક્ત ટીમ સાથે બીજા દિવસે મધ્ય પ્રદેશના ઉજ્જૈન અને ખંડવા જિલ્લાના મંદિરોમાં વોન્ટેડ શંકાસ્પદ શૂટરની શોધ કરી રહી છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

બાબા સિદ્દીકીની હત્યાના એક દિવસ બાદ મુંબઈ પોલીસની એક ટીમ શંકાસ્પદ શૂટર શિવકુમાર ગૌતમને શોધવા માટે, રવિવારે એમપી પહોંચી હતી. પોલીસે અત્યાર સુધીમાં હરિયાણાના રહેવાસી ગુરમેલ બલજીત સિંહ (૨૩), ઉત્તર પ્રદેશના ધર્મરાજ રાજેશ કશ્યપ (૧૯), અને પુણેના પ્રવિણ લોણકરની ધરપકડ કરી છે. શંકાસ્પદ 'હેન્ડલર' મોહમ્મદ ઝિશાન અખ્તર પણ આ કેસમાં વોન્ટેડ છે.

ઉત્તર પ્રદેશના બહરાઈચના વતની એવા આરોપી શૂટરનું પગેરું મેળવવા માટે મુંબઈ પોલીસ એમપીમાં તેમના (જુઓ પાનું ૪) ▶▶

## આરોપી ધર્મરાજ કશ્યપ નથી સગીર

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા બેમાંથી એક આરોપીએ પોતે સગીર હોવાનો કોર્ટમાં કરેલો દાવો ખોટો ઠર્યો હતો. આરોપી ધર્મરાજ કશ્યપની ઉંમર નક્કી કરવા માટે કોર્ટે બોન ઓસિફિકેશન ટેસ્ટ કરાવવાના પોલીસને નિર્દેશ આપ્યા હતા અને ટેસ્ટમાં તે પુખ્ત હોવાનું પુરવાર થયું હતું.

આરોપી ધર્મરાજ કશ્યપને બાદમાં ફરી કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો અને તેને ૨૧ ઑક્ટોબર સુધીની પોલીસ (જુઓ પાનું ૪) ▶▶

## બિશ્નોઇનું 'સુરક્ષા કવચ' શું છે?

લૉરેન્સ બિશ્નોઇ જેલમાં છે એ વાત સ્પષ્ટ છે, પરંતુ જેલમાં રહીને પણ તે તેનું નેટવર્ક ઓપરેટ કરી રહ્યો છે. તેણે પોતાનું મજબૂત નેટવર્ક વિકસાવ્યું છે જેમાં ખાલિસ્તાન તરફી કનેક્શનનો પણ સમાવેશ થાય છે.

બિશ્નોઇ જામીનની અરજીઓ કરીને સમય વેડફી નથી રહ્યો, પણ વીઓઆઇપી અને 'ડબ્બા કોલિંગ' જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સતત પોતાના સાગરીતોના સંપર્કમાં છે. 'ડબ્બા કોલિંગ' પદ્ધતિ સામાન્ય રીતે અપરાધીઓ અપનાવે છે. તેનાથી સામાન્ય મોબાઇલ નેટવર્કનો (જુઓ પાનું ૪) ▶▶

## ટોલ-માફીઃ ૨.૮ લાખ કારધારકોને ફાયદો

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મુંબઈના પાંચ ટોલનાકાઓ પરથી ટોલ નાબૂદ કરવાનો નિર્ણય લઇને મુંબઈગરાઓને બમ્પર ધમાકાની સાથે સાથે બમ્પર સરપ્રાઇઝ આપ્યું છે જેને વિધાનસભાની ચૂંટણી પૂર્વે મુંબઈગરાઓને આપવામાં આવેલું દિવાળી બોનસ પણ કહેવામાં આવી રહ્યું છે. મહારાષ્ટ્ર સરકારના આ નિર્ણયના કારણે દરરોજ ૨.૮ લાખ મોટરધારકોને ફાયદો થશે. મુંબઈમાં પ્રવેશવા માટેના પાંચેય ટોલ બૂથ પરથી મુંબઈગરાઓને ટોલ ચૂકવવામાંથી મુક્તિ આપવામાં આવી છે.

મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન(એમએસઆરડીસી)ના અધિકારીએ આપેલી માહિતી મુજબ દરરોજ લગભગ ૩.૬ લાખ વાહનો એલબીએસ રોડ ,મુલુંડ, ઐરોલી ખાડી બ્રિજ, દહીંસર વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇ-વે અને વાશી ખાડી થકી શહેરમાં આવતા ૩.૮ લાખ વાહનોમાંથી ૨.૮ લાખ લાઇટ મોટર વેહિકલ એટલે હળવા વાહનો હોય છે. જોકે ટ્રાન્સપોર્ટર્સ એસોસિએશનો દ્વારા આ નિર્ણયને આવકારવામાં આવ્યો હોવા છતાં તેમની સાથે અપરમાં એટલે કે સાવકી માં જેવું વર્તન કરવામાં આવતું હોવાનો આરોપ પણ મૂક્યો હતો. તેમના દ્વારા કમર્શિયલ વાહનોને પણ ટોલમાંથી મુક્તિ આપવાની અને બોર્ડર ચેકપોસ્ટ નાબૂદ કરવાની માગણી પણ કરવામાં આવી હતી. ■

# મુંબઇથી ઊપડતી ત્રણ ફ્લાઇટમાં બૉમ્બ મુકાયાની ધમકીથી ખળભળાટ

## જોકે કોઇ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી

મુંબઇઃ ઈન્ડિગો એરલાઈન્સની બે ઈન્ટરનેશનલ ફ્લાઈટને બોમ્બની ધમકી મળ્યા બાદ મુંબઈ એરપોર્ટ પર ખળભળાટ મચી ગયો છે. આ પહેલા મુંબઈથી ન્યૂયોર્ક જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળી હતી, ત્યારબાદ ફ્લાઈટનું દિલ્હીમાં ઈમર્જન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. ઈન્ડિગો ફ્લાઈટ ૬ઈ ૧૨૭૫, મુંબઈથી મસ્કત જઈ રહી હતી, જ્યારે ઈન્ડિગો ફ્લાઈટ ૬ઈ ૫૬ મુંબઈથી જેદ્દાહ જઈ રહી હતી. બંનેને બોમ્બની ધમકી મળતાં સુરક્ષા એલર્ટ જાહેર કરવામાં આવી હતી. તેમ છતાં સિક્યોરિટી એજન્સીઓ દ્વારા વિમાનોની તપાસ કરવામાં આવતા કોઇ પણ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

એરક્રાફ્ટને અલગ અલગ જગ્યાએ પાર્ક કરવાનો હેતુ મુસાફરો અને એરપોર્ટના બાકીના ભાગને સંભવિત જોખમોથી સુરક્ષિત રાખવાનો હતો એમ જણાવતા પ્રવક્તાએ કહ્યું હતું કે એસઓપી હેઠળ ફરજિયાત સુરક્ષા તપાસ તરત જ શરૂ કરવામાં આવી હતી. એરપોર્ટ સુરક્ષા ટીમ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને અન્ય સંબંધિત એજન્સીઓ આ તપાસમાં સામેલ હતી. સુરક્ષા તપાસ દરમિયાન તમામ મુસાફરોને સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. ઈન્ડિગોએ કહ્યું હતું કે મુસાફરોની સુરક્ષા તેમની પ્રાથમિકતા છે અને મુસાફરોને કોઈ નુકસાન ન થાય તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે.

એરલાઇન્સ અને એરપોર્ટ સ્ટાફ દ્વારા મુસાફરોને યોગ્ય માહિતી અને સહાય પૂરી પાડવામાં આવી રહી છે. બોમ્બની ધમકી મળ્યા બાદ સુરક્ષા દળોએ મામલાની તપાસ શરૂ કરી દીધી છે. ધમકી ક્યાંથી અને કોણે આપી તે જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તપાસ એજન્સીઓ એ પણ સુનિશ્ચિત કરી રહી છે કે આ ધમકી પાછળ કોઈ ખરો ખતરો છે કે નહીં. ■

## મુંબઇ-હાવડા મેલને પણ બૉમ્બથી ઊડાડી દેવાની ધમકી

મુંબઈઃ મુંબઈ-હાવડા મેલ ટ્રેનમાં બોમ્બ હોવાની ધમકી આપવામાં આવી હતી, જેને કારણે તપાસ એજન્સીઓ એલર્ટ મોડમાં આવી ગઈ હતી અને ટ્રેનમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ, સોશિયલ મીડિયા પોસ્ટમાં નાસિકમાં ટાઈમર બોમ્બ દ્વારા બ્લાસ્ટ થવાની ધમકી આપવામાં આવી હતી. આ પોસ્ટમાં મહારાષ્ટ્ર પોલીસ માટે અપશબ્દોનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. ધમકીભર્યા લખાણમાં કહેવામાં આવ્યું હતું કે 'ઓ હિન્દુસ્તાની રેલવે, તમે આજે સવારે લોહીના આંસુએ રડશો, આજે ફ્લાઈટમાં બોમ્બ મૂકવામાં આવ્યો છે અને ટ્રેન ૧૨૮૦૯માં પણ નાસિક પહોંચતા પહેલા મોટો ધડાકો થશે.'

સોમવારે સવારે લગભગ ૪ વાગ્યે કંટ્રોલ રૂમને ટ્રેન નંબર ૧૨૮૦૯ની અંદર બોમ્બ હોવાની માહિતી મળી હતી. ધમકી મળ્યા બાદ ટ્રેનને જળગાંવ સ્ટેશન પર રોકીને તપાસ કરવામાં આવી હતી, પણ તેમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી. ■

## મરીન ડ્રાઈન પર વ્યૂઈંગ ડેક અને રીગલ જંકશન પાસેના અંડર ગ્રાઉન્ડ પાર્કિંગની યોજના અટવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ તેના બે મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ મરીન ડ્રાઈવ પર વ્યૂઈંગ ડેકનું નિર્માણ અને દક્ષિણ મુંબઈમાં રીગલ જંકશન પાસે અંડર ગ્રાઉન્ડ પાર્કિંગ સુવિધાને હજી સુધી ક્લીઅરન્સ નહીં મળવાનું કારણ આગળ કરીને હાલપૂરતો અભેરાઈ પર ચડાવી દેવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળ્યું છે. બે વર્ષ પહેલા સુધરાઈએ મરીન ડ્રાઈવ પર ફરવા આવતા પર્યટકો માટે સી-સાઈડ પ્લાઝાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેમાં વ્યૂઈંગ ડેક અને ક્રુઝ લાઈનર જેવું માળખું બનાવવાની યોજના હતી. યોજના મુજબ એન્ટ્રી પોઈન્ટ પર આર્યનનો ગેટ બાંધવામાં આવવાનો હતો અને પ્રોમેનેડની બંને બાજુએ રેલિંગ બેસાડવામાં આવવાની છે. તેમ જ હાલમાં અસ્તિત્વમાં રહેલી જેટીને વિન્ટેજ શૈલીથી લાઈટ અને સુશોભિત કરેલી રેલિંગ, બેસવાની વ્યવસ્થા, જાહેર શૌચાલય અને સેફ્ટી ગ્રિલ્સ ઊભા કરવામાં આવવાનાં હતા.

બીજો પ્રોજેક્ટ દક્ષિણ મુંબઈમાં રીગલ જંકશન પર અંડરગ્રાઉન્ડ પાર્કિંગ અને તેની ઉપર વ્યૂઈંગ ડેકનો હતો. હાલ રીગલ થિયેટર પાસે ખુલ્લી જગ્યામાં ૫૦ વાહનો પાર્ક કરવામાં આવે છે. આ વિસ્તારમાં પર્યટકોની સંખ્યા વધુ હોવાથી અંડરગ્રાઉન્ડ પાર્કિંગની સાથે વ્યૂઈંગ ડેક બનાવવાનો પ્રસ્તાવ હતો. અંડરગ્રાઉન્ડ પાર્કિંગમાં લગભગ ૧૫૦ કાર અને બાઈકને સમાવી શકાય એવી ડિઝાઈન બનાવવામાં આવી હતી. પ્રોજેક્ટ ડિઝાઈન માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં આવી હતી પરંતુ ટેન્ડર હજી સુધી બહાર પાડવામાં આવ્યા નથી. આ અગાઉ ગયા મહિને પાલિકાએ કોલાબા કોઝ-વે ના બ્યુટીફિકેશનનો પ્રોજેક્ટને અટકાવી દીધો હતો. ■

## બાળકીને ડ્રગ્સ આપી તેના પર રેપ, રસ્તા પર ફેંકી દેવાઇ

જાલનાઃ મહારાષ્ટ્રના જાલનામાં એક અજાણ્યા વ્યક્તિએ નવ વર્ષની બાળકીને કથિત રીતે ડ્રગ્સ આપી તેના પર બળાત્કાર ગુજારવામા આવ્યો હતો અને પછી તેને રસ્તા પર છોડી દેવામાં આવી હોવાનું, પોલીસે સોમવારે જણાવ્યું હતું. ચંદનઝિરા વિસ્તારમાં રવિવારે રાત્રે લગભગ ૧૧ વાગ્યે બનેલી આ ઘટના પછી, બાળકીને ગંભીર હાલતમાં જિલ્લા હોસ્પિટલમાં અને બાદમાં છત્રપતિ સંભાજીનગરની સરકારી મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, એમ તેઓએ જણાવ્યું હતું.

પોલીસ અધિક્ષક અજય કુમાર બંસલે જણાવ્યું હતું કે આ મામલે પાંચ લોકોની અટકાયત કરવામાં આવી છે. પ્રાથમિક પુરાવા મુજબ, એક વ્યક્તિ આ ગુનામાં સામેલ હોવાની શંકા છે, એમ તેમણે ઉમેર્યુ હતું. રોષે ભરાયેલા સ્થાનિકોએ છત્રપતિ સંભાજીનગર રોડ પર 'રાસ્તા રોકો' આંદોલન કર્યું હતું અને ગુનેગારને સજામાં આપવાની માગ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ, જ્યારે બાળકી ઘરે એકલી હતી ત્યારે ગુનેગારે તેને ઘરેથી ઉપાડી લીધી હતી અને તેને ડ્રગ્સ આપી તેના પર બળાત્કાર ગુજાર્યો હતો અને પછી તેને રસ્તામાં છોડી દીધી હતી.

પીડિતાની માતા જ્યારે ઘરે પરત આવી ત્યારે તેને તેની પુત્રી મળી ન હતી. ઉગ્ર શોધ કર્યા પછી, તેમને નજીકની શેરીમાં છોકરી મળી. પોલીસના જણાવ્યા મુજબ, ઉગ્ર તપાસ બાદ બાકી રસ્તા પરથી મળી આવી હતી. બાદમાં મહિલાએ ચંદનઝીરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ■

## કરણ જોહરની ધર્મા પ્રોડકશનમાં હિસ્સો ખરીદશે મુકેશ અંબાણી

મુંબઈઃ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ઝડપથી તેનો બિઝનેસ વધારી રહી છે. તાજેતરમાં આવેલા અહેવાલ મુજબ મુકેશ અંબાણીની આગેવાનીવાળી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે કરણ જોહરની માલિકીની કંપની ધર્મા પ્રોડક્શનમાં હિસ્સો ખરીદવા માટે સંપર્ક કર્યો છે. બંને વચ્ચે હાલમાં વાતચીત ચાલી રહી છે.

કરણ જોહરની ધર્મા પ્રોડક્શનમાં ૯૦.૭૦ ટકા હિસ્સેદારી કરણ જોહરની છે અને ૯.૨૪ ટકા હિસ્સો તેની માતાનો છે. વધતી જતી પ્રોડક્શન કોસ્ટ, થિયેટરોની ઘટતી જતી સંખ્યા અને ઝડપથી વધી રહેલા ઓટીટી પ્લેટફોર્મ્સે બોલિવૂડ સ્ટુડિયો માટે પડકાર ઉભા કર્યો છે. જેના કારણે નવા રોકાણની જરૂરિયાત વધી રહી છે.

તેથી જ કરણ જોહર એક રોકાણકારની શોધમાં છે. છેલ્લા કેટલાક સમયથી, કરણ જોહર તેના હિસ્સાને મોનેટાઇઝ કરવા માગે છે. પરંતુ વેલ્યુએશનની સમસ્યાને કારણે છેલ્લા કેટલાક સોદા પૂર્ણ થયા નથી.



## ધારાવીના રહેવાસીઓ માટે 'યુવા સંવાદ'

ધારાવીના લોકોના ઉત્થાન અને તેમનાં કૌશલ્યવર્ધન માટેની સામાજિક પહેલ-ધારાવી સોશિયલ મિશન (ઉજ્બ)એ તાજેતરમાં તેનો યુથ એન્ગેજમેન્ટ પ્રોગ્રામ (યુવા જોડાણ કાર્યક્રમ) - 'યુવા સંવાદ' શરૂ કર્યો. ઉદઘાટન કાર્યક્રમ માટુંગા પૂર્વમાં કલ્યાણ ભવન હોલ ખાતે યોજાયો હતો. 'યુવા સંવાદ' પહેલની શરૂઆત ધારાવીના યુવાનો માટે વિવિધ ક્ષેત્રોના વ્યાવસાયિકો અને નિષ્ણાતો સાથે વાર્તાલાપ કરવાની તકો ઊભી કરીને તેમના માટે ઉજજવળ ભવિષ્ય બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. ■

## મસ્જિદ બંદર સ્ટેશન પાસે કર્ણાક પુલ પર એક ગર્ડર લૉન્ચ કરાયો, બીજો ડિસેમ્બરમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બ્રિટિશ કાળના ૧૫૪ વર્ષ જૂના મસ્જિદ બંદર રેલવે સ્ટેશન પાસે આવેલા કર્ણાક બ્રિજને ૨૦૨૨માં તોડી પાડવામાં આવ્યા બાદ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા તેને ફરી બાંધવામાં આવી રહ્યો છે. મધ્ય રેલવે દ્વારા છ કલાકનો બ્લોક આપવામાં આવ્યા બાદ શનિવારે મધરાત બાદ સુધરાઈએ ભરખમ ગર્ડર લોન્ચ કરવાનું કામ હાથ ધર્યું હતું.

હવે મધ્ય રેલવેની મંજૂરી અને બ્લોક મળ્યા બાદ હવે બીજા ગર્ડરને બેસાડવાનું કામ ડિસેમ્બરમાં હાથ ધરાશે. આગામી ચોમાસા પહેલા આખો પુલ બનાવીને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવાનું આયોજન છે. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને મસ્જિદ બંદર રેલવે સ્ટેશન વચ્ચે આવેલા અને પી. ડી'મેલો રોડને જોડનારા ૧૫૪ વર્ષ જૂના કર્ણાક બ્રિજને ફરી બાંધવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ૫૫૦ મેટ્રિક ટન વજનના દક્ષિણ બાજુના લોખંડના ગર્ડરને રેલવે ભાગ પર ૭૦ મીટર સુધી ખસેડવાનું કામ પૂરું થયું છે. ૧૩ ઑક્ટોબર રાતના ૧૨.૨૫ વાગ્યાથી વહેલી સવારના ૫.૪૫ વાગ્યા સુધી અને ૧૪ ઑક્ટોબર સોમવાર રાતના ૧૨.૩૦ વાગ્યાથી વહેલી સવારના ૩.૩૦ વાગ્યા સુધી આપવામાં આવેલા બ્લોક દરમિયાન લોખંડનો ગર્ડર સફળતાપૂર્વક ખસેડવામાં આવ્યો હતો. ગર્ડરને સંપૂર્ણ રીતે ખસેડવાનું કામ આગામી અઠવાડિયામાં પૂરું થશે. સમાંતર રીતે પુલના પશ્ચિમ તરફ જતા રોડનું બાંધકામ પણ આવતા અઠવાડિયાથી ચાલુ કરવામાં આવશે. બીજા ગર્ડરને બેસાડવાનું કામ ડિસેમ્બરના અંત સુધીમાં કરવાનું આયોજન છે. ■

## મુંબઈમાં ચોમાસું હજી અઠવાડિયું રોકાવાનું છે

### બદલાપુર અને કલ્યાણમાં ધોધમાર વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ અઠવાડિયાથી દરરોજ સાંજ પડવાની સાથે જ વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડી રહ્યો છે. સામાન્ય રીતે ચોમાસાની વિદાયના સમયે આ મુજબ વીજળીના કડાકાની સાથે વરસાદ પડતો હોય છે. મુંબઈમાં ચોમાસાની વિદાય હજી અઠવાડિયું લંબાઈ જવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

મુંબઈ સહિત થાણે, નવી મુંબઈ, કલ્યાણ, બદલાપુર સહિતના વિસ્તારોમાં સોમવારે બપોર બાદ અનેક વિસ્તારમાં વાદળિયું વાતાવરણ થઈ ગયું હતું. સાંજ બાદ અચાનક વીજળીના કડાકા સાથે વરસાદ તૂટી પડયો હતો. બદલાપુર, કલ્યાણના અમુક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હોવાનું જાણવા મળ્યું હતું. જોકે એકાદ કલાક માંડ પડ્યા બાદ વરસાદ થંભી ગયો હતો. મુંબઈમાં સામાન્ય રીતે આઠથી ૧૦ ઑક્ટોબરની વચ્ચે સત્તાવાર રીતે ચોમાસું વિદાય લેતું હોય છે. હાલ દેશમાં ઉત્તરના અનેક રાજ્યોમાંથી અને મહારાષ્ટ્રમાં નંદુરબાર સુધીના વિસ્તારમાં ચોમાસાએ વિદાય લઈ લીધી છે. ચોમાસાના ચાર મહિના દરમિયાન સામાન્ય રીતે દસ ઑક્ટોબર સુધીમાં મુંબઈમાંથી ચોમાસું વિદાય લેતું હોય છે. આ વર્ષે મુંબઈમાં ચોમાસું લંબાઈ ગયું છે અને હજી એક અઠવાડિયું મુંબઈમાં વરસાદ રહેવાની શક્યતા છે.હવામાન ખાતાના અધિકારીના કહેવા મુજબ હાલ અરબી સમુદ્રમાં ડિપ્રેશનની અસર છે, જોકે આ ડિપ્રેશનની દિશા ઓમાન તરફની છે. એ સિવાય બંગાળના ઉપસાગરમાં લો પ્રેશરની અસર શરૂ થઈ છે, તેની અસર હેઠળ મુંબઈ સહિત મહારાષ્ટ્રના અનેક જિલ્લામાં ૧૬થી ૧૭ ઑક્ટોબર વચ્ચે ઝરમર વરસાદની શક્યતા છે. આવા જુદા જુદા કુદરતી પરિબળોની અસર હેઠળ મુંબઈમાં ચોમાસાની વિદાય અઠવાડિયું લંબાઈ જવાની શક્યતા છે. ■



પ્રકરણ ૮૭

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

ગાયત્રી ધબકતાં હ્દયે જગમોહનના બેડરુમમાં પ્રવેશી ન થોડક ક્ષણોની ચુપકીદી બાદ દીવાન પરિવારના દરેકને બે ચીસ સાંભળવા મળી:

પહેલી ચીસ જગમોહનને હતી..

બીજો ચિત્કાર હતો ગાયત્રીનો..

ઘરના દરેક જણ જગમોહનના બેડરુમ તરફ દોડ્યાં.

એ પળે કોલકાતામાં જગમોહન દીવાનના પરિવારમાં બનેલી દુર્ઘટનાથી અજાણ કબીર ફ્લાઈટની કાચની બારીમાંથી બહારનાં વાદળ જોઈ રહ્યો હતો. ઊંચાઈએથી કોલકાતા શહેર ખૂબસૂરત લાગતું હતું. દૂરથી દરેક વસ્તુ સુંદર ભાસે છે. લેન્ડિંગ માટે એનાઉન્સમેન્ટ થઈ ગયું હતું. કબીરે ફ્લાઈટની ખુરશીનો બેલ્ટ બાંધતા વિચાર્યું કોલકાતા પણ સુંદર લાગતું હતું. શહેરના શરીરમાં એક પણ ડાઘ દૂરથી દેખાતા નહોતા.

આ જ શહેરમાં એણે બચપણ વિતાવ્યું હતું અને યુવાની પણ. આ જ શહેરમાં એણે એના પરમ મિત્ર જગમોહન દીવાન - જગ્ગે સાથે ઘણી ધીંગામસ્તી કરી હતી.

એ દિવસો જ જુદા હતા. સામે અફાટ દરિયા જેવી જિંદગી હાથ ફેલાવીને એમને આવકારતી હતી. અને મનમાં આનંદનાં મોજાં ઘૂઘવતાં હતાં. ગઈકાલનો બોજ નહોતો અને આવતીકાલની ચિંતા નહોતી. જે કરીશું એમાં સફળ જ રહેશું એવો આત્મવિશ્વાસ અને થોડું અભિમાન હતું.

ઉપરથી કોલકાતા શહેરને નિહાળતા કબીર લાલને વિચાર આવી ગયો: આ જ ભૂમિ પર માબાપના દેહને અગ્નિદાહ આપ્યો હતો. આ જમીન સાથે નાતો કેમ તૂટે!

કબીરને આશ્ચર્ય થયું કે વર્ષો બાદ આજે એની આંખ ભીની થઈ હતી.

માણસે વચ્ચે વચ્ચે રડી લેવું જોઈએ, કંઈ નહીં તો આંખ તો શુદ્ધ રહે, પોતાના જ વિચાર પર કબીરને હસવું આવી ગયું.

કોલકાતાએ ઘણું ઘણું આપ્યું હતું અને ઘણું ઘણું લઈ લીધું હતું. જગમોહન જેવો મિત્ર આપ્યો હતો. ત્યારે તો એવું જ લાગતું હતું કે જિંદગીમાં જુદા નહીં પડાય.

'મારે પોલીસ ઑફિસર બનવું છે.' કબીર હાથથી રિવોલ્વર ચલાવવાનો અભિનય કરીને કહેતો. ત્યારે જગમોહન બોલી ઊઠતો: 'તો તો મારે સ્મગલર બનવું પડશે. હિન્દી ફિલ્મોમાં આવું જ બનતું હોય છે ને!' બને હસી પડતા. સીધા રસ્તા પર પૂરપાટ દોડતી બે ગાડી અચાનક વળાંક આવતાં કેવી અલગ પડી જાય એવી રીતે બે મિત્રો જુદા પડી ગયા.

પોલીસ ઑફિસર બનવાની મહત્ત્વકાંક્ષા કબીરને કોલકાતાની બહાર ખેંચી ગઈ. જગમોહન કોલકાતામાં જ ઉદ્યોગજગતમાં સફળતાનાં એક પછી એક શિખર સર કરતો ગયો. પોલીસ ટ્રનિંગ બાદ કબીર મુંબઈ સેટલ થઈ ગયો. ફોન પર અવારનવાર વાતચીત થાય, ઘણીવાર કબીર જગ્ગેને ચીડાવતો: 'મેં તો પોલીસ અફસર બનવાનું મારું પ્રોમિસ પાળ્યું પણ તું ફરી ગયો, તું સ્મગલર ન બન્યો.' જગમોહન ત્યારે ખડખડાટ હસી પડતો. કબીરને લાગતું કે જગમોહન શરૂઆતનાં વર્ષોમાં જેટલો ખુલ્લા મને હસી શકતો એ પછી ક્યારેય એનું ખડખડાટ હાસ્ય સાંભળવા મળતું નહીં. કંઈક એવું હતું કે જેને અંદરથી કોરી ખાતું. કોઈ ચિંતા, કોઈ એવી સમસ્યા જેના વિશે જગમોહને આજ સુધી ઉલ્લેખ નહોતો કર્યો.

'શું હવાલદારથી આગળ વધ્યો કે નહીં?' જગમોહન ત્યારે ટીખળ કરતો. 'શટ અપ દોસ્ત, ડેપ્યુટી કમિશનર છું. બે મહિનામાં કમિશનર બનાવી દે તેવી શકયતા છે.' કબીર પોરસ ખાતો.

'વાહ, દોસ્ત જ્યારે પોલીસ ખાતામાં ઉચ્ચ સ્તરે હોય ત્યારે ગુનો કરવાની ઈચ્છા થઈ આવે, ફસાઈ જઈએ તો કોઈ છોડાવી તો શકે...' જગમોહન કહેતો.

'રહેવા દે મિત્ર, તું બિઝનેસ કર, ગુનો કરવાનું કામ તારું નહીં.' કબીર જવાબ આપતો. છેલ્લાં કેટલાંય વરસોથી બંને વચ્ચે વાતચીત અનિયમિત થતી ગઈ. મુખ્ય કારણ તો એ હતું કે બંને પોતપોતાના ક્ષેત્રમાં વધુ ને વધુ વ્યસ્ત થતા ગયા. કબીર લાલ મુંબઈમાં પોલીસ કમિશનર બની ગયો અને જગમોહન દીવાન કોલકાતાનો અગ્રણી ઉદ્યોગપતિ.

વિમાનની બારીના કાચથી નજીક આવતા જતા કોલકાતા શહેરને જોતાં કબીર વિચારતો હતો કે વ્યવસાયની વ્યસ્તતા ઉપરાંત કોઈ બીજું કારણ પણ હતું જે બંને મિત્રો વચ્ચેનું અંતર વધારી રહ્યું હતું. શું જગમોહન દેખાય છે એટલો સુખી નહોતો? કંઈક એવું હતું જે જગમોહન એનાથી છુપાવતો હતો. શું જગમોહન અને પ્રભાનું દામ્પત્યજીવન સુખી નહોતું? કબીર જ્યારે ફોન કરે ત્યારે જગમોહન આત્મીયતાથી વાત કરે, એની વાતચીતમાં એવી જ હૂંફ વર્તાય. પણ જગમોહન સામેથી ફોન ન કરે, કદાચ એને કબીરની યાદ નહોતી આવતી અથવા બિઝનેસ સિવાય બીજી પણ કોઈ સમસ્યા હતી જે એને સતત વ્યસ્ત રાખતી હતી. કબીર, છેવટે તું પરણ્યો નહીં, ગુનેગારો વચ્ચે આટલો બિઝી થઈ ગયો કે કોઈને ગૃહિણી બનાવી ન શક્યો?' જગમોહન ફરિયાદ કરતો.

'ના દોસ્ત, સાચું કહું તો હું પરણવાનું જ ભૂલી ગયો. કેરિયર બનાવવામાં એટલો સમય લાગી ગયો કે મેરેજ કરવાનું યાદ જ ન આવ્યું. જો કે એક રીતે સારું થયું, પરણ્યો હોત તો મિત્રને ભૂલી જાત, તારી જેમ...'

'કબીર એક વાર બોલી ગયો હતો ત્યારે જગમોહન સિરીયસ થઈ ગયો હતો. ત્યારે કબીરને લાગ્યું હતું કે કહો ના કહો પણ જગમોહન સાથે ફાંસલો વધવાનું કારણ પ્રભા છે. પરણ્યા ન હોઈએ તો ઘરે આવવાનો હેતુ જ ન રહે.'

'કબીર ત્યારે વાતાવરણને હળવું કરવા બોલ્યો હતો. પણ જગમોહનનો ઉત્તર સાંભળીને એ ઠંડો પડી ગયો હતો.

'પરણ્યા ન હોઈએ ત્યારે ઘરે આવવાની ફિકર જ ન રહે.' સમય પસાર થતો ગયો અને બંને વચ્ચે વાતચીત ઓછી થતી ગઈ. વાત થાય ત્યારે એટલી જ હૂંફ અનુભવાય, પણ ઘણી વાર અઠવાડિયા અને મહિનાઓ પસાર થઈ જાય.

કબીરને ઘણી વાર લાગતું કે સંબંધો પર બાઝેલી સમયની ધૂળ અવારનવાર ફૂંક મારીને ખંખેરવી જોઈએ. કબીર નિવૃત થઈને પૂણે સેટલ થઈ ગયો.

'મને આ શહેર ગમે છે, નાનું પણ છે અને મોર્ડન પણ... મોકળાશ પણ આપે છે અને આત્મીયતા પણ...' જગમોહનની પૃચ્છાના જવાબમાં કબીરે ખુલાસો કર્યો હતો. બંને વચ્ચે એક મહિના બાદ હજી ગયા અઠવાડિયે જ વાતચીત થઈ હતી. કોલકાતાનો ડિસોઝા ઈન્સ્પેક્ટર શિંદેને મળી ગયો હતો. એના કહેવા પ્રમાણે જગમોહન કોઈ ટેન્શનમાં હોય એવું લાગતું હતું.શિંદેનો રિપોર્ટ સાંભળીને કબીરને ઈચ્છા થઈ આવી હતી જગમોહન સાથે વાત કરવાની...

સવારના ચાર વાગે એણે ફોન કર્યો હતો ત્યારે જગ્ગેએ પહેલી જ ઘંટડી વાગતા ફોન ઊંચકી લીધો હતો. ત્યારે જ કબીરની ચિંતામાં વધારો થઈ ગયો હતો. જગમોહન આટલી મોડી રાત સુધી શા માટે જાગે છે? ત્યારે કબીરે પૂછેલું: 'જગ્ગે, હત્યા કે આત્મહત્યાના પ્લાન તો નથી બનાવતો ને?' જગમોહન હત્યા કરી શકે એટલો ક્રૂર નહોતો કે આત્મહત્યા કરી શકે એટલો નબળો નહોતો,પણ જગમોહનમાં એક દોષ હતો. એ અત્યંત સંવેદનશીલ હતો.

ત્યારે કબીરે કહ્યું હતું: 'દોસ્ત, દાર્જિલિંગ સાથે જશું. ત્યાં ખૂબ જ પીશું અને ધમાલ મચાવશું, ડન?'

જગમોહને એની સંમતિ દર્શાવી હતી. આજે એનું પ્લેન કોલકાતા એરપોર્ટ પર પાંચ મિનિટમાં લેન્ડ કરશે. કબીરે ઘડિયાળ સામે જોયું સાડા છમાં પાંચ મિનિટ બાકી હતી.

'ગઈ કાલે જ ઈન્સ્પેક્ટર શિંદે સાથે ફોનમાં વાત થઈ હતી. એ હજી હોસ્પિટલમાં જ હતો. ડોક્ટરના કહેવા પ્રમાણે હજી ત્રણ ચાર દિવસ એને હોસ્પિટલમાં રહેવું પડશે.

'સર,' ઈન્સ્પેક્ટર શિંદેએ હોસ્પિટલના બેડ પરથી એને રિપોર્ટ આપ્યો હતો: 'જગમોહન દીવાન વિશે ખૂબ જ ડિસ્ટર્બિંગ રિપોર્ટ મળે છે. એવું લાગે છે કે જાણે અચાનક એના ઘણાબધા દુશ્મનો ઊભા થઈ ગયા છે.' 'ડોન્ટ વરી, શિંદે' કબીરે ત્યારે શિંદેને ધરપત આપી હતી, 'હવે હું જાઉં છું સો ઘેર વીલ બી નો પ્રોબ્લેમ્સ.'

થોડી જ ક્ષણોમાં પ્લેન કોલકાતાના રનવે પર લેન્ડિંગ કરશે. અચાનક શહેરની ધરતી ખૂબ જ પાસે આવી ગઈ હતી. એક ઝટકા સાથે પ્લેનનાં ટાયર રનવે સાથે અથડાયાં અને પ્લેન રનવે પર દોડવા માંડ્યું. આ ઉંમરે પણ ટેકઓફ કે લેન્ડ કરે ત્યારે ભયનું લખલખું શરીરમાં ફરી વળે છે, કબીરે વિચાર્યું. અચાનક એના મનમાં એક વિચાર ઝબકી ગયો: 'હું પહોંચું ત્યાં સુધી જગમોહનને કાંઈ ન થાય તો સારું!'

*************

વિક્રમે જોયું કે પૂજા નસકોરાં બોલાવી રહી હતી. એણે ઘડિયાળમાં નજર નાખી. સાંજના પોણા પાંચ થયા હતા. એણે થોડી વાર પહેલાં જ પૂજાને તાકીદ કરી હતી:

'મહેરબાની કરીને સૂઈ ન જતી, નહીંતર પાછી ઊંઘમાં ચાલવા માંડીશ' ત્યારે પૂજાએ છણકો કરતાં કહ્યું હતું કે, ઊંઘ અને ઊંઘમાં ચાલવાની આદત એ બંને વસ્તુ પર મારો કંટ્રોલ નથી.

આજે પપ્પાએ ઑફિસ જવાની ના પાડી હતી એટલે બધાંએ ઘરમાં જ ગોંધાઈ રહેવું પડ્યું હતું. ચાલુ દિવસે ઘરમાં રહેવું પડે એ પુરુષને માટે સજા છે, વિક્રમે વિચાર્યું. પછી તુરત જ પોતાનો વિચાર એણે ફેરવી તોળ્યો. પોતાના ઘરે રહેવું પડે એ સજારૂપ છે. શ્યામલીના ઘરે ચાલુ દિવસે રહેવમાં પણ આનંદ આવે છે.

બહાર ખખડાટ થવાનો અવાજ આવતાં વિક્રમ ચમક્યો પણ 'બપોરના કોણ ચોર ઘૂસી આવવાનું છે' એમ વિચારીને એ પડ્યો રહ્યો. ત્યારે એને પૂજાનાં નસકોરાં સંભળાયાં. પપ્પાએ કબીર અંકલને એરપોર્ટ પર રિસિવ કરવાની શા માટે ના પાડી દીધી એ વિક્રમને સમજાયું નહીં. કદાચ એ કોઈ જોખમ નહોતા માગતા.

એક વાર કબીર અંકલ આવી જાય તો સારું... એમના આવવાથી પપ્પાનું મન શાંત પડશે અને કદાચ ઘરના વાતાવરણમાં પણ પરિવર્તન આવશે.

આ વખતે કબીર અંકલને ઘરની હાલત વિશે વાકેફ કરી દેવા છે... પૈસો, સુખ હોવા છતાંય ઘરમાં શાંતિ નથી. પપ્પા-મમ્મી વચ્ચેના મતભેદોનો પડછાયો હવે બાપ-દીકરાના સંબંધ પર પણ પડવા લાગ્યો હતો. હવે પપ્પાને દરેક સાથે વાંકું પડતું હતું. અચાનક પૂજાનાં નસકોરાં સંભળાતાં બંધ થઈ ગયાં, પાણીનું મશીન અચાનક બંધ પડે ત્યારે વાતાવરણમાંથી કોઈએ કાંઈ આંચકીને લઈ લીધું હોય એવી પ્રતીતિ વિક્રમને થઈ. એણે પૂજા તરફ જોયું. 'પૂજાની આંખ ખુલ્લી હતી. વિક્રમ ડરી ગયો. પૂજાને એણે ઢંઢોળી: પૂજા... સાંભળ...પૂજા.' પણ પૂજા ખુલ્લી આંખે ગાઢ ઊંઘમાં હતી. એ ઊભી થઈ અને બારણા તરફ આગળ વધી.

વિક્રમ થથરી ગયો. નિંદ્રામાં ચાલવાનો રોગ આટલો ભયંકર હોઈ શકે એવી એને કલ્પના પણ નહોતી. હવે શું કરવું જોઈએ? પૂજાને રોકવી જોઈએ કે પછી...? પૂજા બારણા તરફ ધીમા પગલે આગળ વધતી હતી.

એક વાર તો ઈચ્છા થઈ આવી કે પૂજાને ઢંઢોળીને એને ઊંઘમાંથી

ઉઠાવી દેવી જોઈએ. પણ વિક્રમ કંઈ કરે એ પહેલાં જ પૂજા બહાર નીકળી ગઈ. વિક્રમ એની પાચળ દોડ્યો. પાંચ મિનિટ પછી બે ચીસ સંભળઈ. પહેલી જગમોહનની હતી. બીજી કદાચ ગાયત્રીની હતી અથવા પૂજાની હતી.

* * * *******


'સારું થયું તારો બાપ દેશનો પ્રાઈમ મિનિસ્ટર ન થયો, નહીંતર એ ડિકટેટર બની જાત...' જતીનકુમારે કટાક્ષમાં રેવતીને સંભળાવ્યું. દુનિયાથી હારેલો નબળો પુરુષ લાગ મળે ત્યારે પત્નીનાં મા-બાપને પોતાનું લક્ષ્ય બનાવે એમ જતીનકુમાર પણ એક પણ તક જતી નહોતા કરતા.

'હવે મારા પપ્પાએ તમારું શું બગાડ્યું?' જતીનકુમારનાં વ્યંગબાણ રેવતીને કોઠે પડી ગયાં હતાં છતાં વિશે કોઈ અણછાજતું બોલે એ કેમ ચલાવી લેવાય? 'બીજું શું....? તને રુપિયા આપવાની ના પાડીને તગેડી મૂકી. તું પણ એવી ભોટ કે ધોયેલ મૂળાની જેમ ચૂપચાપ આવી ગઈ. તારા બદલે હું હોત તો ...' જતીનકુમારનો ગુસ્સો હજી શમતો નહોતો. ગઈકાલે રાતના એણે રેવતીને સમજાવીને મોકલી હતી કે તારા બાપ પાસેથી પચાસ લાખ રુપિયા માગી આવ. પચાસ નહીં તો છેવટે પચ્ચીસ તો આપશે જ એવી જમાઈબાબુને આશા હતી. સસરાએ ફૂટી કોડી ન પરખાવી એ જોઈને એને ખૂબ લાગી આવ્યું હતું. સવારથી એ વારંવાર પત્ની પર પોતાની દાઝ કાઢતા હતા.

'એક તો રુપિયા આપવા નહીં, અને વળી આપણને અહીં નજરકેદ રાખ્યાં છે. અરે બપોરે કોઈ ખૂની નવરો છે કે તમારી હત્યા કરવા દોડી આવે... અમારા સમયની કોઈ કિંમત ખરી કે નહીં?' જતીનકુમારે ફરી એક વાર બળાપો કાઢ્યો અને પછી અચાનક પૂછ્યું :

'તને શું લાગે છે રેવતી, કોણ તારા બાપનું ખૂન કરવા માગે છે?'

(ક્રમશઃ)■




## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| અચેતન | UNCONSCIOUS |
| છીંક | VOMIT |
| ઉલટી | GIDDINESS |
| ચક્કર | ANESTHESIA |
| બેભાન | SNEEZE |

### ઓળખાણ પડી?



સફેદ અને લીલી એમ બે જાતમાં પાકીને તૈયાર થતા ખટમીઠાં ફળની ઓળખાણ પડી? અથાણું કરવા ઉપરાંત એના ઔષધીય ગુણ પણ છે.

અ) કમરખ   બ) કરમદા   ક) કાચીકા   ડ) જાંબુ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દ | ૨ | ૨ વા | ન | ■ | ૩ ત | ૪ ક | લી | ૫ ફ | ■ |
| ૨ | ■ | મ | ■ | ૬ એ | ક | લ | ■ | ૭ રા | ૮ શી |
| ૯ બા | ૧૦ ર | ણું | ■ | ક | ■ | ૧૧ હ | ૧૨ ર | ક | ત |
| ૧૩ રી | ત | ■ | ૧૪ મ | લ | ૧૫ ય | ■ | સી | ■ | ળ |
| ■ | ૧૬ ન | ૧૭ રી | ■ | ૧૮ દો | જ | ખ | ■ | ૧૯ ખ | તા |
| ૨૦ બ | ■ | ૨૧ ધ | ૨૨ ડ | ક | ન | ■ | ૨૩ ચ | ર | ■ |
| ળ | ■ | ૨૪ મ | રા | લ | ■ | ૨૫ ચૂ | પ | ચા | ૨૬ પ |
| ૨૭ જ | ૨૮ ન | ■ | વ | ■ | ૨૯ ખ | ર | લ | ■ | રા |
| ૩૦ બ | હા | ૩૧ ર | વું | ■ | મા | ■ | ■ | ૩૨ વ | ક |
| ૩૩ રી | વા | જ | ■ | ૩૪ વિ | જ | યા | દ | શ | મી |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | | ■ |
| | ■ | | ■ | ૫ | | ■ | | ■ | ૬ |
| | ■ | ૭ | | | | ૮ | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | | | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | | ■ | | ■ | ૧૫ | ૧૬ | | |
| ૧૭ | | ■ | ૧૮ | ■ | ૧૯ | | | | ■ |
| | ■ | ૨૦ | | ■ | | ■ | | ■ | ૨૧ |
| ૨૨ | | | ■ | ૨૩ | | ૨૪ | | ■ | |
| | ■ | ૨૫ | ૨૬ | | ■ | | ■ | ૨૭ | |
| ■ | ૨૮ | | | | ■ | ૨૯ | | | |

**આડી ચાવી**

૧. શૈશવ (૪)
૩. સંશોધન માટે થતું ખોદકામ (૪)
૫. તડકો (૨)
૭. અહીં લાક્ષાગૃહ રચાયું (૫)
૯. પાસે (૨)
૧૦. એક દૂધની મીઠાઈ (૩)
૧૨. રામ પાસે ---- સેના હતી (૩)
૧૩. એક કરતાં વધારે, દોઢ કરતાં ઓછું (૨)
૧૪. પૂમડું (૨)
૧૫. પ્રતિષ્ઠિત, સારા કુળનું (૪)
૧૭. કંજૂસ, બદમાશ (૨)
૧૯. નટોમાં શ્રેષ્ઠ (૪)
૨૦. પારસીઓમાં જનોઈ દેવાનો સંસ્કાર (૨)
૨૨. બીકણ, ડરપોક, નમાલો (૩)
૨૩. ગણિતનો અભ્યાસ પાઠ (૪)
૨૫. કર્ણે ---- કુંડળનું દાન કર્યું (૩)
૨૭. દશરથનંદન, રઘુકુલભૂષણ (૨)
૨૮. કક્કા પરથી બને (૪)
૨૯. ---- ફૂલની નિયતિ છે (૪)

**ઊભી ચાવી**

૧. પરભારું (૪)
૨. પંદર દિવસનો સમૂહ (૫)
૩. સુંદર વન (૪)
૪. આકાશ (૨)
૫. કાપડ ----થી બને (૪)
૬. શ્યામ, નહીં ગોરું કે નહીં કાળું (૪)
૮. સનસનાટી, હોહા, ડર (૪)
૯. સત્ત્વશીલ (૪)
૧૧. ગરબડગોટાળો (૩)
૧૬. અકબરના દરબારમાં ---- હતાં (૪)
૧૭. માણસ રોજેરોજના ----માં બીઝી હોય (૪)
૧૮. મજાક, તોફાન (૨)
૧૯. આંખો, નજરો (૩)
૨૦. લીસા નહીં એવા (૪)
૨૧. સૂર્યને રોજ ---- પડે (૪)
૨૩. મારી ----ને મેળ બેસાડવો પડે (૩)
૨૪. પ્રાસ, શબ્દાલંકાર, રાઈમ (૩)
૨૬. ઝેર (૨)
૨૭. નોકર (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'જીભ તાળવે ચોંટ્યો છે' પંક્તિમાં તાળવે શબ્દનો અર્થ જણાવો.

અ) ગુંદર   બ) તોરણ   ક) ગળાનો ભાગ   ડ) તળિયું

### માતૃભાષાની મહેક

વ્યાકરણ ભાષાને નિયમમાં રાખે છે અને વિકાર પામતી અટકાવે છે. વ્યાકરણનો અભ્યાસ જરૂરી છે. એના જ્ઞાન વિના અશુદ્ધ રૂપ વપરાતા સ્વજન (પોતાના માણસ )ને બદલે શ્વજન (શ્વાન), સકલ ( સઘળું )ને બદલે શકલ (ખંડ અથવા ટુકડો) અને સકૃત્ (એક વાર )ને બદલે શકૃત ( છાણ ) લખાય કે કહેવાઈ જાય. શુદ્ધ ભાષાના રક્ષણ માટે વ્યાકરણનું અધ્યયન આવશ્યક છે.

### સુડોકુ-૭૦૦૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૩ | | | ૫ | | | ૬ |
| | | ૪ | | ૧ | ૮ | | | |
| | | | ૬ | | | | | ૪ |
| ૩ | | | | | | ૮ | ૧ | |
| | | ૭ | | | | ૯ | | |
| | ૮ | ૯ | | | | | | ૫ |
| ૭ | | | | | ૬ | | | |
| | | | ૧ | ૫ | | ૩ | | |
| ૯ | | | ૨ | | | ૫ | ૭ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૦૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૯ | ૬ | ૨ | ૧ | ૭ | ૪ | ૮ |
| ૪ | ૧ | ૮ | ૩ | ૭ | ૯ | ૫ | ૬ | ૨ |
| ૭ | ૬ | ૨ | ૪ | ૮ | ૫ | ૯ | ૩ | ૧ |
| ૧ | ૪ | ૫ | ૯ | ૬ | ૭ | ૨ | ૮ | ૩ |
| ૯ | ૨ | ૩ | ૧ | ૪ | ૮ | ૬ | ૫ | ૭ |
| ૬ | ૮ | ૭ | ૫ | ૩ | ૨ | ૪ | ૧ | ૯ |
| ૫ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ | ૧ | ૨ | ૬ |
| ૮ | ૯ | ૧ | ૨ | ૫ | ૬ | ૩ | ૭ | ૪ |
| ૨ | ૩ | ૬ | ૭ | ૧ | ૪ | ૮ | ૯ | ૫ |

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ LINGUISTICS ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) લાકડા   બ) નકશા   ક) વહાણ   ડ) ભાષા

### ઈર્શાદ

*ઉદાસી આ સૂરજની આંખે ચડી છે,*
*તમારા વિના સાંજ ડૂસકે ચડી છે.*

*--- ભગવતીકુમાર શર્મા*

### માઈન્ડ ગેમ

ગુજરાતના કયા માર્કેટ યાર્ડમાંથી કરોડો રુપિયાનું જીરું, ઘોડાજીરું, ઇસબગુલ, તુવેર અને વરિયાળી વેચાય છે? જીરાની નિકાસ સમગ્ર ભારતમાં જ્યારે ઇસબગુલ ભારત ઉપરાંત પરદેશમાં જાય છે.

અ) ઈડર   બ) ઊંઝા
ક) મહુવા   ડ) બગસરા

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ઘોર અંધારી રે | રાતલડીમાં નીકળ્યા ચાર અસવાર |
| સોનલ ગરબો શિરે | અંબે માં ચાલો ધીરે ધીરે |
| આકાશમાંથી ઉતર્યા રે | ભોળી ભવાની માં |
| પેથલપુરમાં પાવો વાગ્યો ને | મારો સુતો સોણલડો જાગ્યો |
| કેમ કરી જઈશ ઘરમાં જઈશ? | બેડાં મારા નંદવાણાં રે |

ઓળખાણ પડી?
ઘેરૈયા નૃત્ય

ગુજરાત મોરી મોરી રે
છોકરાં

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
દુકાન

માઈન્ડ ગેમ
વડોદરા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારી પ્રકાશ કટકિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) સુરેખા દેસાઈ (૫) ભારતી બુચ (૬) સુભાષ મોમાયા (૭) નિખિલ બંગાળી (૮) અમીશી બંગાળી (૯) લજિતા ખોના (૧૦) મહેશ દોશી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૫) ભાવના કર્વે (૧૬) અશોક સંઘવી (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વિણા સંપટ (૨૩) અંજુ ટોલિયા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) હર્ષા મહેતા (૨૬) ભારતી બુચ (૨૭) શિલ્પા શ્રોફ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હિના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) પ્રવીણ વોરા (૩૩) રજનીકાંત પટવા (૩૪) સુનીતા પટવા (૩૫) શીરીન ઔરંગાબાદવાલા (૩૬) પુષ્પા ખોના (૩૭) નિતીન બજરિયા (૩૮) નૂતન વિપીન (૩૯) ખુશરૂ કાપડિયા (૪૦) ગીતા ઉદેશી (૪૧) પ્રતીમા પમાણી (૪૨) ધીરેન્દ્ર ઉદેશી (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) તાહેર ઔરંગાબાદવાલા

# તન-મન-ધનથી રહો તરોતાજા




# નિવૃત્ત જીવનની જરૂરિયાત કેમ અલગ હોય છે ?

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

અબ્રાહમ મેસ્લો નામના મનોવિજ્ઞાનીએ ૧૯૪૩માં ‘હાઈરાક ઑફ નીડ્સ’ નામની થિયરી રજૂ કરી હતી. તે ‘મેસ્લોસ લો’ તરીકે પણ ઓળખાય છે. મનુષ્યની અસ્તિત્વ ટકાવી રાખવાની સ્થિતિમાંથી આત્મબોધની સ્થિતિ સુધીની સફરને મેસ્લોસ લોમાં આવરી લેવામાં આવી છે, જેમકે..

આત્મબોધ - આત્મસન્માન-પોતાપણાની જરૂરિયાત-સલામતી માટેની જરૂરિયાત-મૂળભૂતિ જરૂરિયાત.....

મેસ્લો કહે છે કે મનુષ્યના જીવનમાં સૌથી પહેલાં મૂળભૂત જરુરિયાતો સંતોષવાની હોય છે. અન્ન-જળનો તેમાં સમાવેશ થાય છે. આ જરુરિયાતો સંતોષાઈ ગયા બાદ આપણે બીજી જરુરિયાતો પૂરી કરવાની હોય છે. એ જરુરિયાતોને એમણે સલામતી માટેની જરુરિયાતો ગણાવી છે, જેમકે માથું ઢાંકવા માટે ઘર, સુરક્ષા માટે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, જીવનમાં સ્થિરતા લાવનારી વસ્તુઓ, વગેરે જરુરિયાતો આપણે પૂરી કરવાની હોય છે.

આપણી મૂળભૂત અને સલામતી માટેની જરુરિયાત પૂરી કરવા માટે નાણાંની જરુર પડે છે. એ પૂરી થયા બાદ આપણને પોતાપણું, પ્રેમ, સ્નેહ, હૂંફ એ બધાની જરુર પડે છે. પરિવારજનો, મિત્રો અને સમાજ એ જરુરિયાતો પૂરી કરે છે.

એ પછી આવે છે આત્મસન્માન માટેની જરુરિયાત. આપણને કોઈ માન આપે, આપણો સામાજિક મોભો હોય, ગૌરવ હોય એ બધી બાબતનો તેમાં સમાવેશ થાય છે. આ ત્રીજા અને ચોથા તબક્કાની જરુરિયાતો નાણાં પૂરી કરી શકતાં નથી.

ઉપરોક્ત ચારે પ્રકારની જરુરિયાતને ખાધ પૂરી કરવા માટેની ‘જરુરિયાત’ કહેવાય છે. તેનો અર્થ એવો થયો કે એક તબક્કાની બધી વસ્તુઓ મળી જાય ત્યારે ખાધ પૂરી થઈ ગઈ કહેવાય અને પછી આપણે બીજા તબક્કા તરફ આગળ વધીએ છીએ. ઉદાહરણ તરીકે, અન્ન-જળની જરુરિયાત પૂરી થયા બાદ આપણને વસ્ત્રો, ઘર, કાયદો, વ્યવસ્થા વગેરે જોઈએ છે. આ બંને તબક્કા બાદ પ્રેમ, હૂંફ જોઈએ છે અને પછી માન-સન્માન, ગૌરવ વગેરેની જરુર પડે છે.

મનુષ્યની છેલ્લી અને અગત્યની જરુરિયાત છે આત્મબોધની. કુદરત સાથે તાદાત્મ્ય સાધવાની એકરુપ થઈ જવાની આ ઈચ્છા હોય છે. આ પ્રક્રિયા સતત ચાલતી હોય છે. આત્મબોધ નાણાંથી ખરીદી શકાતો નથી.

આ બધી વાતનો નિવૃત્ત જીવન સાથે શું સંબંધ છે? નિવૃત્ત લોકોની જરુરિયાતો પણ આ જ ક્રમમાં હોય છે. નિવૃત્તિ બાદ સૌથી પહેલાં તો રોટી, કપડાં ઔર મકાનની જરુરિયાત પૂરી કરવાની હોય છે. આપણા બધાની જેમ નિવૃત્ત લોકોને પણ અસ્તિત્વ ટકાવી રાખવા માટેની લડાઈ લડવાની હોય છે. પોતાના અવસાન સુધી નાણાં ટકશે કે નહીં એ સવાલ ઘણો મોટો હોય છે. નિવૃત્તિ માટેનું પૂરતું ભંડોળ એકઠું કરી લીધું હોય તો આ ચિંતાનો અંત આવી જાય છે.

આજકાલ વરિષ્ઠ નાગરિકો પર હુમલા, એમના ઘરમાં ચોરી, લૂંટફાટ, વગેરે પ્રકારના ગુનાઓ વધતા જાય છે. પોલીસ, સરકાર અને સમાજ ભેગાં મળીને આ સમસ્યાના હલ માટે પ્રયાસ કરી રહ્યા છે.

નિવૃત્ત લોકોને પરિવારજનો, મિત્રો અને સમાજનાં સ્નેહ અને હૂંફની જરુર હોય છે. ભારતીય સમાજમાં વડીલો પરિવારનો જ હિસ્સો ગણાય છે. એમનું માન સચવાય છે તથા એમની દેખરેખ રાખવામાં આવે છે. વળી, આજકાલ પરિવાર ઉપરાંત અનેક ઔપચારિક અને અનૌપચારિક વર્તુળો- કેન્દ્રો કાર્યરત છે. તેમાં વડીલો ભેગા મળીને સમય વ્યતીત કરી શકે છે. પોતાપણું તથા સ્નેહની જરુરિયાત આવાં કેન્દ્રમાં પૂરી થતી જોવા મળે છે.

આગામી વર્ષોમાં વરિષ્ઠ નાગરિકો માટેની ખાસ વસાહતો રચવામાં આવશે. તેમાં મૂળભૂત આરોગ્યસેવા, દેખભાળ, ચોવીસે કલાકની સુરક્ષા, મનોરંજક પ્રવૃત્તિઓ જેવી સુવિધાઓ હશે. વસાહતોમાં મૂળભૂત જરુરિયાતો, સલામતીની જરુરિયાતો અને પોતાપણાની જરુરિયાત સંતોષાશે.

આત્મસન્માન, ગૌરવ, વગેરે પ્રાપ્ત કરવા માટે વડીલો પોતાના જ્ઞાન, અનુભવનો લાભ પરિવારને, સમાજને કે સમુદાયને આપી શકે છે. એ ખુદ સ્વૈચ્છિક સંસ્થાઓ, આશ્રમો, જેવાં સ્થળે સેવા આપી શકે છે, વંચિત વર્ગનાં બાળકોને કે પ્રૌઢોને શિક્ષણ આપી શકે છે, નવી પેઢીને માર્ગદર્શન આપી શકે છે. જો કે, આ બધું કહેવા કરતં કરવું અઘરું છે. ઘણાં બધા લોકોને સ્વૈચ્છિક સંસ્થામાં જવાનો કે સામુદાયિક કાર્ય કરવાનો અનુભવ નથી હોતો. વળી, નિવૃત્તિ બાદ આવું કરે ત્યારે અહમ્ વચ્ચે નડે એવું પણ શક્ય છે. જો યુવાપેઢી તેમનું સાંભળે નહીં તો એમને નાહક મનદુઃખ થઈ શકે છે. આથી મોટા ભાગના નિવૃત્ત લોકોને શું કરવું તે સમજાતું નથી.

આત્મબોધ માટે મેડિટેશન એ એક ઉપાય છે. મેડિટેશનનો અર્થ ટટ્ટાર બેસીને, પલાંઠી વાળીને કે આંખો બંધ કરીને બેસી રહેવું એ જ નથી. મેડિટેશન એટલે કે ચિંતન કરવાના અનેક રસ્તા છે. ભગવદ્ ગીતામાં તથા અન્ય ધર્મગ્રંથોમાં મેડિટેશનના અનેક વિકલ્પ દર્શાવવામાં આવ્યા છે.

આમ નિવૃત્ત જીવન માટે ફક્ત નાણાકીય વ્યવસ્થા કરી લેવાથી કામ પતી જતું નથી. નાણાંથી તો ફક્ત મૂળભૂત જરુરિયાતો સંતોષાશે. બીજા તબક્કા બાદની જરુરિયાતોને સંપૂર્ણપણે નાણાં સાથે સંબંધ નથી. આથી, તેના વિશે અલગથી વિચાર કરવો જરુરી છે. ■



feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
નિધિ ભટ્ટ

# યુવાનોને હૃદયની બીમારી કેમ થાય છે?

**મુંબઈમાં** કુલ મૃત્યુના ૧૧ ટકા મરણ હૃદયરોગનો આંચકો લાગવાથી થાય છે. મુંબઈના ૧૮-૬૯ વર્ષના વયજૂથના ૩૪ ટકાને બ્લડ પ્રેસરની અને ૧૮ ટકાને ડાયાબિટિઝની બીમારી છે. ૨૧ ટકા મુંબઈગરામાં કોલેસ્ટેરોલનું જોખમી પ્રમાણ છે.

તરુણોમાં હાર્ટ એટેકથી મૃત્યું થવાનું પ્રમાણ વધી ગયું છે. આના કારણો ખોટી જીવનશૈલી, ઓષધને દૂરુપયોગ, કોલેસ્ટેરોલનું વધતું પ્રમાણ અને વ્યસન છે. યોગ્ય સમયે રોગનું નિદાન થાય તો એમાંથી બચી શકાય છે. જ્યાં સુધી ગંભીર બીમારીનું નિદાન ન થાય ત્યાં સુધી કોલેસ્ટેરોલના ઊંચા પ્રમાણનો ખ્યાલ આવતો નથી. ૧૯થી ૨૪ વર્ષના વયજૂથમાં ઊંચા કોલેસ્ટેરોલને લીધે હાર્ટએટેક આવવાનું ૫૦ ટકા જોખમ હોય છે.

કાર્ડિયોલોજિસ્ટ કહે છે કે હૃદય અને રક્તવાહીનીને લગતી બીમારીને સાયલન્ટ કિલર કહેવા૪માં આવે છે. આના ઉપચાર માટે આવનારા દસમાંથી સાત યુવાનોની શરીરમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ વધારે હોય છે. સ્ત્ર અને પુરુષો બન્નેમાં ક્કોલેસ્ટેરોલનું પ્રમાણ વધારે હોવાની બીમારી હોય છે.

કાર્ડિયોલોજિસ્ટ કહે છે કે હાર્ટએટેકથી બચવું હોય તો લોહીની તપાસ અને સ્કેનિંગ નિયમિત કરાવવુ જરૂરી છે. યોગ્ય આહાર, નિયમિત વ્યાયામ અને રેગ્યુલર ટેસ્ટ કરાવીને હૃદયનું આરોગ્ય જાળવી શકાય.

**હાર્ટ એટેક આવે ત્યારે શું કરવું?**

હુમલો આવે એના પછીના કલાકો ઘણા મહત્ત્વના છે. સમયસર ઉપચાર કરાવો તો જીવન બચી શકે છે. આ માટે હૉસ્પિટલમાં કેથલેબ અને હાર્ટના ઓપરેશનની વ્યવસ્થા હોવી આવશ્યક છે. ગ્રામીણ ભાગમાં રક્તવાહીનીમાં ગઠ્ઠો ન જામી જાય એ માટે ‘ટિનોકિટપ્લેજ’ નામની દવા અપાય છે. અ ાદવા આપવાથી આગળના ઉપચાર માટે સમય મળી જાય છે. ખાનગી હૉસ્પિટલમાં ઉપચારનો ખર્ચ ઓછામાં ઓછો ૫૦થી ૭૦ હજાર રૂપિયા થઈ શકે. આરોગ્ય વિભાગની હૉસિપ્ટલમાં આ દવા મફત અપાય છે. તદુપરાંત ૩૦ વર્ષની ઉપરની વયના લોકોને માટે મહત્ત્વની સુવિધામાં ઓગસ્ટ ૨૦૨૨થી ૨૬ હૉસ્પિટલમાં બ્લડ પ્રેસર અને ડાયાબિટીઝની મફત ચકાસણી કેન્દ્ર શરૂ કરાયા છે. ઓગસ્ટ ૨૦૨૪ સુધી ચાર લાખથી વધારે લોકોએ આવી ચકાસણી કરાવી છે. આમાં ૯.૦૫ ટકા બ્લેડ પ્રશેરના અને ૧૨.૩૩ ટકા ડાયાબિટીઝના દર્દીઓ શોધી કઢાયા છે. ■

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

# ગાડરિયા પ્રવાહથી કેવી રીતે બચવું ?


**બિહેવિયરલ** ફાઇનાન્સના વિષયમાં આજે આપણે હર્ડ મેન્ટાલિટી વિશે વાત કરીશું. જ્યારે કોઈ વ્યક્તિ એક સમૂહ કે જૂથના બીજા લોકોનું અનુકરણ કરે ત્યારે તેને ‘હર્ડ મેન્ટાલિટી’ કહે છે. લોકો એવા સમયે પોતાના સ્વતંત્ર વિશ્લેષણ, નિરીક્ષણ કે તર્કને અનુસરવાને બદલે લાગણીમાં આવી જઈને બીજાઓનું અનુકરણ કરતા હોય છે. બિહેવિયરલ ફાઇનાન્સમાં રોકાણકારો અન્ય રોકાણકારોનું અનુકરણ કરે ત્યારે તેને હર્ડ મેન્ટાલિટી બાયસ કહેવાય છે. વ્યક્તિગત રીતે એમણે પોતે કોઈ અલગ જ નિર્ણય લીધો હોત, પરંતુ કોઈ સમૂહ કે જૂથના પ્રભાવમાં આવી જઈને એમનું અનુકરણ કરવા માંડે એને જ કહેવાય ગાડરિયો પ્રવાહ.

**આવું શું કામ થાય છે?**

મનુષ્ય સામાજિક પ્રાણી છે અને તેથી એને બીજા લોકોથી વિપરીત વર્તન કરવામાં હંમેશાં મુશ્કેલી નડતી હોય છે. આ મુશ્કેલી ભાવનાત્મક કે માનસિક હોય છે. આપણે જો બીજાઓ કરે છે એમ નહીં કરીએ તો શું થશે એવો ડર સૌને સતાવતો હોય છે. ક્યારેક બીજાઓથી અલગ વર્તન કરવામાં ભોંઠા પડી જવાની બીક રહેતી હોય છે.

ઉદાહરણ તરીકે, ધારો કે તમે કોઈ નવા જ સ્થળે રજાઓ માણવા ગયા છો અને ત્યાં તમે નાસ્તો કરવા માટે કોઈ સારી જગ્યા શોધી રહ્યા છો. તમને નજીકમાં જ બે કેફે દેખાય છે. એક કેફેમાં માણસો ઊભરાય છે અને બીજામાં ગણ્યાગાંઠ્યા લોકો જ છે. તમે આ બન્નેમાંથી કયા કેફેમાં જવાનું પસંદ કરશો, જે ખાલી છે એમાં જશો કે ભરેલું છે એમાં? એમાં મળતી વસ્તુઓનો સ્વાદ સારો હોય તો જ ત્યાં ગિરદી વધારે હોય એવી એક સામાન્ય છાપને લીધે સહજ છે કે તમે ગિરદીવાળા કેફેમાં જશો. શક્ય છે કે જ્યાં ગિરદી ઓછી હોય ત્યાં વધારે સ્વાદિષ્ટ ખાવાનું મળતું હોય. આમ છતાં, બીજાઓને જોઈને ગિરદીવાળા કેફેમાંજ જવાનુ લોકો પસંદ કરતા હોય છે. બીજાઓને જોઈને ગિરદીવાળા કેફેમાં જવું એ જ છે ગાડરિયો પ્રવાહ.

શેરબજારમાં પણ ગાડરિયો પ્રવાહ ખાસ જોવા મળે છે. ઇન્ડેક્સ ઘટે ત્યારે બીજાઓને શેર વેચતા જોઈને ભલભલા લોકો પોતાનો પોર્ટફોલિયો ખાલી કરવા લાગી જતા હોય છે. એ જ રીતે ઇન્ડેક્સ વધતો હોય ત્યારે મોંઘા ભાવે પણ ખરીદી કરવામા લાગી જાય. અહીં ઓછા ભાવે ખરીદવું અને ઉંચા ભાવે વેચવુ એવા વણલખ્યા નિયમને પણ લોકો અનુસરતા નથી. આમ થવાનું કારણ ગાડરિયો પ્રવાહ એટલે કે હર્ડ મેન્ટાલિટી છે. ‘બીજા લઈ ગયા ને આપણે રહી ગયા’ જેવી વૃત્તિ અહીં જોવા મળે છે. બજારમાં શેર ઉંચા ભાવે મળી રહ્યા છે કે વાજબી ભાવે, એનું વિશ્લેષણ પણ લોકો કરતા નથી. પોતાના માટે આ શેર સારો છે કે નહીં એનો પણ વિચાર કર્યા વગર લોકો બીજાઓનું અનુકરણ કરે છે.



**ગાડરિયા પ્રવાહમાંથી કેવી રીતે બહાર આવવું ?**

સામાજિક પ્રાણી તરીકે મનુષ્યનું આ વર્તન ઘણું જ સહજ છે અને તેથી જ એમાંથી બહાર આવવાનું ઘણું જ મુશ્કેલ છે. પોતે આ પૂર્વગ્રહથી કેવી રીતે બચી શકે છે એનો વિચાર દરેક વ્યક્તિએ કરવો જ રહ્યો. તેમાંથી બહાર આવવા માટે કેટલાંક સૂચનો આ રહ્યા :

**સમજી-વિચારીને આગળ વધવું...**

તમારે સાંભળવું બધાનું અને કરવું પોતાના મનનું એવું વલણ અપનાવતાં શીખવું જોઈએ. બીજાઓ કરતાં અલગ રીતે વિચાર કરવો અને સંજોગોને સમજીને આગળ વધવું.

**બીજાઓથી વિપરીત વિચાર પણ કરી જોવો...**

રોકાણ જગતમાં એવો અનુભવ છે કે ઘણા લોકો બીજા બધા કરતાં સાવ અલગ પડતા હોય છે. પ્રવર્તમાન માન્યતા કે પ્રવૃત્તિ કરતાં વિરુદ્ધ દિશામાં જવામાં આ લોકોને કોઈ છોછ કે ડર હોતો નથી. બીજાઓ જ્યારે શેર વેચી રહ્યા હોય ત્યારે તમે સમય-સંજોગોને જોઈને ખરીદી કરવાનો નિર્ણય લઈને ગાડરિયા પ્રવાહથી વિરુદ્ધ જઈ શકો છો.

**પરિસ્થિતિનું વિશ્લેષણ કરવું...**

ભવિષ્યમાં શું પરિણામ આવી શકે અથવા તો શું સ્થિતિ સર્જાઈ શકે એનો વિચાર કરવો અને વર્તમાન તથા ભાવિનું વિશ્લેષણ કરવું એ પણ ગાડરિયા પ્રવાહની વૃત્તિમાંથી છૂટકારો મેળવવા માટેનો એક રસ્તો છે.

**એક ઉદાહરણ જોઈએ..**

તમે પોતાના વાહનમાં કોઈ પ્રવાસે જવા ઊપડો ત્યારે કારનું સંપૂર્ણ ચેકિંગ કરાવી લો છો. ટાયર બરોબર છે કે નહીં, એમાં હવા ભરાયેલી છે કે નહીં, પૂરતું પેટ્રોલ છે કે નહીં, એ બધી વાતનું ધ્યાન રાખવામાં આવે છે. હવે ધારો કે હાઇ-વે પર તમારી કારનું બ્રેક ડાઉન થઈ ગયું. તો શું તમે એ સ્થિતિનો સામનો કરવા માટે સજ્જ છો?

આથી જ કહેવાનું કે આર્થિક નિર્ણયો લેતી વખતે કોઈ પણ સ્થિતિનો સર્વાંગી વિચાર કરીને આગળ વધવું. ■

# ઇયરબર્ડ્સ બનાવી શકે છે બહેરાં



**મોબાઇલ** ફોન સાથે ઇયરબર્ડસ કનેક્ટ કરીને એમાં મ્યુઝિક સાંભળવાની ખૂબ મજા આવે છે, પરંતુ આ જ ઇયરબર્ડસ સ્વાસ્થ્ય માટે ખૂબ નુકસાનકારક છે. છેલ્લાં થોડાં વર્ષોથી ઇયરબર્ડસ અને હેડફોનનો વપરાશ ખૂબ વધી ગયો છે. વર્તમાનમાં યુવાઓની સાથે વયસ્કો પણ વિવિધ ગેજેટ્સનો ઉપયોગ કરતા થઈ ગયા છે. લોકો કૉલ્સ, ગીત સાંભળવા અને ફિલ્મો જોવા માટે ઇયરબર્ડસનો વધારે પડતો વપરાશ કરે છે. જોકે એનો વધુ પડતો ઉપયોગ કાન માટે ખતરનાક સાબિત થઈ શકે છે.

આપણી સાંભળવાની ક્ષમતાને ઘટાડી શકે છે. ઇયરબર્ડસને કારણે કાનમાં ગંદકી જમા થાય છે. એ ગંદકી કાનની અંદર ફેલાઈ જાય છે. એને કારણે બહેરાશ આવી શકે છે.

ગુરુગ્રામમાં આવેલી મેરિંગો એશિયા હૉસ્પિટલમાં ન્યૂરોલોજી વિભાગના ક્લિનિકલ ડિરેક્ટર કપિલ અગ્રવાલે કહ્યું કે, ‘લાંબા સમય સુધી ઇયરબર્ડસના ઉપયોગથી આપણાં કાનની સાથે-સાથે બ્રેઇન પર પણ માઠી અસર પડે છે. આવાં ઉપકરણોમાંથી નીકળતાં ઇલેક્ટ્રોમેગ્નેટિક્સ વેવ્સ આપણાં દિમાગ પર ખરાબ અસર કરે છે. એને કારણે લોકોને અલગ-અલગ પ્રકારના અવાજ સંભળાવાનો ભ્રમ થાય છે.’

ઇએનટી સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર મુજબ જો તમે કલાકો સુધી ઇયરબર્ડસનો ઉપયોગ કરો છો તો તમને અનેક તકલીફો વેઠવી પડી શકે છે. એનાથી માથાનો દુખાવો થાય છે. સાથે જ માઇગ્રેનની પણ શરૂઆત થઈ શકે છે.

**અનિદ્રાઃ** ઘણો વખત સુધી ઇયરબર્ડસ પર ગીત સાંભળવાથી કે ફિલ્મો જોવાથી અનિદ્રાની ફરિયાદ થઈ શકે છે. સાથે જ બહેરાશ પણ આવી શકે છે. ઊંચા અવાજમાં મ્યુઝિક સાંભળવાથી કાનની સાંભળવાની ક્ષમતા ઘટી જાય છે.

**હૃદય માટે છે જોખમીઃ** વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન મુજબ ઇયરબર્ડસ હૃદય માટે પણ જોખમી છે. મોટા અવાજે મ્યુઝિક સાંભળવાથી હૃદયના ધબકારા તેજ વધવા માંડે છે. એની હૃદય પર માઠી અસર પડે છે. જે ભવિષ્યમાં ગંભીર રોગનું કારણ બની શકે છે. આવા ગેજેટ્સને કારણે કાનના બ્લડ ફ્લો પર અસર થાય છે. એથી રાતે પણ સૂતી વખતે ઇયરબર્ડસનો ઉપયોગ ટાળવો જોઈએ.

**કાનમાં ઇન્ફેક્શનઃ** સતત કાનમાં રહેલાં ઇયરબર્ડસથી કાનમાં મેલ જમા થાય છે. એ મેલ કાનના પરદાને નુકસાન પહોંચાડી શકે છે. આટલું જ નહીં ઇયરબર્ડસ અને હેડફોનના વધુ પડતા ઉપયોગથી કાનમાં ઇન્ફેક્શન ફેલાવાનો પણ ભય રહે છે.

જો તમે કલાકોના કલાકો સુધી ઇયરબર્ડસ કે પછી હેડફોનનો ઉપયોગ કરો છો તો તરત એ ટેવને બદલી નાખો. દરરોજ એક કલાકથી વધુ એનો ઉપયોગ ન કરવો જોઈએ. ઊંચા અવાજમાં ન સાંભળવું. સાઉન્ડ લેવેલનું ખૂબ ધ્યાન રાખવું જોઈએ. ૧૩૦ ડેસિબલથી વધુ એ લેવેલ ન હોવુ જોઈએ. એનાથી વધુ હશે તો કાનમાં સખત પીડા શરૂ થશે અને સાંભળવાની ક્ષમતા પર પણ પ્રભાવ પડશે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કાચા પપૈયાના અધધધ...છે ગુણો

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક



**નવરાત્રિમાં** ભક્તિની સાથે ગરબામાં ઝૂમવાની મઝા કાંઈક હટકે હોય છે. તેનો આનંદ શબ્દોમાં વર્ણવી શકવો ભક્તો માટે મુશ્કેલ છે. માની આરાધના વ્યક્તિના આત્માને ઝંઝોળી દેતી હોય છે. વિજયાદશમીનો સાચો અર્થ જાણવો છે ‘દુષ્ટ વિચારો ઉપર સકારાત્મક્તાનો વિજય.’ મનની શક્તિને મજબૂત બનાવવાનો અવસર. દશેરાના પર્વમાં પેટ ભરીને ગુજરાતીઓ ફાફડા-જલેબીની મોજ માણી લેતા હોય છે. ફાફડાની ખરી મોજ તેની સાથે પીરસાતી કઢી, તળેલાં લીલા મરચાં સાથે પીરસાતો પપૈયાનો સ્વાદિષ્ટ સંભારો ગણાય છે. ફાફડા -જલેબીની સાથે કાચું -પાકું પપૈયાનું છીણ ખાસ ખવાતું હોય છે. ગુજરાતીઓ માટે તો પપૈયાનો સંભારો અનિવાર્ય વાનગી બની ગઈ છે. પપૈયું એક એવું ફળ છે જે બારે માસ સરળતાથી મળી રહે છે. વળી જેટલું સ્વાદિષ્ટ પાકું પપૈયું લાગે છે તેથી વધુ કાચું પપૈયું સ્વાદિષ્ટ હોય છે. તેથી જ આહારતજજ્ઞો કાચા પપૈયાને આહારમાં નિયમિત સમાવેશ કરવાની સલાહ આપતાં હોય છે. અગણિત ફાયદા ધરાવતું પપૈયું ઔષધિય ગુણોથી સમૃદ્ધ ફળ ગણાય છે. તેથી જ તેમાં અનેક બિમારીનો રામબાણ ઈલાજ સમાયેલો છે. આજે આપણે દેખાવે આકર્ષક તેવા લીલાછમ કાચા પપૈયાના આરોગ્યવર્ધક લાભ વિશે જાણકારી મેળવીશું.

**પાચનશક્તિ મજબૂત બનાવવામાં મદદરૂપઃ** કાચું પપૈયું પાચન શક્તિને મજબૂત બનાવવામાં અત્યંત ઉપયોગી ગણાય છે. તેનું મુખ્ય કારણ તેમાં રહેલી ફાઈબર તથા પાણીની માત્રા. પપૈયાના સેવનથી કબજિયાત દૂર થાય છે. ફાફડા જેવી તળેલી વાનગી સ્વાદ-સભર ગણાય છે. બદલાતા મોસમને કારણે તે પચવામાં ભારી છે. આથી પપૈયાના છીણની સાથે ફાફડા ખાવાથી પાચનશક્તિની સમતુલા જળવાઈ રહે છે. ખુબ જ જાણીતા પુસ્તક ‘હિલીંગ ફૂડસ્’માં જણાવવામાં આવ્યું છે કે કાચા પપૈયામાં ડાયજેસ્ટિવ ઍન્ઝાઈમ ‘પપૈન ’ સમાયેલું છે. જે કૉલોન તથા આંતરડાની સફાઈ કરવામાં મદદરૂપ બને છે. તળેલું તથા તીખું ભોજન કરવાથી અનેક વખત છાતીમાં બળતરા કે કબજિયાતની સમસ્યા થતી હોય છે. આવા સંજાગોથી બચવા માટે કાચા પપૈયાનું સેવન રામબાણ ઈલાજ ગણાય છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગીઃ** કાચું પપૈયું ફાઈબરથી સમૃદ્ધ હોય છે. તેનો આહારમાં સમાવેશ ર્ક્યા બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. કૅલરીની વાત કરીએ તો પપૈયામાં ઘણી ઓછી હોય છે. સ્ટાર્ચની માત્રા વધુ હોય છે. તેથી તેનો આહારમાં નિયમિત વિવિધ રીતે ઉપયોગ કરવાથી વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે.

**કૉલેસ્ટ્રોલ નિયંત્રણમાં રાખે છે :** અનેક સંશોધન બાદ સાબિત થયું છે કે કાચું પપૈયું કૉલેસ્ટ્રોલના નિયંત્રણમાં અસરકારક ગણાય છે. તેથી કૉલેસ્ટ્રોલની માત્રા જેમની વધુ હોય તેમણે કાચું પપૈયું આહારમાં લેવું જોઈએ. એટલે કે તળેલાં ફાફડાનો સ્વાદ માણો ત્યારે ફાફડાં ઓછા ખાવા પરંતુ કાચા પપૈયાનું છીણ છૂટથી ખાવું.

**આંખની તંદુરસ્તી વધારે છે :** ઘણાં ઓછા લોકોને ખબર હશે કે કાચા પપૈયાનો આહારમાં સમાવેશ કરવાથી આંખોનું આરોગ્ય જળવાઈ રહે છે. બ્રિટીશ જર્નલ ઑફ ન્યૂટ્રિશન દ્વારા કરવામાં આવેલાં એક સંશોધન પ્રમાણે કાચા પપૈયામાં કૅરોટોનૉઈડસ્ હોય છે. જે શરીરમાં વિટામિન એ બનાવવામાં ઉપયોગી બને છે. કાચા પપૈયામાં વિટામિન એની માત્રા ગાજર તથા ટમેંટા કરતાં વધુ સમાયેલી છે. આથી અન્ય શાકભાજી સાથે કાચા પપૈયાના ઉપયોગ નિયમિત કરવો જોઈએ.

**શરીરમાં રહેલાં ઊંડા ઘાવ ભરવામાં ગુણકારી :** કાચા પપૈયામાં રહેલી ન્યૂટ્રિશનલ પ્રોફાઈલ એવો છે જેને લીધે ક્યારેક વાગવાને કારણે પડેલાં ઘા ની રૂઝ આવવામાં મદદ કરી શકે છે. કાચા પપૈયામાં રહેલાં ઍન્ઝાઈમ તથા પોષક તત્ત્વોને કારણે ઘા ઝડપથી ભરાઈ જતાં હોય છે. ફાઈટોન્યૂટ્રિઍન્ટસ્ નવી કોશિકા બનાવવામાં મદદ કરે છે. દુખાવો તેમજ સોજાને કારણે થતાં કળતરમાં મદદ કરે છે.

**શરીરને ડિટોક્સ કરવામાં મદદરૂપ :** કાચા પપૈયામાં રહેલાં મિનરલ્સ તથા વિટામિન સંપૂર્ણ શરીર માટે ડિટોક્સીફાયરનું કામ કરે છે. વળી ફાઈબરને કારણે શરીરમાં રહેલો કચરો સાફ કરવામાં મદદ કરે છે. કાચા પપૈયામાં રહેલાં ઍન્ઝાઈમ તથા ફાઈટો ન્યૂટ્રિઍન્ટસ સેલને થયેલાં નુકસાનથી બચવામાં મદદ કરે છે. કાચા પપૈયા માટે એવું કહેવાય છે કે તેના સેવનથી તેમાં રહેલું લેટેક્સ ઍન્ઝાઈમ શરીરની અંદરથી સફાઈ કરવામાં મદદ કરે છે.

**ચમકીલી ત્વચા માટે ગુણકારી :** કાચા પપૈયામાં વિટામિન સીની માત્રા ભરપૂર હોય છે. જે ત્વચાની ચમક જાળવી રાખવામાં મદદ કરે છે. મૃત કોશિકાને દૂર કરે છે.

ફાઈબરની માત્રા ભરપૂર હોવાને કારણે શરીરમાં રહેલાં ઝેરી પદાર્થને સાફ કરવામાં મદદ કરે છે. નિયમિત સેવન કરવાથી ચહેરા ઉપર વારંવાર દેખાતા ખીલ તથા કાળા ડાઘ ઘટે છે.

**ખરતાં વાળને અટકાવે છેઃ** વાળ ખરતાં હોય તેમણે ઍન્ટિ-ઓક્સિડન્ટથી ભરપૂર ચીજોનું સેવન કરવું જોઈએ. પપૈયાના પાનમાં ઍન્ટિફંગલ ગુણ હોય છે. જે ખોડાની તકલીફથી બચાવે છે. પાનને બારીક કાપી લેવાં. તેને મિક્સરમાં વાટી લઈને તેમાં જરૂર મુજબ પાણી ઉમેરી દેવું. સ્વાદ વધારવા માટે તેમાં સંચળ તથા લીંબૂનો રસ ભેળવવો.

**મહિલાઓએ ખાસ સેવન કરવું જોઈએઃ** અનેક કારણોસર પુરુષોની સરખામણીમાં બહેનોની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે. પિરિયડસ્ તથા ગર્ભાવસ્થાને કારણે મહિલાઓમાં વિટામિન્સની ઉણપ વધુ જોવા છે. પિરિયડસ્ના દુખાવામાં રાહત મળે છે. ઓક્સીટોસીન તથા પ્રોસ્ટાગ્લૈડીનની માત્રામાં વધારો થાય છે, જે પિરિયડસ્ના દુખાવામાં રાહત આપવામાં મુખ્ય ભાગ ભજવે છે. કાચું પપૈયું પેટની સાથે જોડાયેલી બિમારીથી બચાવે છે. તેનું મુખ્ય કારણ તેમાં પોટેશ્યિમ, મેગ્નેશ્યિમ જેવા મિનરલ્સ છે જે રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. સ્તનપાન કરાવતી માતાએ કાચું પપૈયાનું સેવન ખાસ કરવું જોઈએ.

કાચું પપૈયું વિવિધ રીતે ખાઈ શકાય. તેને છીણીને તેમાં સંચળ-લાલ મરચું, કોથમીર ભેળવીને સંભારો બનાવી શકાય. કાચા પપૈયાનું શાક , પૌઆ-પપૈયા, પપૈયા-મગનીદાળ(કુટ્ટુ), મણીપુરી સલાડ(સિંગજૂ), કાચા પપૈયા અવિયલ દક્ષિણ ભારતીય વાનગી, કાચા પપૈયાના કોફ્તા તેમજ ખીર બનાવીને ખાઈ શકાય છે.

પપૈયું ખાવામાં સ્વાદિષ્ટ હોવાની સાથે જ સ્વાસ્થ્ય માટે લાભદાયી છે. પપૈયાનું વૃક્ષ સંપૂર્ણ શરીર માટે અત્યંત ગુણકારી છે. ડેન્ગ્યૂને કારણે આવતાં તાવમાં પપૈયાના પાનનો રસ ઉપયોગી ગણાય છે. તેના પાનનો રસ લોહીમાં પ્લેટલેટ્સ વધારવામાં મદદ કરે છે. તેમાં રહેલી અલ્કલાઈનની માત્રા વાળ ખરવા તથા ખોડાની સમસ્યાને દૂર કરવામાં મદદ કરે છે. વિટામિન એ, વિટામિન સી, વિટામિન ઈ તથા વિટામિન બીનું પ્રમાણ ભરપૂર છે. પપૈયાના પાનની ચા, પાનનો રસ તથા પાનની ગોળીનો ઉપયોગ સ્વાસ્થ્ય માટે ગુણકારી છે. ■

## કાચું પપૈયું-પૌઆ

**સામગ્રી :** ૧ કપ લાલ જાડા પૌઆ, ૧ કપ સફેદ જાડા પૌઆ, ૧ કપ છીણેલું કાચું પપૈયું, ૧ નંગ લીલી ડુંગળી ઝીણી સમારેલી, ૧૦-૧૨ નંગ તળેલી સીંગ, ૪-૫ નંગ મીઠો લીમડો, ૨ ચમચી લીંબૂનો રસ, ૨ ચમચી ખાંડ, સ્વાદાનુસાર મીઠું, ૨ નંગ લીલા મરચાં ઝીણા સમારેલાં, ૧ ચમચી આદુની કતરણ, સજાવટ માટે કોથમીર, દ્રાક્ષ, વઘાર માટે ૩ ચમચી તેલ, રાઈ, હિંગ

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ લાલ તથા સફેદ પૌંઆને ચારણીમાં કાઢીને ધોઈ લેવાં. હવે એક કડાઈમાં તેલ ગરમ કરીને તેમાં સિંગદાણા તળી લેવા. રાઈ-હિંગ-મીઠા લીમડાનો વઘાર કરી તેમાં પપૈયાનું છીણ સાંતળી લેવું. લીલા મરચાં, આદુંની કતરણ ભેળવી દેવી. પૌઆ નાંખીને બરાબર મિક્સ કરી લેવું. સ્વાદાનુસાર મીઠું, ખાંડ, લીંબૂનો રસ ભેળવવો. લીલી ડુંગળી-કોથમીર ભેળવીને સજાવી લેવું, ઉપરથી સિંગદાણા- સૂકી દ્રાક્ષ ગોઠવીને ગરમા-ગરમ સ્વાસ્થ્યવર્ધક -સ્વાદિષ્ટ પપૈયા-પૌઆ પીરસવા.



# અસહ્ય ગેસ્ટ્રિક અલ્સર

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા







એક વિશેષ અસામાન્ય સ્થિતિ જે શરીરના એક ભાગની સંરચરનાના કાર્યને નકારાત્મક રૂપથી પ્રભાવિત કરે છે જેને બીમારી, રુગણતા, વ્યાધિ, વિકાર કે રોગ કહે છે. શરીર લયબદ્ધ રીતે કામ કરતું નથી. જેથી દૈનિક જીવન પ્રભાવિત થાય છે. તેમ જ માનસિક સ્વાસ્થ્ય અને આર્થિક સ્વાસ્થ્ય પણ પ્રભાવિત થાય છે. આ પરિસ્થિતિથી બચવા માટે કે સ્વાસ્થય સુદૃઢ રાખવા પ્રાકૃતિક આહારની સંપદા જ કામ કરે છે. પ્રાકૃતિક સંપદા અપનાવવાથી શારીરિક, માનસિક અને આર્થિક પણ લયબદ્ધ રીતે ચલાવી શકાય છે. લગભગ નેવું ટકા રોગો અપ્રાકૃતિક જીવનશૈલી અને રસાયણયુક્ત ખાદ્ય પદાર્થોને કારણે થાય છે. કહેવાય છે કે ‘‘પેટ સફા તો હર દર્દ સફા.’’

અપ્રાકૃતિકતાને કારણે પેટની ઘણીયે વ્યાધિઓ થાય છે.પેપ્ટિક અલ્સર કે ગેસ્ટ્રિક આ અસહનીય વ્યાધિ છે. પેટ અને આંતરડાની શરૂઆતમાં ડુઓડેનલ અલસ્ર પણ થાય છે. મસાલેદાર ભોજન, ચહા, કોફી અન્ય કેફેનયુક્ત પદાર્થો, આલ્કોહોલનું સેવન, ધૂમ્રપાન, ચાઇનીઝ ભોજન, ચોકલેટ, અલગ અલગ ફલેવરની પીપર કે કેન્ડી, એસેન્સવાળા મુખવાસ અતિદાહક ભોજન, ગરમ પાણી તેમ જ લાંબા સમય સુધી એન્ટિ ઇન્ફલમેટરી દવાઓનું સેવન, આ વ્યાધિના કારણો છે.

આ વ્યાધિના લક્ષણો ઊલટી થવી, પેટમાં અસહનીય બળતરા, ચક્કર આવવા, બેભાન થવું પેટ, પર સોજા, જીવ ગભરાવવું, મળમાં ઘેરા રંગનું લોહી આવવું, મળકાળો પડવો, પેટની દીવાલ પર છેદ થવા, આતંરડાની દિવાલ પર છેદ પડવા, પેટ ફૂલેલું રહેવું. વજન ઘટવું, જો રોગ વધુ ગંભીર હોય તો ઊલટીમાં લોહી આવવું. ભયંકર એસિડિટી થવી. આ વ્યાધિ લાંબા સમય સુધી ચાલે તો કેન્સર થવાની સંભાવના વધી જાય છે.

આ અલ્સરની વ્યાધિમાં બાહ્ય શરીર પર કોઇ લક્ષણ દેખાતા નથી. વ્યક્તિ વધુ એનિમિક જણાય થાક વધુ લાગે, શ્વાસ ફૂલવા માંડે, પેટ ઉપર સોજા જણાય છે. આ વ્યાધિના નિદાન માટે અપર-એન્ડોસ્કોપી કરવામાં આવે છે. જે કેમેરા દ્વારા જોઇ શકાય છે કે પેટની દીવાલ પર ઘાવ કે ચીરા, આંતરડા પર ઘાવ કે ચીરા છે કે નહીં. ઘણીવાર સડો પણ થઇ જાય છે, તેનું નિદાન એન્ડોસ્કોપીથી થાય છે.

અન્ય રીતે અલ્સર બે મહત્ત્વપૂર્ણ કારણમાં હેબિકો બૈકટર પાઇલોરી સંક્રમણ અને એન.એસ.એ.આઇ.ડી.એસ. નામક દવાનો સમૂહ (એસ્પરીન ઇબુપ્રોફેન, નેપ્રોકસન, કેટોરોબૈક, ઓકસોપ્રોજીન) આ નોન-સ્ટેરોઇલ દવાઓ છે જેની સાઇડ ઇફેકટ કે વધુ લાંબા સમયનાં વપરાશને કારણે આ અલ્સર થાય છે.

આ અલ્સરની વ્યાધિ માટેના ઉપચાર થોડો લાંબો સમય સુધી ચાલે છે. જલદી સારો કરવા માટે સતત પ્રયત્ન કરવો પડે છે. મસાલેદાર ભોજનનો ત્યાગ, બધી જાતના કેફેન ખાદ્ય પદાર્થ સંદતર બંધ એસિડિટી થાય તેવો એક પણ ખોરાક ન લેવો. પેટ ઉપર બરફના પાણીનો નેપકીન વધુમાં વધુ રાખવો. આના કારણે પેટ કે આંતરડાની બળતરા બંધ થઇ જશે. સોજા ઓછી કે નાબૂદ થવા લાગશે. ગેસના ઓડકાર બંધ થઇ જશે, માટે ઠંડા નેપકીનનો ઉપયોગ રામબાણ સાબિત થાશે. વધુ પડતી કસરતો કે વ્યાયામ ન કરવો. પાચનતંત્ર મજબૂત બનવું જરૂરી છે. જેથી ગેસ્ટ્રિકની વ્યાધિ ન થાય ઊલટીની સમસ્યા ન થાય.

આહાર સાત્વિક રાખવો જરૂરી છે. ભીંડાનો રસ આ વ્યાધિ પર ચોક્કસ કામ કરે છે. તેમ જ ઘાવ પર મલમ જેવું કામ કરે છે. સફરજનનો પાણી જેવો જયુસ (વોટરીજયુસ) લેવો. સફરજનમાં પેકટીન નામનું દ્રવ્ય ઘાને સાજો કરે છે. વિટામિન કે ના કારણે પણ ઘામાં રુજ આવે છે. કેળામાં અમપ્લેન્ડ નામનું તત્ત્વ ઘાને રુઝાવે છે. કાચા કેળાના લોટનું ખીચુ પણ ખાઇ શકાય (તેમાં સોડા કે પાપડ ખાર ન નાખવો) કેળા લોટના ખીચામાં કોથમીર, જીરું નાખી શકાય. કેળાનું રાયતું ખાઇ શકાય, ચોખાનો લોટની રોટલી ખીચુ, રાંધેલા ભાતમાં ચોખાનો લોટ નાખીને ભાખરી બનાવવી. કિસમિસ (કાળી કે લાલ બન્ને ચાલે)નો સુપ, ચટણી કે ભીંજવીને લઇ શકાય. મગદાળની પાતળી ખીચડીમાં હિંગ નાખીને લેવી. કોળાનો રસ, એલોવીરાનો રસ, ફૂદીનો બોકચોપ, લેટજીસ, કોકમ, અંજીર,ડીવી વગેરે લઇ શકાય. શાકભાજી બધી વાપરી શકાય પણ તીખા મસાલા ન નાખવા. છાસ વધુ પીવી છાસ માખણવાળી હોય તો વધુ ફાયદાકારક છે. દૂધ કે છાસ થેલીમાં મળતાં હોય તે ન વાપરવા.


આ વ્યાધિમાં સાત્વીક આહાર જ મહત્ત્વનો છે. સાકરવાળી મીઠાઇઓ અને રિફાઇન્ડ તેલ સંદતર બંધ થવું જોઇએ. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# પથરી

**શું આપ જાણો છો?...**

- વિશ્વમાં દર ૨૦ માંથી ૧ વ્યક્તિને જીવનકાળ દરમિયાન પથરી થાય છે.
- સ્ત્રીઓ કરતાં પુરુષોને પથરી વધુ પ્રમાણમાં થાય છે.




**પથરી એટલે શું?**

કિડની કે મૂત્રમાર્ગમાં કડક સ્ફટીક જેવું ખનિજ કે જે, કેલ્શિયમ ઑક્ઝેલેટ્સ, ફોસ્ફરસ, યુરિકએસિડ વગેરેથી બનેલું હોય છે.

**પથરી થવાનાં લક્ષણઃ**

જો પથરી નાની હોય તો તે પોતાની રીતે પેશાબ દ્વારા બહાર નીકળી જાય છે. જો મોટી હોય તો એનાં આ લક્ષણ હોય છે...

- કમર, મૂત્રાશય, નાભી, મસ્તક વગેરેમાં ખૂબ જ દુઃખાવો થાય.
- પથરી જ્યારે કિડનીમાંથી મૂત્રનળીમાં આવે ત્યારે મૂત્રનળી સાંકડી હોવાથી મૂત્ર વિસર્જન સમયે ખૂબ જ પીડા થાય છે અને પેશાબમાં લોહી પણ આવી શકે છે.
- વારંવાર થોડો પેશાબ થવો, પેશાબમાંથી દુર્ગંધ આવવી અને શરીરમાં પરસેવો વધુ વળવો.

**પથરી થવાનાં કારણઃ**

- ૨૦ થી ૪૦ વર્ષ સુધીના લોકોને પથરી વધુ પમાણમાં થાય છે.
- મૂત્રના વેગને રોકવાથી પથરી થવાની સંભાવના વધી જાય છે.
- વધુ પડતા ગળ્યા, ખારા અને ક્ષારવાળા પદાર્થોના સેવનથી.
- પાણી ઓછું પીવાથી તેમજ પેશાબ ઓછો આવવાથી.
- દારૂના વ્યસનથી.
- વધારે તડકામાં રહેવાથી કે વધારે શ્રમ કરવાથી.
- જાડાપણું, ડાયાબીટીસ કે વધારે બ્લડપ્રેશર હોવાથી.
- મૂત્રાશયનું ઈન્ફેક્શન થવાથી.
- અમુક પ્રકારની દવાઓના સેવનથી.
- સંભોગ વખતે વીર્યના વેગને રોકવાથી.
- અમુક લોકોને વારસાગત પણ થઈ શકે છે.

**પથરી વિશે મહત્ત્વની માહિતીઃ**

પથરીના દર્દીએ આહારમાં આ ત્રણ બાબત ધ્યાનમકાં રાખવી જરૂરી છે. પથરી મોટે ભાગે કેલ્શિયમ ઑક્ઝેલેટ્સથી બનેલી હોય છે.

**(૧) ઓછા સોડિયમયુક્ત (મીઠાયુક્ત) આહાર લેવાઃ**
કેમ જે, ખોરાકમાં વધુ મીઠું (સોડિયમ) આવવાથી તે વધારાનું સોડિયમ લોહીમાં રહેલ કેલ્શિયમને કિડનીમાં જમા કરશે. પછી કિડની તે કેલ્શિયમને મૂત્રનળી દ્વારા બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે, તેથી મૂત્રનળીમાં કેલ્શિયમની પથરી થઈ શકે છે.

**(૨) ઓછા ઑક્ઝેલેટ્સ યુક્ત આહાર લેવાઃ**
કેમ જે, આશારમાં ઑક્ઝેલેટ્સ યુક્ત પદાર્થો વધવાથી તે ઑક્ઝેલેટ્સનું લોહીમાંથી કિડનીમાં જઈ પથરીમાં રૂપાંતર થાય છે.

**(૩) વધુ કેલ્શિયમયુક્ત આહાર લેવાઃ**
ઘણા લોકો એવું માનતા હોય છે કે, પથરી દરમિયાન કેલ્શિયમ યુક્ત પદાર્થો જેવા કે, દૂધ-દહીં ન જમવા જોઈએ. પરંતુ તે ખોટી માન્યતા છે. આહારમાં કેલ્શિયમની માત્રા ઓછી કરવાથી ઑક્ઝેલેટ્સની પથરી થવાની શક્યતા વધી જાય છે. એટલું જ નહિ, પરંતુ કેલ્શિયમ ઓછું કરવાથી હાડકાં સંબંધી અનેક રોગ થઈ શકે છે.

**સાવધાની**

- પાણી વધુ પીવું.
- કબજિયાત ન રહે તેની ખાસ સાવધાની રાખવી.
- રોજ ૨૫ થી ૩૦ મિનિટ શ્રમ કરવો.

**પથરીના દર્દી માટે આહાર...**

**શું જમવું?**

- રોજ ૩-૪ લીટર પાણી પીવું.
- વધુ કેલ્શિયમયુક્ત આહાર લેવોઃ દૂધ, દહીં, સફરજન, મેવાં, સૂકોમેવો વગેરે...
- પાણીમાં જવ નાખી ઉકાળીને ગાળી લેવું, તે છૂટથી પીવું.
- કળથી, મેથી, મૂળા અને તાંદળજાની ભાજી વધુ લેવી.

**શું ન જમવું?**

- વધુ મીઠાયુક્ત આહાર.
- વધુ ઑક્ઝેલેટ્સયુક્ત આહારઃ નશીલા પદાર્થો, દ્રાક્ષ, નારંગી, સ્ટ્રોબેરી, બીટ, ગાજર, ફ્લાવર, રીંગણ, લીલાં મરચાં, શક્કરિયાં, મરી વગેરે...
- પોલિશ કરેલા ચોખા, ઘઉંનો લોટ વગેરે ઓછા જમવા.
- ક્ષારવાળા પદાર્થો ખૂબ જ ઓછા જમવાઃ ટમેટાં, પાલખ આદિ ભાજી, રીંગણ, ભીંડો, મગફળી, શક્કરિયા, બીટ વગેરે..
- કોઈ પણ પ્રકારની સોડા ન લેવી અને ચા-કોફી પણ વધુ ન લેવા.
- વધુ ગળ્યાં અને ખાટાં પદાર્થો ઓછાં જમવાં.

**પથરીના ઉપચારઃ**

- સવાર-બપોર અને સાંજ ૧ ચમચી ગોખરુનું ચૂર્ણ ફાકીને પાણી પીવું.
- રોજ સવાર-સાંજ નાળિયેરના પાણીમાં ૧ ચણા જેટલું સિંધાલૂણ નાખીને પીવાથી પથરી તૂટીને ભૂકો થઈ પેશાબ દ્વારે નીકળી જાય છે.
- મૂળાના પાનની ઘીમાં બનાવેલી ભાજીમાં
- લીંબુનો રસ મેળવી રોજ જમવાથી કિડનીની પથરી ઓગળી જાય છે.
- લીંબુના રસમાં સિંધવ-મીઠું મેળવીને ઊભાં ઊભાં પીવાથી પથરી ઓગળી જાય છે.
- ૧ ગ્લાસ નાળિયેરના પાણીમાં લીંબુનો રસ મેળવી રોજ પીવાથી પથરી ઓગળી જાય છે.
- કારેલાનો રસ છાશ સાથે પીવો.
- એક મહિના સુધી રોજ સવારે ગાયના દૂધની છાશમાં સિંધવ-મીઠું નાખીને ઊભાં ઊભાં પીવાથી પથરી પેશાબ દ્વારા બહાર નીકળી જાય છે.
- રોજ રાત્રે ૫૦ ગ્રામ કળથી પાણીમાં પલાળી, તેને સવારે ઉકાળી ગાળીને પીવાથી પથરી મટે છે.
- ઘઉં અને ચણાને સાથે ઉકાળીને, તેના ઉકાળામાં ચપટી સુરોખાર નાખી ઉકાળો પીવાથી પથરી ભાંગીને ભૂકો થઈ જાય છે.
- રોજ ૧ દાડમ ખાવું અથવા ૧ કપ દાડમનો જ્યૂસ પીવો. ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# સીતાજીનાં અપહરણનું કારણ જણાવે છે રાવણ...

‘ચંબુડા, કેમ આમ ઉતરલી કઢી જેવુ મોઢું કરી બેઠો છે?’

‘ઉતરેલી કઢી જેવુ હોય કે દાઝેલી દાળ જેવુ,તને શું ? હું બહુ કન્ફયુઝનમાં છુ, જોરદાર કન્ફયુઝમાં. સાંભળ, ધારો કે કાલે તું ટપકી પડ્યો ને તારું શ્રીજિચરણ થઈ ગયું પછી તારું એકવાર સુભાષદહન થઇ જાય પછી દર વર્ષે કે કોઈ વર્ષે તારું બીજીવાર દેહદહન થાય? નઈને? મર્યા પછી કોઈ જિવ્યું છે ખરા? નઇને? તો આ રાવણ વળી કઇ વાડીનો મૂળો છે કે દર વર્ષે રાવણદહન થયાજ કરે છે? એકવારના જ દહનમાં જ પહેલાં ધુમાડો ને પછી રાખ કેમ ન બની જાય? વર્ષોથી બાળ્યા પછી હજી બળ્યો કેમ નઇ? આનો અંત ક્યારે? અરે અમારી સોસાયટીનો પેલો ચંપું મને કહેઃ અલ્યા ચંબુ, આ વખતે વરસાદ બહુ પડ્યો છે તો રાવણને બાળવાને બદલે પાણીમાં ડૂબાડીએ તો કેવું ?કઈક નોખું, કઈક અનોખુ! આપણે ગણપતિના વિસર્જનના દિવસે બાપાને ડુબાડીએ જ છીએને?’

‘બાપરે વેરી ખતરનાક વિચાર’

‘અરે, બાપરેની ક્યાં માંડે છે?’ આખી સોસાયટી ભડકી : એ અક્કલમઠા, આ બે વચ્ચે કઈ ફરક લાગે છે કે નઇ? ક્યાં રાવણ ને ક્યાં ગણપતિ? એ બે ને દૂર દૂર સુધી કોઈ સંબંધ નથી.ગણપતિ ભગવાન છે ને રાવણ ....જવાદે ’ એટલામાં સોસાયટીવાળાએ જોરદાર ધીબેડી નાખ્યો : બીજીવાર બોલ્યો તો તને જ સળગાવી દઇશું, સમજ્યો?’ આ કેવું જબરુ કે જે રાવણને બાળીએ છીએ એને આપણે તો બનાવીએ છીએ‌ા વોટ એ ટ્રેજિક કોમેડી!



કન્ફયુઝન નંબર-૨: ‘નાઉ ટેલ મી, આ રામના જન્મ દિવસે રામનવમી ઉજવવાની એમ રાવણના જન્મદિને રાવણપંચમી કે રાવણદસમ કે રાવણબારસ કેમ નઇ? અરે, જે જન્મ્યો જ નથી એને બાળવાનો કઇ રીતે? હજી તો એ પણ ખબર નથી પડતી કે રામને ચૌદ વર્ષ જ વનવાસ શું કામ? પંદર-સત્તર કે દસ -બાર કેમ નઈ?રામ સાથે સીતાજી વનમાં જાય તો લક્ષ્મણ સાથે ઉર્મિલા કેમ નઇ? વોટ ઇસ ધ પ્રોબ્લેમ..બોલ’

‘ચંબુ બકા, તું કોર્સ બહારના સવાલ કરી મગજની મેથી ન માર? હું હતો એ વખતે? રામાયણ મેં લખ્યુ છે? હું તુલસીદાસ છુ? વાલ્મીકિ મારા દાદા હતા? મોરારીબાપુ મારા સાઢુભાઈ છે? રામને તકલીફ ન પડે એટલે કદાચ ગયા હશે. સીતામાતા... મને ક્યાથી ખબર? ’

‘તો ઉર્મિલા સાથે કેમ ન ગઈ?’

‘અલ્યા ભૈ ઘરમાં એક સ્ત્રી તો જોઈએને?’

‘તો આ સુમિત્રા,કૌશલ્યા, કૈકેયી સ્ત્રી નથી?’

‘તો પછી કદાચ સીતાજીને એવો વિચાર આવ્યો હશે કે ત્રણ સાસુ સાથે રહેવું ને માથાકૂટ થાય એના કરતાં પતિ સાથે વનમાં રહેવું સારું.પતિથી નજીક ને સાસુથી દૂર. ઉર્મિલાના ભાગમાં ત્રણ સાસુ, બે દિયર, ને એક સસરાની સેવા લખેલી ...એકચ્યુઅલી, આમ જોઈએ તો સાચો વનવાસ તો ઊર્મિલાએ ભોગવ્યો ને ભગવાન બનવાનો જશ લઈ ગયા રામ- લક્ષ્મણ - જાનકી’

યુ નો કે સીતાજીએ હરણ માટે જીદ કરી ને રામ દોડ્યા. થોડી પણ રાહ ન જોઈ ને કીક મારી એમાં થઈ ગયું સીતાજીનું અપહરણ ને બીજા દિવસે કેળના પેપરમાં હેડલાઇન :

‘બાવાનું રુપ ધારણ કરી રાવણે કરેલું સીતાનું અપહરણ રાવણની શોધ ચાલુ છે’

‘ચંબુ, પછીની વાસ્તવિક્તા મને જ ખબર છે. અપહરણના બીજા દિવસે પંચ બેઠું ને રાવણને ગગલાવ્યો : ભૈ રાવણ ,સીતાનું અપહરણ શું કામ કર્યું? ને કર્યું તો બાવાનું જ રુપ શું કામ ધારણ કર્યું? તને તો બ્રહમાજીનું વરદાન હતું કે તું કોઈ પણ રુપ ધારણ .....’

‘હાકરી શકું પણ મારી મરજી, હું ભીક્ષાંદેહી કરતો ભગવા કપડામાં જાઉં ને કુટિરમથી સીતાજી લોટ આપવા આવે ને....સમજી ગયા?.... હવે તમે બોલો કયુ રુપ ધારણ કરવાની જરુર હતી? ’

‘તારે રામનું જ રુપ ધારણ કરવાની જરુર હતી’ પંચ બોલ્યું

‘માર્યોને લોચો...માય ડિયર પંચ, અરે રામનું રુપ ધારણ કર્યું હોત તો સીતાજીના અપહરણનો વિચાર પણ ન આવ્યો હોત.અને શું કામ કર્યું એ જાણશો તો હલી જશો ! ’

‘તો જણાવ અમે હલવા તૈયાર છીએ. બોલ..’

‘તો જાણો અંદરથી મારો વિચાર જ પ્રભુના હાથે મરવાનો હતો પણ પ્રભુ મને મળે કઇ રીતે? ખુબ મનોમંથન પછી આ અપહરણનો વિચાર શ્રેષ્ઠ લાગ્યો. મહાયુધ્ધ થશે ને પ્રભુના હાથે મરીશ એની. જાણ હતી,પ્રભુના હાથે મરવાનું બધાના ભાગ્યમાં નથી હોતું, તમે લોકો તો મરશો કોઈ ડોક્ટરના કે આતંકીઓના હાથેને, તમે શું નથી કરતા? કોઈપણ મુખવટો ચડાવીને કોઈના પૈસાનું, પદનુ, પ્રતિષ્ઠાનુ અપહરણ કરો જ છોને ? બહાર તો ઠીક, તમારી અંદર જ જુવોને ..તમારા પેટમાં રહેલા રોગે તમારી તંદુરસ્તીનું અપહરણ કર્યું છે. તમારી છાતીમાં રહેલા ભયે તમારી હિમ્મતનું અપહરણ કર્યું છે, તમારી આંખમાં રહેલા લોભે તમારી શરમનું અપહરણ કર્યું છે, તમારા મગજમાં રહેલા ક્રોધે તમારી બુધ્ધિનુ અપહરણ કર્યું છે અને એબો ઓલ, વહાલા સાચી વાત તો એ છે કે એક વખત યમરાજ મૃત્યુનો મુખવટો પેહેરીને આવશે ને તમારી વસ્તુઓનું જ નઇ, તમારું જ અપહરણ કરી જશે પછી એ રાવણને ક્યાં શોધશો?!’

ટોટલ સન્નાટો.

‘વાહ રાવણ વાહ!’ બધા મનમાં બોલ્યા

‘મારુ બેટુ આ તો કાગડાના ગળામાં કોયલનો ટહુકાર!’ પછી તો આખી સભાએ રાવણને શીષ જુકાવી વંદન કર્યા ને બોલ્યાઃ રાવણ, તુસી ગ્રેટ.!

બોલો, ..તમે શું કહો? ■

feedback@bombaysamachar.com

ફોકસ

નિધિ શુક્લા

# રતાળા લાવશે ચહેરા પર નિખાર



ફ્રૂટ્સ આપણાં સ્વાસ્થ્ય માટે ખૂબ ગુણકારી છે એ તો આપણે સૌ જાણીએ છીએ. એમાં પણ રતાળાથી ચહેરો ખીલી જશે એ જાણીને તો નક્કી આશ્ચર્ય લાગશે. હા રતાળા ચહેરા પર નિખાર લાવશે. આ સુપરફૂડ અંદર અને બહારથી ચહેરાને સુંદર બનાવશે. જો તમે ચહેરાને કેમિકલવાળા પ્રોડક્ટ્સને બદલે કુદરતી નીખારવા માગો છો તો રતાળા એનો બેસ્ટ પર્યાય છે. આજે આપણે વાત કરીશું કે રતાળાની ચહેરા પર શું અસર થાય છે.

રતાળા વિટામિન અને એન્ટીઑક્સિડેન્ટથી ભરપૂર હોય છે, જે ચહેરા પર ગ્લો લાવી દેશે. તમારો ચહેરો ડ્રાય હોય કે પછી ચહેરા પર રેશીઝ હોય તો રતાળાને પોતાના આહારમાં સામેલ કરો.

રતાળામાં વિટામિન સી પણ હોય છે, જે કોલેજન ઉત્પાદન માટે એક અગત્યનું પોષક તત્ત્વ છે. કોલેજન એ પ્રોટીન છે જે સ્કીનને દ્રઢ, શાઇનિંગ અને ટાઇટ બનાવે છે. ૨૦૨૧ની સ્ટડી પ્રમાણે વીસથી સીત્તેરની ઉંમરના ૧૧૨૫ પ્રતિભાગીઓ પર રિસર્ચ કરવામાં આવ્યું હતું. એમાં ૯૫ ટકા મહિલાઓ સામેલ હતી. એ સ્ટડીમાં જાણવા મળ્યું કે હાઇડ્રોલાઇઝ્ડ કોલેજને સ્કીનને નિખારવામાં અને કરચલીઓને ઘટાડવામાં મદદ કરી હતી. રતાળાના નિયમીત સેવનથી ચહેરાને ઘણો ફાયદો થાય છે.

રતાળામાં નારંગી રંગ બીટા-કેરોટીનથી આવે છે, જે એક શક્તિશાળી એન્ટીઑક્સિડેન્ટ છે. શરીરમાં જતાં જ એ વિટામિન એમાં બદલાઈ જાય છે. ત્વચાને સુધારવા અને પુનર્જીવિત કરવા માટે વિટામિન એ ખૂબ જરૂરી છે. બીટા-કેરોટીન ચહેરાને હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોથી બચાવવામાં મદદ કરે છે. એનાથી સનબર્ન અને લાંબા ગાળા સુધી ચહેરાને થનારા નુકસાનનું જોખમ ઘટી જાય છે. રતાળા સૂર્યનાં કિરણોથી ત્વચાને બચાવે છે. રતાળામાં રહેલા બીટા-કેરોટીન અને વિટામિન એનું ઉચ્ચ સ્તર ચહેરાના રંગને એકસમાન બનાવી રાખવામાં મદદ કરે છે. ચહેરા પરના કાળા દાગ અને અસમાન રંગને ઘટાડવામાં મદદ કરે છે.

રતાળામાં પાણીની માત્રા વધુ હોય છે, જે તમારી સ્કીનને હાઇડ્રેટ રાખે છે. સાથે જ પોટેશિયમ ભરપૂર હોવાથી ચહેરાને કોમળ અને સ્વસ્થ બનાવી રાખે છે. રતાળાને કારણે ચહેરો હાઇડ્રેટ હોવાથી સ્કીન ગ્લો કરવાની સાથે ચમક વધારે છે. આવી રીતે રતાળાને કારણે ચહેરો સ્વસ્થ અને ચમકદાર બને છે.

**રતાળા ખાવાના અન્ય ગુણકારી લાભ**

- આંખોને તંદુરસ્ત રાખવા માટે રતાળા ખાવા ખૂબ જરૂરી છે. એમાં વિટામિન એ અને બીટા-કેરોટીન હોવાથી આંખોનું તેજ વધારે છે.
- બ્લડ સુગરનું લેવલ જાળવી રાખવામાં મદદ મળે છે. રતાળામાં રહેલો ગ્લુકોઝ ધીમે-ધીમે શરીરમાં રિલીઝ થાય છે. એને કારણે ડાયાબિટીઝનો સામનો કરી રહેલા લોકો માટે રતાળા ફાયદાકારક છે.
- રતાળા બેડ કોલેસ્ટ્રોલને કાબૂમાં કરવામાં મદદ કરે છે. એને કારણે હૃદય સ્વસ્થ રહે છે.
- રતાળામાં રહેલા બીટા-કેરોટીનને કારણે કૅન્સરનું જોખમ ઘટી જાય છે.
- રતાળા પાચનશક્તિ વધારે છે અને એસિડિટી ઘટાડે છે.
- રતાળામાં રહેલા વિટામિન સીને કારણે વાઇટ બ્લડ સેલ્સ વધારવામાં મદદ મળે છે.
- રતાળામાં કાર્બોહાઇડ્રેટ વધારે હોવાથી શરીરમાં ઊર્જા વધી જાય છે.

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# પ્રાણાયામની સાથે યોગાસનનો અભ્યાસ



આજકાલ પ્રાણાયામનાં અનેક નવાંનવાં સ્વરૂપો પ્રચારમાં આવી રહ્યાં છે, તેમને અમે શાસ્ત્રીય પ્રાણાયામ ગણતા નથી અને અમને તે અભિપ્રેત નથી.

બીજી પણ એક વાત પ્રાણાયામનો અભ્યાસ કરવા ઇચ્છનારે સમજી લેવી જોઇએ.

પુસ્તક ગણે તેટલું સારું હોય કે ટી.વી. પરના કાર્યક્રમો ગમે તેટલા સારા હોય તોપણ તેમના દ્વારા પ્રાણાયામ શીખી શકાય નહીં. પુસ્તક શિક્ષકનો વિકલ્પ નથી. તેથી પ્રાણાયામ અધિકારી વ્યક્તિ દ્વારા જ શીખવા જોઇએ. પ્રાણાયામના શાસ્ત્રીય સ્વરૂપને જાણનાર સારા અને સાચા યોગાભ્યાસી પાસેથી જ પ્રાણાયામ શીખવા જોઇએ.

આટલી ભૂમિકા અને સ્પષ્ટતા પછી હવે અહીં ડિપ્રેશનની ચિકિત્સા માટેનો પ્રાણાયામનો અભ્યાસક્રમ અહીં મૂકવામાં આવે છે. વ્યક્તિની અવસ્થા, ઉંમર, શારીરિક અને માનસિક બંધારણ આદિ પરિબળો પ્રમાણે પ્રાણાયામનું સ્વરૂપ અને પ્રમાણ નિર્ધારિત કરવા જોઇએ. અહીં એક સામાન્ય અભ્યાસક્રમ મૂકવામાં આવે છે.

૧. ઉજ્જાથી - સરલ સ્વરૂપઃ

(૧) બંને નસકોરાંથી પૂરક અને બંને નસકોરાંથી રેચક કરવા. કુંભક કરવો નહીં.

(૨) પૂરક-રેચક દરમિયાન શ્વાસનળીના મુખ (લહજ્ઞર્િંશિત)ને અડધું બંધ કરવું, આમ કરવાથી તેમાંથી એક ધીમો મધુર અવાજ ઉત્પન્ન થશે, ઉજજાયી પ્રાણાયામના અભ્યાસ દરમિયાન ધ્યાન આ અવાજ પર રાખવું.

(૩) પૂરક અને રેચકનું પ્રમાણ ૧:૨ રાખવું અર્થાત્ પૂરક કરતાં રેચક બમણો રાખવો પ્રારંભમાં પૂરક ૫ સેકન્ડ માટે અને રેચક ૧૦ સેકન્ડ માટે કરવો. અભ્યાસ વધતાં આ સમયમર્યાદા ધીમેધીમે વધારી શકાય છે.

(૪) પૂરક દરમિયાન પેટ બહાર આવશે અને રેચક દરમિયાન પેટ અંદર જશે.

૨. અનુલોમવિલોમ

(૧) પૂરક ડાબા નસકોરાથી કરવો

રેચક જમણા નસકોરાથી કરવો

પૂરક જમણા નસકોરાથી કરવો

રેચક ડાબા નસકોરાથી કરવો

આમ અનુલોમવિલોમ પ્રાણાયામનું એક આવર્તન થાય છે.

(૨) પૂરક-રેચક દરમિયાન શ્વાસનળીના મુખને બંધ કરવાનું નથી, તેથી નાદ ઉત્પન્ન થશે નહીં.

(૩) પૂરક અને રેચકનું પ્રમાણ ઉજજાયીની જેમ ૧:૨ રાખવું. પ્રારંભમાં પૂરક ૫ સેકન્ડનો અને રેચક ૧૦ સેકન્ડનો કરવો. અભ્યાસ વધતાં આ સમયમર્યાદા ધીમેધીમે વધારવી.

(૪) પૂરક દરમિયાન પેટ બહાર આવશે અને રેચક દરમિયાન પેટ અંદર જશે.

(૫) પ્રારંભમાં અનુલોમવિલોમ પ્રાણાયામનાં ૫ આવર્તનો કરવાં. અભ્યાસ વધતાં આવર્તનો ધીમેધીમે વધારી શકાય છે.

પ્રાણાયામ વિશેષ માર્ગદર્શન-

(૧) ત્રણ માસ પર્યંત ઉપર્યુકત બંને પ્રાણાયામનો નિયમિત અભ્યાસ કર્યા પછી નિષ્ણાત માર્ગદર્શકની અનુમતિથી અને તેમના માર્ગદર્શન પ્રમાણે કુંભકનો પ્રારંભ કરી શકાય.

(૨) પ્રાણાયામનો અભ્યાસ ખાલી પેટે સવાર-સાંજ કરવી.

૩. યોગાસનો

પ્રાણાયામની સાથે યોગાસનનો અભ્યાસ પણ કરવામાં આવે તો પ્રાણાયામ વધુ અસરકારક બને છે.

નિષ્ણાત પાસેથી સારી રીતે શીખીને નીચેનાં યોગાસનોની અભ્યાસ કરી શકાયઃ

(૧) વિપરીતકરણી અથવા સર્વાંગાસન

(૨) ભુર્યગાસન

(૩) અર્ધશલભાસન

(૪) વક્રાસન અથવા અર્ધમત્સ્યેન્દ્રાસન

(૫) યોગમુદ્રા.

૪. પ્રણવોપાસના

પ્રણવોપાસના એક ઘણી મૂલ્યવાન અધ્યાત્મસાધના છે. પ્રાણાયામના અભ્યાસની સાથે પ્રાણાયામ પછી તરત પ્રણવોપાસના કરવામાં આવે તો આ અભ્યાસ વધુ ફળદાયી બનશે.

પ્રણવોપાસના પણ કોઇ જાણકાર પાસે શીખવી જોઇએ.

પ્રણવનાદનાં સવાર-સાંજ ૩૦થી ૧૦૦ આવર્તનો કરવાં જોઇએ.

યોગાસનો, પ્રાણાયામ, પ્રણવોપાસના આદિ યોગાભ્યાસ કરનાર અભ્યાસીના જીવનમાં ડિપ્રેશન આવે નહીં.

ડિપ્રેશનની અવસ્થા આવ્યા પછી પણ યોગાભ્યસા કરી શકાય છે. પરંતુ ડિપ્રેશન અતિ ગંભીર અવસ્થામાં હોય અને દરદી યોગાભ્યાસ કરી શકે તેમ જ ન હોય તો અને ત્યારે તેમને અન્ય ચિકિત્સા કરાવવી જોઇએ. તે વ્યક્તિ યોગાભ્યાસ શીખી શકે અને તેનો નિત્ય અભ્યાસ કરી શકે એવી અવસ્થા હોય ત્યારે જ યૌગિક ચિકિત્સા થઇ શકે છે. ડિપ્રેશનની ગંભીર અવસ્થાના દરદી પ્રારંભમાં અન્ય ચિકિત્સા દ્વારા થોડી રાહત મેળવીને યોગાભ્યાસ કરી શકે તેવી અવસ્થા પ્રાપ્ત કરી લે પછી તેમને યોગાભ્યાસનો પ્રારંભ કરાવી શકાય છે.

૯. તાણ (stress)ના યૌગિક ચિકિત્સા

કોઇ રોગ આ યુગમાં જ ઉત્પન્ન થયો અને પહેલાં હતો જ નહીં એમ કહી શકાય નહીં. હા, આપણે તેના સ્વરૂપને જાણતા ન હોઇએ કે તે રોગ ખાસ પ્રકાશમાં ન આવ્યો હોય તેમ હોઇ શકે છે. પરંતુ તે રોગ પહેલાં હતો જ નહીં અને હમણાં ઉત્પન્ન થયો તેમ કહી શકાય નહીં. કેન્સર, એઇડ્સ આદિ રોગો વિશે લોકમાન્યતા કાંઇક એવી જ છે કે એ તો બધા હમણાંના જ રોગો છે, પહેલાં ક્યાં હતા? પરંતુ આ તો લોકમાન્યતા છે. હકીકત ન પણ હોય. પહેલાંના કાળમાં પણ આ રોગ હોઇ શકે છે. એટલું સાચું કે આ રોગોની પરખ હમણાં થઇ છે અને એ પણ સાચું કે આ યુગમાં તેમનું પ્રમાણ ખૂબ વધારે છે.

તાણ (stress) પણ એક એવી બીમારી છે, જે પહેલાંના સમયમાં હતી જ નહીં અને વર્તમાનકાળમાં એકાએક ફૂટી નીકળી છે અને વ્યાપક પ્રમાણમાં પ્રચલિત બની છે એમ આપણે કહી શકીએ નહીં- એમ અમે કહેતા પણ નથી, પરંતુ આ વિધાન તો બરાબર છે કે વર્તમાનકાળમાં તાણ (stress) બહુ વ્યાપક પ્રમાણમાં પ્રચલિત બની છે. પ્રાથમિક શાળાએ જતો નાનો બાળક પણ તાણમાં જીવતો હોય તેવાં દૃષ્ટાંતો આ યુગમાં વિરલ નથી. વર્તમાનકાળની જીવનશૈલીનું સ્વરૂપ જ એવું છે કે તાણનો વ્યાપ બહુ વધી રહ્યો છે. જ્યારે પરિસ્થિતિ આવી છે ત્યારે તાણના સ્વરૂપને તેની કારણમીમાંસા અને ચિકિત્સાને સમજી લેવાં આવશ્યક બને છે.

હવે પ્રારંભમાં આપણે જોઇએ કે તાણ શું છે?

માનસિક તાણ એટલે મનની એવી અસ્વસ્થ અવસ્થા કે જેમાં વ્યક્તિ મન પર દબાણ અર્થાત્ બોજો અનુભવે છે.

નાના, મોટા, સાચા કે કલ્પિત કારણસર જ્યારે માનવ પોતાના મન પર કોઇ દબાણ, કોઇ બોજો, કોઇ ભાવ અનુભવે અને તેને કારણે મન અસ્વસ્થ બની જાય ત્યારે તે અવસ્થાને માનસિક તાણ (mental stress)ની અવસ્થા કહેવામાં આવે છે.

માનસિક તાણના સ્વરૂપને સમજીને હવે આપણે તેની કારણમીમાંસાને સમજીએ.

માનસિક તાણનું મૂળભૂત કારણ ઇચ્છા (desire) છે. ભગવાન બુદ્ધે કહ્યું જ છે કે દુઃખનું કારણ ઇચ્છા છે. હા, ઇચ્છાની સાથે ભય સંલગ્ન હોય જ છે. ભય ઇચ્છાના સિક્કાની બીજી બાજુ જ છે. તેથી ઇચ્છા અને ભય બંને મળીને તાણની પરિસ્થિતિનું નિર્માક્ષ કરે છે તેમ કહેવું જોઇએ.

ઇચ્છાને કોઇ ધ્યેય હોય છે- કશાકની પ્રાપ્તિની કે કશાકમાંથી મુક્ત થવાની ઇચ્છા હોય છે. આ ધ્યેય છે. કોઇ ધ્યેયપ્રાપ્તિ માટેની મનોમય તૃષ્ણા, વાસના કે ઝંખનાને ઇચ્છા કહેવામાં આવે છે. આનો અર્થ સ્પષ્ટ જ છે કે ઇચ્છાને ધ્યેય (goal) હોય છે.

ઇચ્છા હંમેશાં જે નથી તેની પ્રાપ્તિની હોય છે. જે છે તેની ઇચ્છા ન હોઇ શકે જે નથી તેને પ્રાપ્ત કરવાની જ ઇચ્છા હોય છે. હા, જે છે તેની જાળવી રાખવાની ઇચ્છા હોઇ શકે છે, પરંતુ જે છે તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા ન હોઇ શકે, એટલું જ નહીં, પણ જે છે તેને અધિક પ્રાપ્ત કરવાની ઇચ્છા પણ હોઇ શકે છે, પરંતુ જે છે તે ઇચ્છાનું ધ્યેય ન બની શકે કોઇ દુઃખદ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિમાંથી મુક્ત થવાની ઇચ્છા પણ હોઇ શકે છે.

આમ અનુકૂળ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિની પ્રાપ્તિની ઇચ્છા હોય છે. અથવા પ્રતિકૂળ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિમાંથી મુક્તિની ઇચ્છા પણ હોઇ શકે છે.

ઇચ્છા કોઇપન સ્વરૂપની હોય, પરંતુ એટલું તો નિશ્ચિત છે કે ઇચ્છાને ધ્યેય હોય છે. આમ ઇચ્છાની ઘટનામાં બે બિંદુ છેઃ વ્યક્તિ જ્યાંછે તે બિંદુ અને વ્યક્તિ જ્યાં પહોંચવા ઇચ્છે છે તે ધ્યય-બિંદુ. આ બે બિંદુઓ વચ્ચે અંતર છે. આ અંતરને ઘટાડવા માટે મન આકુળવ્યાકુળ બને છે અને આ વ્યાકુળતા જ તાણ (stress)નો પાયો છે. તાણની અવસ્થાનું નિર્માણ કરવામાં ઇચ્છાની સાથે ભય પણ ભળે જ છે. કશાકની પ્રાપ્તિની ઇચ્છા સાથે ‘તે નહીં મળે તો?’- એવો ભય પણ સંલગ્ન હોય જ છે. પ્રાપ્તને ટકાવી રાખવાની ઇચ્છા સાથે ‘તે નહીં ટકી રહે તો?’ એવો ભય પણ સંલગ્ન હોય જ છે. (ક્રમશઃ)■

# કૅક છે મીઠું ઝેર



આપણાં ઘર-પરિવારમાં કોઈપણ ફંકશન હોય તો હવે કૅક કટ કરવાની એક પરંપરા શરૂ થઈ ગઈ છે. બર્થ-ડે પાર્ટી હોય, સગાઈ હોય અથવા તો મૅરેજ હોય લોકોને કૅક વગર ફંક્શન અધૂરા લાગે છે. હવે એને લઈને એક ખતરનાક ખુલાસો થયો છે. એમાં જણાવવામાં આવ્યું છે કે કૅકમાં એવા કેટલાંક હાનિકારક તત્ત્વો હોય છે, જેનાથી કૅન્સર જેવી બીમારી થઈ શકે છે. એથી એમ કહી શકાય કે કૅક છે મીઠું ઝેર.

બેકરીની કૅકમાં મુખ્યત્વે માર્જરીનનો ઉપયોગ કરવામાં આવે છે, જે સસ્તું હોય છે, પરંતુ સ્વાસ્થ્ય માટે એ મોંઘુ પડી શકે છે. સાથે જ વિવિધ કેમિકલ્સ, પ્રિઝર્વેટિવ્સ અને કલરનો વપરાશ થાય છે. આશ્ચર્યની વાત એ છે કે બેકરીવાળાઓને આ વાતની જાણ છે. આમછતાં તેઓ બેફામ એનો ઉપયોગ કરે છે. લોકો પણ ક્વૉલિટીને બદલે સસ્તી કૅક ખરીદવામાં માને છે.

કર્ણાટક ફૂડ સેફ્ટી ડિપાર્ટમેન્ટે કરેલાં ટેસ્ટમાં બાર પ્રકારનાં કૅકને કૅન્સર માટે જવાબદાર ઠેરવ્યાં છે. ૨૩૫ સેમ્પલ્સમાંથી બાર કૅકમાં આર્ટિફિશિયલ કલર મળી આવ્યો છે, જેનાથી કૅન્સરનું જોખમ વધે છે. બ્લૅક ફોરેસ્ટ અને રેડ વેલ્વેટ કૅક એમાં સામેલ છે. એવામાં જાણીએ કે કઈ કૅક ખાવા યોગ્ય છે કે નહીં.

**ફોટોવાળો કૅક**

આજકાલ કૅક પર જે તે વ્યક્તિનો ફોટો પ્રિન્ટ કરાવવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. એ કૅક બનાવવામાં હાનિકારક કેમિકલ્સનો ઉપયોગ કરવામાં આવે છે. એમાં ફૂડ કલરિંગ, પ્રિન્ટિંગ ઇન્ક અને પ્લાસ્ટિકાઇઝરનો ઉપયોગ થાય છે. આ ત્રણેય સ્વાસ્થ્ય માટે જોખમી છે. એની અસર લાંબા ગાળા સુધી શરીર પર રહે છે. આ કેમિકલ્સને કારણે એલર્જી, અસ્થમા, પચનની સમસ્યા અને સ્કિન પ્રોબ્લેમ્સ થઈ શકે છે.

**તો પછી કઈ કૅક છે ખાવાલાયક?**

**ઓર્ગેનિક કૅકઃ** ઓર્ગેનિક કૅક બનાવવામાં જે વસ્તુઓનો ઉપયોગ થાય છે, એમાં હાનિકારક કેમિકલ્સનો ઉપયોગ નથી કરવામાં આવતો. એથી એ સૌથી વધુ સેફ કૅક ગણવામાં આવે છે. એ કૅક ખાવાથી આરોગ્યને કોઈ નુકસાન નથી થતું.

**ફ્રૂટ કૅકઃ** ફ્રૂટ કૅક બનાવવામાં ફળોનો વધુ ઉપયોગ કરવામાં આવે છે, જે સ્વાસ્થ્ય માટે ગુણકારી છે. એનાથી કોઈ નુકસાન નથી થતું. આવી કૅક તો કોઈ પણ સેલિબ્રેશનમાં ખાઈ શકાય છે.


**નટ કૅકઃ** આજકાલ માર્કેટમાં નટ કૅકનો ટ્રેન્ડ વધી ગયો છે. એમાં નટ્સનો વધુ ઉપયોગ થાય છે. એ કુદરતી રીતે લાભકારી છે. એનાથી સ્વાસ્થ્યને પણ ઘણાં લાભ મળે છે. ■



# આ છે મુંબઈના ચૅમ્પિયન ખેલૈયાઓ

## ‘મુંબઈ સમાચાર મહાસ્પર્ધા’નાં સાત કેન્દ્ર પરથી પસંદગી પામેલા વિજેતાઓમાંથી ચૅમ્પિયન ખેલૈયાની વરણી નોમના દિવસે સહારા સ્ટાર હૉટેલમાં યોજાયેલી રોમાંચક ફાઈનલમાં કરાઈ હતી

ખેલૈયાઓની આતુરતાના અંતની ક્ષણ નિકટ આવી ગઈ હતી... મુંબઈ-થાણેનાં ફેમસ આઠ નવરાત્રિ સેન્ટરોમાંથી પસંદગી પામેલા ખેલૈયાઓ ગરબાના અવનવા સ્ટેપ્સ શીખીને સજ્જ થઈ ગયા હતા... બૅન્ડ પાર્ટીના સાજિંદા અને ગાયકો પણ હવે રાહ જોવાના મૂડમાં નહોતા... અને ઘડિયાળે આઠ વાગ્યાનો ઇશારો કર્યો એટલે બધી હલચલ શરૂ થઈ ગઈ...



માતાજીની આરતી કરીને આશીર્વાદ મેળવ્યા પછી ગરબાની શરૂઆત થઈ. ગાયકોના સુરીલા કંઠે ગીતો રેલાયા એટલે વિલે પાર્લેની ફાઈવ સ્ટાર હૉટેલ સહારા સ્ટારનો ઍરકન્ડિશન્ડ સફાયર બેન્ક્વેટ ખેલૈયાઓના ઠેકડાથી ધમધમી ઊઠ્યો... અને શરૂ થયો ‘મુંબઈ સમાચાર’ની નવરાત્રિ મહાસ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ.

‘મુંબઈ સમાચાર’ દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે નવરાત્રિ મહાસ્પર્ધા ‘રમો, ઝૂમો અને જીતો’નો શુભારંભ પ્રથમ નોરતે થાણે રાસ રંગ-૨૦૨૪થી થયો હતો. પછી તો મુંબઈ-થાણેનાં પ્રખ્યાત નવરાત્રિ સેન્ટરોમાંથી ઉત્તમ ખેલૈયાઓની પસંદગી કરાઈ હતી. આમ આઠ નવરાત્રિ સેન્ટરોમાંથી ૧૫૦થી વધુ ખેલૈયાઓની ફાઈનલ રાઉન્ડ માટે વરણી કરાઈ હતી.

ફાઈનલ રાઉન્ડ માટે પસંદ કરાયેલા ખેલૈયાઓએ શુક્રવારે સાંજે છ વાગ્યાથી સહારા સ્ટારમાં પ્રવેશ મેળવવા માટે લાઈન લગાવી હતી. જે ખેલૈયા મોડા પડ્યા હતા તેમના માટે મુંબઈ સમાચારની ટીમે રાઉન્ડ શરૂ થઈ ગયા પછી પણ પ્રવેશની સુવિધા કરી આપી હતી. ગુજરાતી-હિંદી ગીતો પર રંગરસિયાઓ ભાન ભૂલીને ગરબે ઘૂમ્યા હતા. સ્પર્ધાના ડર કરતાં એનો આનંદ-રોમાંચ છકલાઈ રહ્યો હતો ખેલૈયાઓના ચહેરા પર. જાણે સ્પર્ધા નહીં, ગરબાના સ્ટેપ્સ રજૂ કરવાની હોડ જામી હોય.

લગભગ કલાક ચાલેલા ફાઈનલ રાઉન્ડમાં ખેલૈયાઓએ ગજબનો તરવરાટ દાખવ્યો હતો. કેડિયુ અને માથે પાઘડી તેમ જ ચણિયાચોળી પરિધાન કરીને મેલ-ફિમેલ ખેલૈયાઓમાં સ્પર્ધા માટે ઉત્સાહ નજરે પડતો હતો.

ખેલૈયાઓને વિવિધ પ્રકારે ગરબા રમતા જોઈ ફાઈનલના વિજેતા નક્કી કરવામાં જજીસે ભારે મથામણ કરવી પડી હતી. આ ખેલૈયાઓ કરતાં જજીસની વધુ આકરી કસોટી હતી. આખરે નક્કી થયા મુજબ વિવિધ કૅટેગરીમાં ૩૯ વિજેતા નક્કી કરવામાં આવ્યા હતા. વિજેતાઓને ઈનામ અને ટ્રોફી આપવામાં આવી હતી. આ મહાસ્પર્ધામાં દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠનો સહયોગ સાંપડ્યો હતો.

### બેસ્ટ મેલ ડાન્સર



૧ અરમાન ભાનુશાલી · ૨ વેદાંત શાહ · ૩ જિયાન મોરબિયા · ૪ વિહાન ભાનુશાલી · ૫ નૈતિક સાલસિયા · ૬ ધ્વીજ મહેતા · ૭ હેરીલ શાહ

### બેસ્ટ ફિમેલ ડાન્સર



૧ બંસી ભાનુશાલી · ૨ સ્વાતિ દાધા · ૩ ધિમહી પંચવટિયા · ૪ આશી તન્ના · ૫ પરી કોટક · ૬ વિહાની સાવલા · ૭ હસ્તી ભાનુશાલી

### બેસ્ટ ડાન્સર બોય



૧ ધૈર્ય મીસ્ત્રી · ૨ પાર્શ્વ સત્રા · ૩ શૈલેશ બકારિયા · ૪ શુભ મહેતા · ૫ અક્ષય ફરિયા

બેસ્ટ ડાન્સર બોયની કેટેગરીમાં ભાવેશ શાહ, આર્યમાન જગાની તેમ જ બેસ્ટ સિનિયર સિટિઝન ડાન્સર મહેશ વિસાવડિયા પણ સ્પર્ધામાં વિજેતા બન્યા હતા.

### બેસ્ટ ડાન્સર ગર્લ



૧ ખુશી ગડા · ૨ સૃષ્ટિ દેસાઈ · ૩ વીરા ગજરા · ૪ ગૌરી રાજે · ૫ જાનવી ગડા · ૬ ઝીલ ગોસ્વામી · ૭ દીપ્તિ મનગેકર

### બેસ્ટ મેલ ડાન્સર અંકલ



પીયૂષ લાલન · હરીષ માલીવાર · નીલેશ ઠાકર

### બેસ્ટ ફિમેલ ડાન્સર આંટી



દિશા ઘેલાણી · પુષ્પા નીસર · નૈના કારિયા

### બેસ્ટ કપલ



વિભૂતિ-હરીશ બદિયાની · સેહુલ શાહ અને રીમકારા ગડા · વનિતા ગડા - જિતેન્દ્ર મોરબિયા



કરન સૂચક - માનસી દોશી · પૂજા સાવલા - હિતેન વડગામા



ઉપેન્દ્ર વૈદ · પ્રતિમા શાહ · રસીલા ઠક્કર

# આભાર...



જિતુભાઈ મહેતા




ભાર્ગવભાઈ પટેલ


નવરાત્રિ મહાસ્પર્ધામાં ભાગ લેનારા ખેલૈયાઓનો ‘મુંબઈ સમાચાર’ આભાર માને જ છે, પણ થાણે રાસ રંગ-૨૦૨૪ના આયોજક જિતુભાઈ મહેતા, બોરીવલીમાં રંગ રાસ નવરાત્રિ-૨૦૨૪ના આયોજક મહાવીર કન્સ્ટ્રક્શનના પિનાકિન શાહ, વિલેપાર્લેમાં નવરાત્રિ જલસોના આયોજક ભાર્ગવ પટેલ અને જગત કિલ્લાવાલા, બીકેસીમાં પર્પલ બ્લુ રેડિયન્સ દાંડિયાના આયોજક અજય મંત્રી, ડોંબિવલી રાસ રંગ-૨૦૨૪ના આયોજક ડૉ. શ્રીકાંત શિંદે, મુલુંડમાં પ્રેરણા રાસના આયોજક મનીષભાઈ ધામે અને બોરીવલીમાં શોગ્લિટ્સના આયોજક સંતોષ સિંહને પણ ધન્યવાદ કહેવું પડે.



ડૉ. શ્રીકાંત શિંદે



અજયભાઈ મંત્રી



મનીષભાઈ ધામે

નવરાત્રિ સ્પર્ધાને સફળ બનાવવામાં મહત્ત્વનો ફાળો ભજવનારા પ્રાયોજક ચંદન માઉથફ્રેશનર, જેવીએમ સ્પેસીસ, ઈવેન્ટ સ્પોન્સર્ડ રચના સલૂન, ટ્રોફી પાર્ટનર બીએન જ્વેલર્સ, ગિફ્ટિંગ પાર્ટનર નેનો નાઈન, રેન્ડેઝેવોસ, પાલખી, દામજી શામજી ગ્રુપ, ફ્રેન્ડ્સ રિસોર્ટસ, અરોન રિસોર્ટ, સમર પ્લાઝા, જશ હોલિડેસ એન્ડ મેમોરીસ, ખાનવેલ રિસોર્ટ-સિલવાસા, અરિહંત હોલિડેસ, ટ્રિપ ટુ થાઈલેન્ડ, બીસીન અને હેરલોજિક બ્રાન્ડ-મિશા ઈમ્પેક્સ, હેર સ્ટુડિયોનો પણ આભાર માનવો ઘટે.



સંતોષભાઈ સિંહ



પિનાકિનભાઈ શાહ

નવરાત્રિ સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડ માટે સુંદર-સુવિધાજનક વ્યવસ્થા કરવા બદલ સહારા સ્ટાર હોટેલની નવરાત્રિના આયોજકો ભાર્ગવભાઈ પટેલ અને જગતભાઈ કિલ્લાવાલાનો મુંબઈ સમાચાર વિશેષ આભાર માને છે.












**ન્યુ ઝીલેન્ડ સામેની તૈયારીઃ** ન્યુ ઝીલેન્ડ સામેની ટેસ્ટ મેચ બુધવારથી શરૂ થાય એ અગાઉ કર્ણાટકના બેંગલૂરુમાં સોમવારે ભારતના ખેલાડીઓએ ખૂબ જ પરસેવો પાડ્યો હતો (પીટીઆઇ)

# વિરાટ કોહલીમાં રનની ભૂખ, તમામ મેચ પછી મૂલ્યાંકન યોગ્ય નહીંઃ ગૌતમ ગંભીર

બેંગલુરુઃ ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીર વિરાટ કોહલીના ખરાબ ફોર્મથી ચિંતિત નથી અને કહ્યું હતું કે આ સ્ટાર બેટ્સમેનમાં રનની ભૂખ એટલી જ છે જેટલી ડેબ્યૂ સમયે તેનામાં હતી. તેથી દરેક મેચ પછી તેનું મૂલ્યાંકન કરવું યોગ્ય નથી.

કોહલીએ છેલ્લી આઠ ઇનિંગ્સમાં માત્ર એક અડધી સદી (૨૦૨૩માં સેન્ચુરિયન ખાતે દક્ષિણ આફ્રિકા સામે ૭૬) ફટકારી હતી. ન્યૂઝીલેન્ડ સામે બુધવારથી શરૂ થનારી ત્રણ મેચની ટેસ્ટ શ્રેણી પહેલા તેના માટે ફોર્મમાં પરત આવવું મહત્ત્વપૂર્ણ છે કારણ કે આ પછી ભારતીય ટીમે પાંચ ટેસ્ટ મેચના પ્રવાસ માટે ઓસ્ટ્રેલિયા જવાનું છે.

ગંભીરે અહીં પત્રકારોને કહ્યું હતું કે , વિરાટ વિશે મારો દૃષ્ટિકોણ ખૂબ જ સ્પષ્ટ છે કે તે એક વર્લ્ડ ક્લાસ ક્રિકેટર છે અને તેણે આટલા વર્ષોથી ખૂબ સારું પ્રદર્શન કર્યું છે. તેની રનની ભૂખ એટલી જ છે જેટલી તેનામાં ડેબ્યૂ વખતે હતી. ગંભીરે કહ્યું કે ''આ ભૂખ તેને વર્લ્ડ ક્લાસ ક્રિકેટર બનાવે છે.'' મને ખાતરી છે કે તે આ શ્રેણીમાં અને ઓસ્ટ્રેલિયામાં પણ રન કરશે. ગંભીરે કહ્યું કે એક ખરાબ મેચ કે સિરીઝના આધારે કોઈ ખેલાડીનું મૂલ્યાંકન ન કરવું જોઈએ.

તેણે કહ્યું હતું કે , દરેક મેચ પછીનું મૂલ્યાંકન યોગ્ય હોતું નથી. જો તમે દરેક મેચ પછી આવું કરવાનું શરૂ કરો છો તો તે તેમના માટે યોગ્ય રહેશે નહીં. આ એક રમત છે અને નિષ્ફળતાનો સામનો કરવો પડે છે. જો અમને સાનુકૂળ પરિણામ મળી રહ્યા છે તો ચિંતા કરવાની કોઈ વાત નથી.

તેણે કહ્યું હતું કે, કોઈ પણ વ્યક્તિ દરરોજ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકતો નથી. અમારું કામ ખેલાડીઓને સમર્થન આપવાનું છે. મારું કામ શ્રેષ્ઠ પ્લેઇંગ-૧૧ પસંદ કરવાની છે. અમારે સતત આઠ ટેસ્ટ રમવાની છે અને બધાની નજર સારા પ્રદર્શન પર છે. ■

# મહિલા ટી-૨૦ વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયાની સતત ચોથી જીત, ભારતને નવ રનથી હરાવ્યું

શારજાહઃ મહિલા ટી-૨૦ વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમે રવિવારે ભારત સામે નવ રને જીત મેળવીને સેમિફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું.

તેઓ ગ્રૂપ-એમાંથી સેમિફાઇનલમાં પહોંચનારી પ્રથમ ટીમ બની હતી. સાથે જ આ હારથી ભારતનો રસ્તો મુશ્કેલ બની ગયો છે. હવે તેણે ન્યૂ ઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચેની મેચના પરિણામ પર નિર્ભર રહેવું પડશે.

આ મેચ પહેલા ભારતનો નેટ રન રેટ પ્લસ ૦.૫૭૬ હતો. હવે તે માત્ર પ્લસ ૦.૩૨૨ જ રહે છે. ઓસ્ટ્રેલિયા આઠ પોઈન્ટ અને પ્લસ ૨.૨૨૩ના નેટ રનરેટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. ત્રીજા સ્થાને ન્યૂ ઝીલેન્ડની ટીમ છે, જેનો નેટ રન રેટ પ્લસ ૦.૨૮૨ છે. જો તેઓ પોતાની ચોથી મેચમાં પાકિસ્તાન સામે મોટા માર્જિનથી જીત મેળવે છે તો કિવી ટીમ બીજા સ્થાને પહોંચી જશે અને સારા નેટ રન રેટના આધારે સેમિફાઇનલ માટે ક્વોલિફાય થશે. આ સ્થિતિમાં ભારતે પાકિસ્તાનની જીત માટે પ્રાર્થના કરવી પડશે.

શારજાહમાં રમાયેલી આ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૧ રન કર્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૪૨ રન જ કરી શકી હતી. ઓસ્ટ્રેલિયાના નેટ રનરેટથી આગળ નીકળી જવા માટે ભારતે ૧૦.૨ ઓવર અથવા તેનાથી ઓછા સમયમાં લક્ષ્યનો પીછો કરવાનો હતો.

કેપ્ટન હરમનપ્રીત કૌરની અડધી સદીની ઇનિંગ્સ પણ કામ આવી નહોતી. ભારતને છેલ્લી ઓવરમાં ૧૪ રનની જરૂર હતી. હરમનપ્રીત વિકેટ પર હતી, પરંતુ ભારતે સધરલેન્ડની ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને મેચ ગુમાવી દીધી હતી. ઓસ્ટ્રેલિયાના ૮ વિકેટે ૧૫૧ રનના જવાબમાં ભારતે નવ વિકેટે ૧૪૨ રન કર્યા હતા. હરમનપ્રીત ૪૭ બોલમાં છ ચોગ્ગાની મદદથી ૫૪ રન ફટકારીને અણનમ રહી હતી. તેણે દીપ્તિ શર્મા (૨૯) સાથે ચોથી વિકેટ માટે ૫૫ બોલમાં ૬૩ રનની ભાગીદારી કરી હતી. જ્યારે ૧૮મી ઓવરમાં ૧૨ રન અને ૧૯મી ઓવરમાં ૧૪ રન થયા ત્યારે એવું લાગતું હતું કે ભારત જીતી શકે છે પરંતુ એવું ન થયું. ૩૨ રનમાં બે વિકેટ લેનારી સોફી મોલિનેક્સ પ્લેયર ઓફ ધ મેચ બની હતી. તેમના સિવાય ઓસ્ટ્રેલિયા તરફથી એનાબેલ સધરલેન્ડે બે વિકેટ ઝડપી હતી. મેગન અને એશ્લેએ એક-એક સફળતા હાંસલ કરી હતી. ■

# મહિલા ટી-૨૦ વર્લ્ડકપઃ ઓસ્ટ્રેલિયા સામે હાર બાદ છલકાયું હરમનપ્રીતનું દર્દ, કહ્યું- 'તેઓ એક-બે ખેલાડી પર નિર્ભર નહોતા'




શારજાહઃ મહિલા ટી-૨૦ વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતનો નવ રનથી પરાજય થયો હતો. આ હાર સાથે ભારતની સેમિફાઇનલમાં પહોંચવાની તમામ આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. આ મેચમાં હાર બાદ ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરે નિરાશા વ્યક્ત કરી હતી. ઓસ્ટ્રેલિયાનો ઉલ્લેખ કરતા તેણે કહ્યું કે તેમની આખી ટીમે યોગદાન આપ્યું છે.આ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૧ રન કર્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૪૨ રન જ કરી શકી હતી.

મેચ બાદ હરમનપ્રીતે કહ્યું હતું કે મને લાગે છે કે તેમની આખી ટીમે યોગદાન આપ્યું હતું. તેઓ કોઈ એક કે બે ખેલાડીઓ પર નિર્ભર નહોતા. તેમની પાસે ઘણા ઓલરાઉન્ડર છે જેમણે યોગદાન આપ્યું છે. અમે સારું આયોજન કર્યું હતું અને અમે અંત સુધી મેચમાં હતા. પરંતુ તેઓએ સરળતાથી રન આપ્યા નહોતા. જેના કારણે અમારા માટે આગળ વધવું મુશ્કેલ બની ગયું. આ દરમિયાન ભારતીય કેપ્ટને રાધા યાદવના વખાણ કર્યા હતા. તેણે કહ્યું હતું કે રાધાએ ખૂબ જ સારી બોલિંગ અને ફિલ્ડિંગ કરી હતી. આ લક્ષ્યાંક હાંસલ કરી શકાય તેમ હતો. અમારા હાથમાં જે હતું તે અમે પ્રયાસો કર્યા હતા પરંતુ કેટલીક વસ્તુઓ તમારા નિયંત્રણમાં હોતી નથી.

કેપ્ટન હરમનપ્રીત કૌરની અડધી સદીની ઇનિંગ્સ પણ જીત અપાવી શકી નહોતી. ભારતને છેલ્લી ઓવરમાં ૧૪ રનની જરૂર હતી. હરમનપ્રીત મેદાનમાં હતી પરંતુ ભારતે સધરલેન્ડની ઓવરમાં ચાર વિકેટ ગુમાવતા પરાજય થયો હતો. ■

# 'જો કેટલીક તકો ઝડપી લીધી હોત તો સ્થિતિ અલગ હોતઃ' મહિલા ટીમના કોચ મુઝુમદાર



શારજાહઃ ઑસ્ટ્રેલિયા સામે હાર્યા બાદ ભારતીય ટીમની મહિલા ટી-૨૦ વર્લ્ડ કપની સેમિફાઇનલમાં પહોંચવાની સંભાવના લગભગ ખતમ થઇ ગઇ હતી. હારથી નિરાશ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કોચ અમોલ મુઝુમદારે કહ્યું હતું કે જો ટીમ કેટલીક તકોનો લાભ ઉઠાવવામાં સફળ રહી હોત તો પરિણામ અલગ જ આવ્યું હોત. નોંધનીય છે કે રવિવારે ગ્રૂપ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને નવ રનથી હરાવ્યું હતુ. મુઝુમદારે મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે , અમે છેલ્લી ઓવર સુધી મેચમાં હતા. ઓસ્ટ્રેલિયાએ તેના અનુભવના આધારે જીત મેળવી હતી. તેમણે કહ્યું હતું કે , ''હું આ હારથી દુખી છું.'' અમે સારી ફિલ્ડિંગ કરી પરંતુ કેટલીક તકો પણ ગુમાવી હતી. જો તેઓએ તક ઝડપી લીધી હોત તો પરિસ્થિતિ અલગ જ હોત. કદાચ ૧૦- ૧૫ રન ઓછા થયા હોત.પરંતુ હું એટલું જ કહીશ કે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા હતા. ત્રણ કેચ છોડવા ઉપરાંત ભારતે સ્ટમ્પિંગની એક તક પણ ગુમાવી હતી. આ સિવાય ક્લોઝ લેગ બિફોર નિર્ણય પણ ભારત વિરુદ્ધ ગયો હતો.

ઓસ્ટ્રેલિયન ઇનિંગ્સની ૧૭મી ઓવરમાં પાંચ રન પર રમી રહેલી ફોબી લિચફિલ્ડે રિવર્સ સ્વીપ રમવાનો પ્રયાસ કર્યો જેના પર મેદાન પરના અમ્પાયરે તેને એલબીડબલ્યૂ આઉટ આપી હતી. જોકે ડીઆરએસ બાદ નિર્ણયમાં ફેરફાર કરાયો હતો. ભારતને છેલ્લી દસ ઓવરમાં ૮૫ રનની જરૂર હતી અને હરમનપ્રીત કૌર અને દીપ્તિ શર્મા ક્રીઝ પર હતા. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે મેદાન પર આ જોડીને શું મેસેજ આપવામાં આવ્યો હતો. જેના જવાબમાં મુઝુમદારે કહ્યું હતું કે , લક્ષ્યનો પીછો કરવા અને નેટ રન રેટને ધ્યાનમાં રાખવા વિશે કહેવામાં આવ્યું હતું. જો અમે સાતત્ય સાથે રમીએ તો આ રન કરી શકાયા હોત. હરમન માટે અંત સુધી રહેવું ખૂબ જ જરૂરી હતું. અમે જીતની નજીક પહોંચી ગયા હતા. ■

# બીજી ટેસ્ટ માટે પાકિસ્તાન અને ઈંગ્લેન્ડે જાહેર કરી પ્લેઈંગ-૧૧, બેન સ્ટોક્સની વાપસી



મુલતાનઃ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ૧૫ ઓક્ટોબરથી ઇંગ્લેન્ડ સામે મુલતાનમાં રમાનારી બીજી ટેસ્ટ માટે પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરી છે. પ્રથમ ટેસ્ટમાં કારમી હાર બાદ પાકિસ્તાને પોતાની ટીમમાં ઘણા મોટા ફેરફાર કર્યા હતા. હવે બીજી ટેસ્ટ માટે પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરવામાં આવી છે. આમાં ઘણા નવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પૂર્વ કેપ્ટન બાબર આઝમ, સ્ટાર ફાસ્ટ બોલર શાહીન આફ્રિદી અને નસીમ શાહને ટીમમાંથી બહાર કરવામાં આવ્યા હતા. આ ત્રણેયને પ્રથમ ટેસ્ટમાં હાર બાદ બહાર કરવામાં આવ્યા છે. ટીમમાં ઘણા નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું હતું.

પાકિસ્તાન બાદ ઈંગ્લેન્ડે પણ બીજી ટેસ્ટ માટે પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરી છે. ઈંગ્લેન્ડના નિયમિત ટેસ્ટ કેપ્ટન બેન સ્ટોક્સની બીજી ટેસ્ટમાં વાપસી થઈ હતી. સ્ટોક્સ ઇંગ્લેન્ડ માટે છેલ્લી ચાર ટેસ્ટ મેચ ચૂકી ગયો હતો. ઈંગ્લિશ ટીમમાં કુલ બે ફેરફાર જોવા મળ્યા હતા. ઓલી પોપ પાકિસ્તાન સામેની શ્રેણીની પ્રથમ ટેસ્ટમાં ઈંગ્લિશ ટીમની કેપ્ટનશિપ સંભાળતો જોવા મળ્યો હતો. જોકે, હવે સ્ટોક્સે વાપસી કરી છે. બીજી ટેસ્ટમાં ફાસ્ટ બોલર ગુસ એટકિન્સન અને ક્રિસ વોક્સને આરામ આપવામાં આવ્યો હતો. ફાસ્ટ બોલર મેટ પોટ્સની ટીમમાં વાપસી થઈ છે.

**બીજી ટેસ્ટ માટે ઈંગ્લેન્ડની પ્લેઈંગ ઈલેવનઃ** જેક ક્રોલી, બેન ડકેટ, ઓલી પોપ, જો રૂટ, હેરી બ્રુક, બેન સ્ટોક્સ (કેપ્ટન), જેમી સ્મિથ (વિકેટકીપર), બ્રાયડન કાર્સ, મેટ પોટ્સ, જેક લીચ અને શોએબ બશીર.

**બીજી ટેસ્ટ માટે પાકિસ્તાનની પ્લેઈંગ ઈલેવનઃ** અબ્દુલ્લાહ શફીક, સૈમ અયુબ, શાન મસૂદ (કેપ્ટન), કામરાન ગુલામ, સઈદ શકીલ (વાઈસ-કેપ્ટન), મોહમ્મદ રિઝવાન (વિકેટકીપર), સલમાન આગા, આમિર જમાલ, નોમાન અલી, સાજિદ ખાન અને ઝાહિદ મહમૂદ. ■

# ભારત સામેની ટેસ્ટ સિરીઝ અગાઉ સ્ટીવ સ્મિથનો યૂ-ટર્ન, હવે નહી કરે ઓપનિંગ



મેલબોર્નઃ ઓસ્ટ્રેલિયાનો અનુભવી બેટ્સમેન સ્ટીવ સ્મિથ ભારત સામેની આગામી ટેસ્ટ શ્રેણીમાં તેના પસંદગીના નંબર ચોથા ક્રમ પર બેટિંગ કરશે. નેશનલ સિલેક્ટર જ્યોર્જ બેઈલીએ સોમવારે આ વાતની પુષ્ટી કરી હતી. આ વર્ષે ઓપનર ડેવિડ વોર્નરની નિવૃત્તિ બાદથી સ્મિથે જાતે જ ઓપનિંગ કરવાની શરૂઆત કરી હતી. જોકે હવે તેણે યૂ-ટર્ન લીધો છે અને તે હવે ચોથા નંબર પર બેટિંગ કરશે.

તેણે તેની નવી ભૂમિકામાં તેની બીજી ટેસ્ટમાં અણનમ ૯૧ રન કર્યા હતા પરંતુ ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણીમાં તે સારું પ્રદર્શન કરી શક્યો નહોતો. તેણે ચાર ઇનિંગ્સમાં માત્ર ૫૧ રન કર્યા હતા.

બેઇલીએ કહ્યું હતું કે પેટ કમિન્સ, એન્ડ્ર્યુ મેકડોનાલ્ડ અને સ્ટીવ સ્મિથ સાથે સતત વાતચીત થઈ રહી છે. સ્ટીવે ઈનિંગ્સ શરૂ કરવાને બદલે મિડલ ઓર્ડરમાં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે. પેટ અને એન્ડ્રુએ પુષ્ટી કરી કે તે આ સીઝનમાં મિડલ ઓર્ડરમાં બેટિંગ કરશે. બેઇલીએ એ નથી કહ્યું કે તે કયા નંબર પર ઉતરશે પરંતુ તે ચોથા નંબર પર ઉતરશે તે નિશ્ચિત જણાય છે. તેનું કારણ એ પણ છે કે તેના સ્થાને ચોથા નંબર પર આવેલો કેમરુન ગ્રીન પીઠની સર્જરીને કારણે છ મહિના માટે મેદાનની બહાર રહેશે.

આનો અર્થ એ થયો કે ઓસ્ટ્રેલિયાએ હવે નવો ઓપનિંગ બેટ્સમેન શોધવો પડશે. પસંદગીકારોની નજર ભારત-એ સામે ઓસ્ટ્રેલિયા-એના પ્રદર્શન પર રહેશે જેમાં કેમરુન બેનક્રોફ્ટ, સેમ કોન્સ્ટાસ અને માર્કસ હેરિસ પણ ઉસ્માન ખ્વાજા સાથે ઓપનિંગ બેટ્સમેન તરીકે પસંદગી માટે દાવેદાર છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમ ટેસ્ટ ૨૨ નવેમ્બરથી પર્થમાં શરૂ થશે. ■

# ન્યૂઝીલેન્ડ માટે જરૂરી છે અશ્વિન અને જાડેજા વિરુદ્ધ શાનદાર બેટિંગ કરવીઃ રચિન રવિન્દ્ર




બેંગલુરુઃ ન્યૂ ઝીલેન્ડના ટોચના ક્રમના બેટ્સમેન રચિન રવિન્દ્રએ સોમવારે જણાવ્યું હતું કે અનુભવી સ્પિનરો રવિચંદ્રન અશ્વિન અને રવિન્દ્ર જાડેજાનો યોગ્ય રીતે સામનો કરવો ભારત સામેની ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીમાં તેની ટીમની સફળતા માટે નિર્ણાયક રહેશે. અશ્વિન અને જાડેજાએ મળીને ટેસ્ટમાં ૮૦૦થી વધુ વિકેટ લીધી છે. આ બંને હાલમાં વિશ્વ ક્રિકેટની સૌથી અનુભવી બોલિંગ જોડીમાંથી એક છે.

રચિને કહ્યું હતું કે ''તે લાંબા સમય સુધી એક ક્ષેત્રમાં બોલિંગ કરવાની ક્ષમતા ધરાવે છે. મારો કહેવાનો મતલબ છે કે તમે બે સ્પિનરો જોશો જે સતત રમે છે. અશ્વિન અને જાડેજા બંને ખૂબ જ કુશળ બોલર છે. તે બેટિંગ પણ કરી શકે છે, જે વિરોધી ટીમ માટે મુશ્કેલી સર્જી શકે છે.''

તેણે કહ્યું હતું કે અમે જાણીએ છીએ કે ઘરઆંગણાની પરિસ્થિતિઓમાં ભારત બેટિંગ અને બોલિંગમાં શાનદાર છે. આ દર્શાવે છે કે તેની ટીમ માટે અહીં આવીને જીતવું કેટલું મુશ્કેલ છે. જોકે, રચિનને ભારતમાં તેના અગાઉના અનુભવના આધારે આગામી ટેસ્ટ શ્રેણીમાં વધુ સારા પ્રદર્શનનો વિશ્વાસ છે.

આ ખેલાડીએ આઇપીએલ ૨૦૨૪માં ચેન્નઇ તરફથી રમ્યો છે. તે પહેલા તે ગયા વર્ષે વન-ડે વર્લ્ડ કપ દરમિયાન ભારતમાં તેની બેટિંગથી પોતાની છાપ છોડવામાં સફળ રહ્યો હતો. ■

# પાકિસ્તાન સામેની વન-ડે સિરીઝ માટે ઓસ્ટ્રેલિયન ટીમ જાહેર, ટ્રેવિસ હેડ અને માર્શને અપાયો આરામ




મેલબોર્નઃ ઑસ્ટ્રેલિયા અને પાકિસ્તાન વચ્ચે ૪ નવેમ્બરથી ત્રણ મેચની વન-ડે સિરીઝ રમાશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ પાકિસ્તાન સામેની ત્રણ મેચની વનડે શ્રેણી માટે ટીમની જાહેરાત કરી દીધી છે. મિશેલ માર્શ અને ટ્રેવિસ હેડને આરામ આપવામાં આવ્યો છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ પાકિસ્તાન સામેની ત્રણ મેચની વનડે શ્રેણી માટે ૧૪ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. ૪ નવેમ્બરથી ઓસ્ટ્રેલિયાની ટીમ પાકિસ્તાન સામે ઘરઆંગણે ત્રણ મેચની વનડે શ્રેણી રમશે. શ્રેણીની પ્રથમ મેચ ૪ નવેમ્બરે મેલબોર્ન, ૮ નવેમ્બરે એડિલેડ અને ૧૦ નવેમ્બરે પર્થમાં રમાશે.

એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે ટ્રેવિસ હેડ અને મિશેલ માર્શ બંનેએ રજાઓ માગી હતી તેથી જ તેમને પાકિસ્તાન સામેની વનડે શ્રેણીમાં આરામ આપવામાં આવ્યો છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે આ બંને ખેલાડી નવેમ્બરમાં પિતા બનવાના છે. આ કારણોસર બંનેએ બોર્ડ પાસેથી રજા માગી છે. હેડ અને માર્શના સ્થાને યુવા ખેલાડીઓ જેક ફ્રેઝર મેકગર્ક અને મેથ્યુ શોર્ટને તક આપવામાં આવી છે. ફરી એકવાર બંને ઇનિંગ્સની શરૂઆત કરી શકે છે. પેટ કમિન્સ, જોશ હેઝલવુડ અને મિશેલ સ્ટાર્ક ફરી એકવાર એક્શનમાં જોવા મળશે.

**ઓસ્ટ્રેલિયન ટીમઃ** પેટ કમિન્સ (કેપ્ટન), સીન એબોટ, કૂપર કોલોની, જેક ફ્રેઝર મેકગર્ક, એરોન હાર્ડી, જોશ હેઝલવુડ, જોશ ઈંગ્લિસ, માર્નસ લાબુશેન, ગ્લેન મેક્સવેલ, મેથ્યુ શોર્ટ, સ્ટીવ સ્મિથ, મિશેલ સ્ટાર્ક, માર્કસ સ્ટોઇનિસ અને એડમ ઝમ્પા. ■

# આઈટી અને બેન્ક શૅરોની લાવલાવ વચ્ચે સેન્સેક્સ ૫૯૨ પોઈન્ટ ઊછળ્યો, નિફ્ટીએ ૨૫,૦૦૦ની સપાટી પુનઃ હાંસલ કરી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક બજારોમાં મજબૂત વલણ વચ્ચે આઈટી અને બેન્કિંગ શેર્સમાં થયેલા વધારાને પગલે બેન્ચમાર્ક સેન્સેક્સ સોમવારે લગભગ ૫૯૨ પોઈન્ટ વધ્યો હતો.સેન્સેક્સ ૫૯૧.૬૯ પોઈન્ટ અથવા ૦.૭૩ ટકા ઉછળીને ૮૧,૯૭૩.૦૫ના સ્તર પર બંધ થયો છે. દિવસ દરમિયાન, તે ૬૯૦.૮૧ પોઈન્ટ અથવા ૦.૮૪ ટકા વધીને ૮૨,૦૭૨.૧૭ ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. નિફ્ટી ૧૬૩.૭૦ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા વધીને ૨૫,૧૨૭.૯૫ પર સેટલ થયો હતો. ઇન્ટ્રાડે ટ્રેડમાં, બેન્ચમાર્ક ૧૯૫.૫ પોઇન્ટ અથવા ૦.૭૮ ટકા વધીને ૨૫,૧૫૯.૭૫ પર પહોંચ્યો હતો. સેન્સેક્સ પેકમાંથી, ટેક મહિન્દ્રા, એચડીએફસી બેંક, લાર્સન એન્ડ ટુબ્રો, આઇટીસી, ઇન્ફોસીસ, ઇન્ડસઇન્ડ બેંક, કોટક મહિન્દ્રા બેંક, ટાઇટન અને એચસીએલ ટેક્નોલોજીસ ટોપ ગેઇનર્સ અને મારુતિ સુઝુકી ઈન્ડિયા, ટાટા સ્ટીલ, બજાજ ફાઈનાન્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, નેસ્લે ઈન્ડિયા, એક્સિસ બેંક અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ ટોપ લુઝર્સ રહ્યાં હતા.

માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે કોર્પોરેટ સેકટરના બીજા ક્વાર્ટરના પરિણામ નબળા આવવા અંગેની ધારણાની નકારાત્મક અસર અગાઉ જ ડિસ્કાઉન્ટ થઇ ગઇ હોવાથી ભારતીય બજાર સ્થિતિસ્થાપકતાનું પ્રદર્શન કરી રહ્યું છે, ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થઈ રહ્યો છે. તાજેતરના ઘટાડા પછી આઇટી અને નાણાકીય ક્ષેત્રોમાં આકર્ષણ વધી રહ્યું છે. જોકે, એક વર્ગ અનુસાર બજાર અનેક પ્રતિકૂળ સંજોગોમાંથી પસાર થઇ રહ્યું છે. આમાં મુખ્યત્વે ઇરાન અને ઇઝરાયલના સંઘર્ષમાં નવો વળાંક કેવો આવે છે અને તેની તીવ્રતા કેવી રહે છે તે મહત્ત્વનું છે. ચાઇના ફેક્ટર અને યુએસ ટ્રેઝરી બિલ્સની યિલ્ડમાં વધારા સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)ની વેચવાલી વધુ તીવ્ર બનવાની આશંકા છે.

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈ) દ્વારા ઓકટોબર ૨૦૨૪ મહિનાના પ્રથમ ૧૨ દિવસમાં જ રૂ. ૫૮,૭૧૧ કરોડના શેરોની જંગી વેચવાલી કરવામાં આવી છે. બજારની મુવમેન્ટને કોર્પોરેટ પરિણામ અસર કરશે અને આ પરિણામ નબળા આવવાની ચર્ચા છે. હ્યુન્ડાઈના આઇપીઓ પર પણ બજારની નજર રહેશે. આ ઉપરાંત યુએસ રીટેલ સેલ્સ ડેટા, ઇસીબીનો વ્યાજ દરનો નિર્ણય, ચાઇના જીડીપી ડેટાની પણ બજાર પર અસર જોવા મળશે.

વિપ્રો લિમિટેડેતેના પરિણામની જાહેરાત અગાઉ બોનસ શેર અંગે વિચારણાં કરવાની જાહેરાત કરી છે. સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામ બજારને પ્રોત્સાહિત ના કરી શક્યા હોવાથી એવેન્યુ સુપરમાર્ટના શેરમાં સવારના સત્રમાં નવ ટકા જેવો કડાકો નોંધાયો હતો અને તેના માર્કેટ કેપિટલમાં રૂ. ૧૭,૯૦૦ કરોડ સુધીનું ધોવાણ થયું હતું.

હ્યુન્ડાઇનું જાહેર ભરણું મંગળવારે ખૂલે તે પહેલ તેનું જીએમપી માત્ર ત્રણ ટકા જેવું રહ્યું હોવાની બજારમાં ચર્ચા હતી. પ્રાઇમરી માર્કેટના ઇતિહાસનું આ રૂ. ૨૭,૮૦૦ કરોડનું સૌથી મોટું ભરણું આજે ખૂલશે. પ્રોસેસ્ડ ઘેરકિન્સ અને પીકલ્ડ વેજિટેબલ્સ એક્સપોર્ટર્સ ફ્રેશરા એગ્રો એક્સપોર્ટ્સ લિમિટેડ રૂ. ૭૫.૩૯ કરોડના ફ્રેશ ૬૪,૯૯,૨૦૦ ઇક્વિટી શેરના પ્રાથમિક જાહેર ભરણાં સાથે ૧૭ ઓક્ટોબરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૧૦થી રૂ. ૧૧૬ પ્રતિ શેર અને લોટ સાઇઝ ૧૨૦૦ ઇક્વિટી શેરની છે.

એન્કર બિડિંગ ૧૬મીએ શરૂ થશે અને ભરણું ૨૧મીએ બંધ થશે. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં ટેક મહિન્દ્ર ૨.૮૬ ટકા, એચડીએફસી બેન્ક ૨.૩૨ ટકા, લાર્સન ૨.૦૨ ટકા, આઈટીસી ૧.૭૨ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૭૦ ટકા, કોટક બેન્ક ૧.૪૭ ટકા, ઈન્ફોસિસ ૧.૨૨ ટકા, એચસીએલ ટેક્નોલોજી ૦.૮૯ મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૭૫ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૭૫ ટકા વધ્યા હતા, જ્યારે મારુતિ ૧.૮૫ ટકા, ટાટા સ્ટીલ ૧.૪૯ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૨૩ ટકા, એક્સિસ બેન્ક ૦.૬૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૬૭ ટકા, નેસ્લે ૦.૩૮ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૩૪ ટકા, ટાટા મોટર્સ ૦.૩૧ ટકા, જેએસડબલ્યુ સ્ટીલ ૦.૧૪ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૦૯ ટકા ઘટ્યા હતા. આ સપ્તાહે બજાર બજારના સહભાગીઓ સપ્ટેમ્બર ક્વાર્ટરની કમાણી, હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયા આઇપીઓ, યુએસ રિટેલ વેચાણ, ઇસીબી વ્યાજ દરનો નિર્ણય, ચીનના ત્રીજા કવાર્ટરના જીડીપી અને ક્રૂડ ઓઇલના ભાવ પર ધ્યાન કેન્દ્રિત કરશે.



બીજા ક્વાર્ટરના પરિણામ અને આગામી સમય માટેના ગાઇડન્સ બાદ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ઇન્ફોસિસ અને એચડીએફસી બેન્ક જેવા હેવીવેઇટ શેરો પર થનારી અસર જોવા મળશે. ભારતીય બજાર હાલમાં વધુ પડતા ઊંચા મૂલ્યાંકન અને બીજા ત્રિમાસિકના કોર્પોરેટ પરિણામ નબળા રહેવાની ધારણાને કારણે કોન્સોલિડેશનના તબક્કામાં છે. તેનાથી વિપરીત, વિદેશી ફંડો ચાઇનનાના સંદર્ભે આર્બિટ્રેજની તકોનો લાભ ઉઠાવી રહ્યા છે. આ અઠવાડિયે મુખ્ય ફોકસ સપ્ટેમ્બર ૨૦૨૪ ક્વાર્ટરની કમાણીની મોસમ પર રહેશે. બજારની નજર રિલાયન્સ બાદ વિપ્રો તથા ઈન્ફોસિસના પરિણામો અને આખા વર્ષની આવક વૃદ્ધિ માર્ગદર્શન પર મેનેજમેન્ટ કોમેન્ટ્રી પર રહેશે. વિપ્રોમાં તો બોનસ શેરની જાહેરાતની રાહ જોવાઇ રહી છે.

ત્રિમાસિક કમાણીના સ્કોરકાર્ડ જાહેર કરનારી અન્ય નિફ્ટી કંપનીઓમાં એચડીએફસી બેંક, કોટક મહિન્દ્રા બેંક, એચસીએલ ટેક્નોલોજીસ, એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ કંપની, બજાજ ઓટો, એક્સિસ બેંક, એલટીઆઇમાઇન્ડટ્રી, ટેક મહિન્દ્રા, નેસ્લે ઈન્ડિયા, વિપ્રો અને ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે. આ કંપનીઓ ઇન્ડેક્સમાં ૩૮ ટકાથી વધુ વેઇટેજ ધરાવે છે.

એચડીએફસી એસેટ મેનેજમેન્ટ કંપની, જિયો ફાઇનાન્સિયલ સર્વિસિસ, એલ એન્ડ ટી ફાઇનાન્સ, એન્જલ વન, સ્ટર્લિંગ એન્ડ વિલ્સન રિન્યુએબલ એનર્જી, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, પીવીઆર ઈંગઘડ, આદિત્ય બિરલા મની, એલ એન્ડ ટી ટેક્નોલોજી સર્વિસ, એમફેસિસ, સીએટ, સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા, હેવેલ્સ ઇન્ડિયા, ઇન્ડિયન ઓવરસીઝ બેંક, જિંદાલ સ્ટેનલેસ, પોલીકેબ ઈન્ડિયા, ટાટા કેમિકલ્સ, ટાટા કોમ્યુનિકેશન્સ, આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની, જિંદાલ સો, એલએન્ડટી ફાઈનાન્સ, ઓબેરોય રિયલ્ટી, ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝ, એમસીએક્સ ઈન્ડિયા અને આરબીએલ બેંક પણ પરિણામ જાહેર કરશે. મધ્યસત્રના સોદામાં યુરોપિયન બજારો મિશ્ર વલણ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. એશિયન બજારોમાં, ટોકિયો, શાંઘાઈ અને સિઓલ ઊંચા સ્તરે બંધ થયા હતા, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ નેગેટિવ ઝોનમાં સરક્યો હતો. વોલ સ્ટ્રીટ શુક્રવારે પોઝિટિવ ટોન સાથે બંધ થયું હતું. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૨.૫૨ ટકા ઘટીને ૭૭.૦૫ ડોલર પ્રતિ બેરલ થઈ ગયું છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ શુક્રવારે રૂ. ૪,૧૬૨.૬૬ કરોડની ઇક્વિટીઓ ઓફલોડ કરી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ એક્સચેન્જ ડેટા અનુસાર રૂ. ૩,૭૩૦.૮૭ કરોડની ઇક્વિટી ખરીદી હતી. શુક્રવારે સેન્સેક્સ ૨૩૦.૦૫ પોઈન્ટ ઘટીને ૮૧,૩૮૧.૩૬ પર બંધ થયો હતો અને નિફ્ટી ૩૪.૨૦ પોઈન્ટ ઘટીને ૨૪,૯૬૪.૨૫ પર સેટલ થયો હતો.

રિયલ્ટી, બેન્કેક્સ અને આઈટી ઈન્ડેક્સ વધ્યા, જ્યારે કોમોડિટી ઈન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો, માર્કેટ કેપમાં રૂ. ૧.૩૫ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૧,૩૮૧.૩૬ના બંધથી ૫૯૧.૬૯ પોઈન્ટ્સ (૦.૭૩ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૧.૩૫ લાખ કરોડ વધીને રૂ. ૪૬૩.૬૨ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૮૧,૫૭૬.૯૩ ખૂલીને ઊંચામાં ૮૨,૦૨૭ સુધી અને નીચામાં ૮૧,૫૪૧.૨૦ સુધી જઈને અંતે ૮૧,૯૭૩.૦૫ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. બીએસઈ સેન્સેક્સની ૨૦ સ્ક્રિપ્સ વધી હતી અને ૧૦ સ્ક્રિપ્સ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૧૯૫ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૦૬૯ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૯૭૨ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૪ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૪૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૬ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૨૮ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૦૬ ટકા વધ્યો હતો. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૭૦ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ઈન્ડાયસીસમાં રિયલ્ટી ૧.૫૩ ટકા, બેન્કેક્સ ૧.૦૩ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૧.૦૧ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૮૮ ટકા, ટેક ૦.૮૮ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૯ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૬૮ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૬૭ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૫૪ ટકા, એફએમસીજી ૦.૪૪ ટકા, હેલ્થકેર ૦.૪૧ ટકા, ઓટો ૦.૧૮ ટકા, યુટિલિટીઝ ૦.૧૩ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૦૫ ટકા, અને એનર્જી ૦.૦૨ ટકા વધ્યા હતા.

જ્યારે કોમોડિટીઝ ૦.૩૧ ટકા, મેટલ ૦.૧૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૦૬ ટકા અને સર્વિસીસ ૦.૦૪ ટકા ઘટ્યા હતા. પાવર ઈન્ડેક્સ સ્થિર રહ્યો હતો. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૨૪.૫૩ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૯૪૮ સોદામાં ૧,૪૬૩ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૦,૯૬,૩૫૩ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧,૧૫,૮૧,૩૨૭.૧૮ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે તેજીનું વલણ અને વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈ જોવા મળતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનું બાઉન્સબૅક થયું હતું અને ઑલ ટાઈમ લૉ સપાટીએથી પાછો ફરીને ૮૪.૦૫ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશોને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારની ૮૪.૧૦ની સર્વોચ્ચ નીચી સપાટી સામે સુધારાના અન્ડરટોને ૮૪.૦૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૦૭ અને ઉપરમાં ૮૪.૦૫ની રેન્જમાં અથડાઈને અંતે પાંચ પૈસાના સુધારા સાથે સત્રની ઊંચી ૮૪.૦૫ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા ગબડીને ૮૪.૧૦ની અત્યાર સુધીની નીચી સપાટીએ પહોંચ્યો હતો. હાલના તબક્કે વૈશ્વિક સ્તરે મધ્યપૂર્વના દેશોમાં વધેલા રાજકીય-ભૌગોલિક તણાવને પગલે ક્રૂડતેલના ભાવ વધી રહ્યા હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળે અને ૮૩.૯૦થી ૮૪.૩૦ આસપાસની રેન્જમાં અથડાતો રહે તેવી શક્યતા બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૮ ટકા વધીને ૧૦૨.૯૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૧૬૨.૬૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. તેમ છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૯૧.૬૯ પૉઈન્ટનો અને ૧૬૩.૭૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૨.૫૧ ટકા ઘટીને બેરલદીઠ ૭૭.૦૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## શુદ્ધ સોનું ₹ ૩૭૮ની તેજી સાથે ₹ ૭૬,૦૦૦ની પાર, ચાંદી ₹ ૬૩ વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત શુક્રવારે અમેરિકાનો પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ યથાવત્ રહ્યો હોવાના અહેવાલ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ રહેતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. વધુમાં ગત સપ્તાહના અંતે ચીને વધુ સ્ટિમ્યુલસ પેકેજના સંકેતો આપ્યા હોવાથી સોનાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોના અને ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી સાધારણ નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં ગત શુક્રવારના વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સુધારો આવ્યો હતો, જેમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૭થી ૩૭૮ વધી આવ્યા હતા અને શુદ્ધ સોનાએ રૂ. ૭૬,૦૦૦ની સપાટી કુદાવી હતી, જ્યારે ચાંદીમાં રૂ. ૬૩નો સાધારણ સુધારો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સપ્તાહના આરંભે દરમિયાન ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૬૩ના સુધારા સાથે રૂ. ૯૦,૦૨૬ના મથાળે રહ્યા હતા. વધુમાં સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં આગેકૂચ જળવાઈ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૭ વધીને રૂ. ૭૫,૬૯૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૭૮ વધીને રૂ. ૭૬,૦૦૦ની સપાટી કુદાવીને રૂ. ૭૬,૦૦૧ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હોવાથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. તેમ જ જો આગામી ધનતેરસ અને દિવાળીના તહેવારોને ટાંકણે જો ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહેશે તો અપેક્ષિત માગ પર માઠી અસર પડવાની ભીતિ જ્વેલરો સેવી રહ્યા છે.

ગત શુક્રવારે ચીને આર્થિક વૃદ્ધિને ટેકો આપવા માટે વધુ સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરી હતી. તેમ જ અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ તેમ જ ડૉલર ઈન્ડેક્સની પીછેહઠ સાથે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવમાં એક ટકા જેટલો સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે ચીનના સ્ટિમ્યુલસ પેકેજ અંગેની વિગતો અને સપ્તાહ દરિમયાન અમેરિકી ફેડરલના અધિકારીઓના વક્તવ્ય પર રોકાણકારોની નજર હોવાથી હાજરમાં ભાવ ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૫૨.૩૧ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૩ ટકા ઘટીને ૨૬૬૯.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૩૧.૧૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ચીનના સ્ટિમ્યુલસ પૅકેજની જાહેરાત કરતાં ડેબ્ટમાં નોંધપાત્ર વધારો કરવાનો સંકેત આપતા ગત સપ્તાહે સોનાની તેજીને ટેકો મળ્યો હતો, જોકે, હવે રોકાણકારોની નજર પેકેજની માત્રા અંગેની સ્પષ્ટતા પર તેમ જ તાજેતરના અમેરિકાના આર્થિક આંકડાઓને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ આગામી બેઠકમાં કેવું વલણ અપનાવશે તે અંગેના અધિકારીઓના સપ્તાહ દરમિયાનના વક્તવ્યો પર સ્થિર થઈ હોવાનું કેસીએમ ટ્રેડના ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું. જો અધિકારીઓ વ્યાજદરમાં વધુ કપાતના સંકેતો આપશે તો સોનાની તેજીને ટેકો મળતો રહેશે અને ભાવ ઔંસદીઠ ૨૬૦૦ ડૉલરની સપાટી સુધી પહોંચે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. જોકે, આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૮૯ ટકા શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે.

## કોપર, બ્રાસ અને લીડ ઈન્ગોટ્સમાં સુધારો, ટીન-નિકલમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીને આર્થિક વૃદ્ધિને વેગ આપવા માટે વધુ સ્ટિમ્યુલસ પૅકેજની ગત શનિવારે જાહેરાત કરતાં આજે લંડન ખાતે સત્રના આરંભમાં કોપરમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું અને અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

આમ એકંદરે વૈશ્વિક બજારનાં મિશ્ર અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને કોપર અને બ્રાસની વેરાઈટીઓ તથા લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ.એકથી પાંચનો સુધારો જોવા મળ્યો હતો. આ સિવાય ટીન, નિકલ, એલ્યુમિનિયમ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની વેચવાલી તથા વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં જે ધાતુઓના ભાવમાં સુધારો જોવા મળ્યો હતો તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૭૪૫, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૦૪, કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૧૪, રૂ. ૭૮૪ અને રૂ. ૫૨૨ તથા બ્રાસ શીટ કટિંગ્સ, કોપર વાયરબાર અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૫૭૪, રૂ. ૮૬૯ અને રૂ. ૧૯૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૮૭૫ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૧૪૯૨ના મથાળે રહ્યા હતા. આ સિવાય નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૪૩ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૧૯૭ અને રૂ. ૨૮૮ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ, નાકા ડિલિવરીમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત શુક્રવારે મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૮૦થી ૩૬૩૦ના મથાળે ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ગત શનિવારની દશેરાની અને રવિવારની જાહેર રજા બાદ પણ એકંદરે રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં હાજરમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ઉપલા મથાળેથી રૂ. ૩૨નો સુધારો આવતા મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી પાંખી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં રૂ. પાંચનો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં રૂ. પાંચથી ૧૫નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૩૪થી ૩૫ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૩૨થી ૩૩ ટ્રકનો રહ્યો હતો. જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર ઘટીને અને ઉપલા મથાળેથી રૂ. ૩૨ના સુધારા સાથે રૂ. ૩૭૩૬થી ૩૮૩૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૨થી ૩૯૪૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ એકંદરે પાંખી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૬૬૫થી ૩૭૧૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫ અને ઉપલા મથાળેથી રૂ. રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૭૩૫થી ૩૮૦૫માં થયાના અહેવાલ હતા.

## આયાતી સોયા અને સન તેલમાં ધીમો સુધારો, વેપાર છૂટાછવાયા ગોંડલ મથકે ૫૦ હજાર ગૂણી મગફળીની આવક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં અનુક્રમે ૧૫ રિંગિટ અને ૧૪ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે શિકાગો ખાતેના સોયા તેલના વાયદાના પ્રોજેક્શનમાં પણ નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે હાજરમાં સેલરિસેલ ધોરણે છૂટીછવાઈ માગને ટેકે આયાતી સોયા અને સન રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચ વધી આવ્યા હતા. તેમ જ મથકો પાછળ દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડના ભાવમાં પણ ૧૦ કિલોદીઠ રૂ. ૧૫નો સુધારો જોવા મળ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ગોલ્ડન એગ્રી અને રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના ભાવ અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૯૫ અને રૂ. ૧૩૦૦ તથા રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વેપાર પણ છૂટાછવાયા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે ગોડલની મંડીમાં અંદાજે ૫૦,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે બોલ્ડ માલના મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૫૦ અને જાવાના રૂ. ૧૧૫૦થી ૧૩૫૦ રહ્યા હતા. તેમ જ આજે રાજકોટના મથકો પર ૩૮,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે બોલ્ડ માલના વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૮૦માં અને જાવાના રૂ. ૧૧૮૦થી ૧૩૮૦માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે રાજસ્થાનનાં મથકો પર અંદાજે ૧.૭૫ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૮૫૦થી ૬૮૭૫માં, સરસવ એક્સપેલરના ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૯૦થી ૧૩૯૧માં અને કચ્ચીઘાણીના રૂ. ૧૩૯૫થી ૧૪૦૧માં થયા હતા, જ્યારે સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૬૫થી ૨૫૭૦માં થયા હતા. આ સિવાય મધ્ય પ્રદેશનાં મથકો પર ૨.૫૦ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૪૬૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૬૫૦થી ૪૭૫૦માં થયાના અહેવાલ હતા.

## બાબા સિદ્દિકી હત્યા કેસઃ

# સાબરમતી જેલમાંથી બંધ લૉરેન્સ બિશ્નોઈ સામે તપાસનો ધમધમાટ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુંબઇમાં એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યામાં લૉરેન્સ બિશ્નોઇ ગેંગની સંડોવણી હોવાના મામલે હવે સાબરમતિ જેલમાં પુરાયેલા બિશ્નોઇ ગેંગના વડા લૉરેન્સ બિશ્નોઇની પૂછપરછ કરવામાં આવે તેવી પુરી શક્યતા છે. ગુજરાત પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

બિશ્નોઇ ગેંગનો સૂત્રધાર લૉરેન્સ બિશ્નોઇ છેલ્લા ત્રણ વર્ષથી સાબરમતી જેલમાં છે. ડ્રગકાંડમાં તેની ધરપકડ કરાયા બાદ તેને અત્યંત હાઇ સિક્યુરિટી સેલમાં રાખવામાં આવ્યો હોવા છતાં બિશ્નોઇ ગેંગ સક્રિય છે અને તેને દરેક સમયે લૉરેન્સ બિશ્નોઇ જેલમાંથી બેઠા બેઠા તેની ગેંગનું સંચાલન કરી રહ્યો હોવાનું બહાર આવતા હવે આ ભારે સલામતીવાળી જેલમાં હોવા છતાં તે કંઇ રીતે પોતાની ગેંગ ચલાવે છે તેના પર તપાસ કેન્દ્રિત થઇ છે અને સાબરમતી જેલ આસપાસના તમામ મોબાઇલ ટાવરના ડેટા ગુજરાત એટીએસ અને પોલીસે મેળવ્યા હોવાનું જાણવા મળે છે.

લૉરેન્સ બિશ્નોઇ ફક્ત ભારત નહીં દુનિયાના અનેક દેશોમાં પોતાની ગેંગ ધરાવે છે અને તેણે સિદ્દીકીની હત્યા કર્યાનું કબૂલ્યું છે. ઉપરાંત તેના બે શૂટરોએ તા.૧૪મી એપ્રિલના રોજ સલમાન ખાનના બાન્દ્રા ખાતેના આવાસ પર ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં બિશ્નોઇ ગેંગનું નામ ખૂલ્યા બાદ પણ મુંબઇ પોલીસે તેની અમદાવાદ સાબરમતી જેલમાં આવીને પૂછપરછ કરી હતી. જો કે આ કેસમાં તેને કસ્ટડીમાં લવાયો નહોતો.

સાબરમતી જેલમાં બેઠા બેઠા લૉરેન્સ બિશ્નોઇ સમગ્ર ગેંગનું સંચાલન કરે છે. જેલમાં તેની પાસે મોબાઇલ સહિતના કોમ્યુનીકેશન ઇન્સ્ટ્રુમેન્ટ કંઇ રીતે પહોંચે છે તે અંગે હવે ગુજરાત એટીએસ તપાસ કરશે અને મુંબઇ પોલીસની ટીમ પણ પહોંચે તેવી શક્યતા છે.

મુંબઇમાં બાબા સિદ્દિકીની દરેક હિલચાલ પર શૂટરની એક માસથી વધુનો સમયથી નજર હતી અને શૂટરો ૨જી સપ્ટેમ્બરના મુંબઇ આવી ગયા હોવાનું પણ બહાર આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સાબરમતી જેલમાં બેઠાં બેઠાં પાકિસ્તાનના લોકો સાથે સંપર્ક કરીને ડ્રગ્સનો કારોબાર કરનાર લૉરેન્સ બિશ્નોઈ સાબરમતી ની જેલમાં છે. અમદાવાદ સાબરમતી જેલના ૧૦ ખોલીના હાઇ સિક્યોરિટી ઝોનમાં લૉરેન્સ બિશ્નોઇને રાખવામાં આવ્યો છે. લૉરેન્સ જ્યારથી ગુજરાતની જેલમાં આવ્યો છે ત્યારથી તેની ગેંગના લોકો જે જેલની બહાર છે. આ ગેંગના માણસો વધુ પ્રમાણમાં સક્રિય થયા હોવાનું માનવામાં આવી રહ્યું છે. ■

# સૌરાષ્ટ્રમાં નવી સિઝનની મગફળીની ધૂમ આવકઃ રાજકોટ માર્કેટયાર્ડ છલકાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં નવી ખરીફ સિઝન વેગ પકડવા લાગી જ છે. માર્કેટયાર્ડમાં આજે સોમવારે ઉઘડતા દિવસે મગફળી-કપાસ તથા સોયાબિન જેવી જણસીઓના ઢગલા થતાં હતા.

રાજકોટ માર્કેટયાર્ડમાં મગફળી આવક ૩૫૦૦૦ ગુણી તથા કપાસની આવક ૧૦૦૦૦ ભારી અને અન્ય જણસીઓ ભરેલા વાહનોને માર્કેટયાર્ડમાં ક્રમવાર પ્રવેશ આપી ઉતરાઈ કરાવવામાં આવી હતી. જોકે મબલખ આવકને પગલે મગફળીની નવી આવકોને બ્રેક મારી દેવામાં આવી હતી. ઠલવાયેલા માલનો નિકાલ થાય ત્યારબાદ નવી આવકની છૂટ અપાશે. યાર્ડમાં મગફળીના ભાવ ૯૩૦ થી ૧૨૧૦ હતા. વરસાદી માહોલ હોવા છતાં મોટી આવકો રહ્યાનું સૂચક છે. જંગી પાક છે અને આવકોનું પ્રેસર વધે તો ભાવ ઘટવાની ગણતરીએ ખેડૂતો વરસાદી જોખમ લઇને પણ માલ ઠાલવી રહ્યાનું મનાય છે.

આ ઉપરાંત કપાસમાં પણ ૨૦ હજાર મણની આવક હતી અને હરરાજીમાં ૧૩૫૦થી ૧૬૬૦નો ભાવ હતો. સોયાબીનમાં ૪૦૦૦ ક્વિન્ટલની આવક હતી. ભાવ ૭૮૦ થી ૯૭૫નો હતો. અડદ જેવી અન્ય જણસીઓની આવક પણ વધતી રહી છે. અડદમાં ૧૦૦૦ ક્વિન્ટલ તથા મગમાં ૧૪૦૦ ક્વિન્ટલની આવક હતી. ■

(તસવીર: પ્રવિણ સેદાણી, રાજકોટ)



# રાજકોટમાં ૧૦ દિવસમાં ૫૮.૭૮ કરોડના વાહનો વેચાયાંઃ મનપાને ૧.૧૬ કરોડની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં નવરાત્રી અને દશેરાના તહેવારના ૧૦ દિવસમાં રાજકોટમાં કુલ ૫૮.૭૮ કરોડના વાહનોનું વેચાણ થયું હતું. રાજકોટ મનપાને વ્હિકલ ટેકસની ૧.૧૬ કરોડની આવક થઇ હતી.

ગત ૨૦૨૩ના વર્ષમાં રાજકોટમાં ૬૧ કરોડના વાહનો નવરાત્રી અને દશેરાના દિવસે વેચાતા મનપાને ૧.૩૪ કરોડની આવક થયાનું રેકર્ડ પર આવ્યું હતું. ગત વર્ષે લોકોએ ૧૭૦૦ જેટલા ટુ વ્હિલર વેંચાયા હતા તો આ વર્ષે ૨૫૦૦થી વધુ ટુ વ્હિલર વેંચાયાની નોંધ થઇ છે. છેલ્લા ૧૦ દિવસમાં રાજકોટમાં કુલ ૨૯૬૬ વાહનોનું વેચાણ નોંધાયું હતું.

મનપાના સૂત્રોના જણાવ્યા અનુસાર તા.૩જીથી તા.૧૨મી ઓક્ટોબર સુધીના ૧૦ દિવસમાં ૨૫ સીએનજી અને ૨૪૬૧ પેટ્રોલ ટુ વ્હિલર લોકોએ છોડાવ્યા છે. જેની કુલ કિંમત ૨૧.૮૧ કરોડ જેટલી થાય છે.

આ વાહનોના વેરા પેટે મનપાને વાહન વેરાની ૩૫.૧૬ લાખથી વધુની આવક થઇ હતી. ગત વર્ષે ૩૭૬ જેટલી મોટરકારનું વેંચાણ મનપાના રેકર્ડ પર આ દિવસોમાં ચડયું હતું જે આંકડો આ વર્ષે ૩૫૦નો છે.

રાજકોટમાં આ ૧૦ દિવસોમાં કુલ ૩૩.૬૦ કરોડની મોટરકારના વેચાણ થયા હતા. ૩.૩૦ કરોડના ૧૨૯ જેટલા પેસેન્જર થ્રિ વ્હિલર વાહનો વેચાયા હતા. આ રીતે આ વર્ષે કુલ ૫૮.૭૮ કરોડના ૨૯૬૬ વાહનો વહેંચાતા મનપાને વ્હિકલ ટેકસની ૧.૧૬ કરોડની આવક થઇ છે. જે ગત વર્ષ કરતા ૧૮ લાખ ઓછી છે. જોકે હજુ આ દિવસોમાં વેંચાયેલા ઘણા ટુ વ્હિલરની નોંધ એક-બે દિવસ સુધી આવતી રહે છે.

આ વર્ષે જે સાડા ત્રણસો જેટલી કાર વેચાઇ છે તેમાં ૧૪૨ પેટ્રોલ કાર, ૪૮ ડીઝલ કાર, ૧૫૩ સીએનજી કારનો સમાવેશ થાય છે. આમ તો ગત વર્ષ કરતા આંકડામાં સામાન્ય ફેરફાર થયો છે. ગત ૨૦૨૩ના વર્ષમાં તા.૧૫ થી ૨૪ના નવ નોરતા અને દશેરાના દિવસોમાં કુલ ૬૧ કરોડના જુદા જુદા પ્રકારના વાહનોનું વેચાણ થતા મનપાને વ્હિકલ ટેકસની ૧.૩૪ કરોડની આવક થઇ હતી. જે અગાઉના વર્ષો કરતા વધુ હતી. આ દિવસોમાં ૨૨૦૨ વાહનોનું વહેંચાણ થયું હતું. કુલ ૧૬૮૪ ટુ વ્હિલર વહેંચાયા હતા. ૩૭૬ મોટરકાર લોકોએ છોડાવી હતી.■

# ભુજની ભીડ બજારની ગુજરી બજારમાં દીપોત્સવી પર્વની આગોતરી રોનક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દિવાળીના મહાપર્વના શરૂ થઇ ગયેલા કાઉન્ટડાઉન વચ્ચે શહેરો અને ગામોની બજારોમાં કે મેટ્રો સિટિના શોપિંગ મોલમાં, વિવિધ ઓનલાઇન શોપિંગ પોર્ટલોમાં ખરીદીની આતશબાજી શરુ થઇ ચુકી છે. શોપિંગ મોલનાં રૂઆબ અને શહેરી બજારોના આંખ આંજી નાખતા શણગાર વચ્ચે ભંગાર બજારોની રોનક પણ કાંઈ ઓછી નથી. તવંગરો-મધ્યમ કે ઉચ્ચ મધ્યમ વર્ગીય પરિવારો તો હાથમાં થેલા લઈને પરંપરાગત બજારોમાં મહાલી રહ્યા છે પણ ગરીબ પરિવારો, ભંગાર ચીજ વસ્તુઓ વહેંચતા ફેરીયાઓના થડા કે હાથલારીઓમાંથી દિવાળી માટે કોઈક સરપ્રાઈઝ આઇટેમ ખોળી કાઢે છે.



ભુજની ભીડ બજારમાં દર રવિવારે, અમદાવાદમાં ભરાતી ગુજરી બજાર જેવી એક બજાર ભરાય છે જેમાં હવે દિવાળીની રોનક દેખાઈ રહી છે. પાંચ નાકાં અને છટ્ટીબારી ધરાવતા ઐતિહાસિક શહેર ભુજના લેન્ડમાર્ક સમી આ ભીડ બજારમાં આવેલા રાજાશાહી જમાનાના ચબુતરા આસપાસ એક સમયે રાજકીય સભાઓ યોજાતી અને દિવસના ભાગે ટ્રક-ટેમ્પોથી ઉભરાતા.

આ વિસ્તારમાં અનાજ-કરીયાણા રસકસના વેપારીઓ હાથમાં અનાજની ગુણીઓ ચકાસવાનું બામ્બુ નામનું હાથવગુ હથીયાર લઇને ફરતા, જો કે આ ઐતિહાસિક બજાર હવે જાણે અમદાવાદની ગુજરી બજારમાં પરિવર્તિત થવા પામી છે. દિવાળીના તહેવારોને ધ્યાને રાખીને મોટી સંખ્યામાં લોકો આ બજારમાં ઊમટી રહ્યા છે. છેલ્લા એક દાયકાથી અહીં બેસતા એક વેપારી હૈદરઅલી ખોજાના જણાવ્યા પ્રમાણે આ બજારમાં મીણબતીના સ્ટેન્ડથી માંડીને દીવાન ખંડના સોફા સેટ સુધીની વસ્તુઓ મળી રહે છે. આ બજારમાં ઘુમતા અને વિન્ટેજ વસ્તુઓનો શોખ ધરાવતા વૃતાંક વૈદ્યે જણાવ્યું હતું કે તેમની પુત્રીએ ઘરમાં એક પોપટ પાળ્યો છે જેને માટે પીંજરું ખરીદવા તે ગુજરી બજારમાં આવ્યા છે. જો યોગ્ય પીંજરું મળી જશે તો તેને રંગીને તેમાં પોપટ ગોઠવાશે અને નવા વર્ષને દિવસે તેમના ઘરના દીવાનખંડની આ પીંજરું શોભા બનશે. ■

# અમરેલીમાં ચાર દિવસથી વરસી રહેલા વરસાદથી મગફળીના પાકને નુકસાનઃ ખેડૂત ચિંતામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં છેલ્લા પાંચ દિવસથી ઝાપટાં વરસી રહ્યાં છે પરંતુ અમરેલી જિલ્લામાં સતત વરસાદથી આશરે બે લાખ હેક્ટરમાં થયેલી મગફળીને ભારે નુકસાન થયું હોવાની દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે.

જિલ્લામાં પાછોતરા વરસાદે ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવી લીધો છે. અમરેલી જિલ્લામાં સાડા પાંચ લાખ હેક્ટર વાવેતર લાયક જમીન છે જેમાં બે લાખ હેક્ટરમાં જિલ્લાના ૧૧ તાલુકાઓમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે વરસાદ સારા અને પાક પણ સારો ખેડૂતો પણ ખુશ પરંતુ છેલ્લા પાંચ દિવસની અંદર પડેલા વરસાદે ખેડૂતોનો મગફળીનો પાક તૈયાર થયેલો હોવાથી પાથરા કરી દીધા અને વરસાદ ખાબકતા મગફળીનો પાક બગાડી નાખ્યો છે. મગફળી કાળી પડી ગઈ તેમજ જે ચારોલું નીકળે તે પણ બગડી ગયું અને કાળો પડી ગયો જેથી પશુઓને ખાવાના ચારા માટે કંઈ જ બચ્યું નથી એમ કહીએ તો પણ ચાલે અને આ મગફળી નથી ટેકાના ભાવે સરકાર ખરીદી શકવાની કે નથી પૂરા ભાવ મળવાનો ત્યારે ખેડૂતોને મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો હોવાનું જણાઇ રહ્યું છે.

મગફળી અને કપાસના પાકનું તાત્કાલિક સર્વે કરાવી અમરેલી જિલ્લાના સરકાર વળતર આપે તો રાહત મળે તેવું ખેડૂતો ઈચ્છે રહ્યા છે.

સોયાબીનના વાવેતરમાં દેશી ખાતર અને નેનો યુરિયાનો ઉપયોગ કરીને ખેડૂતો સોયાબીનનું સારું ઉત્પાદન લઈ રહ્યા છે સોયાબીનની ખેતીમાં ભારે વરસાદ થાય ખેતરોમાં પાણી ભરાઈ જાય તો પણ સોયાબીનના પાકને નુકસાન થતું નથી સારું પાણી મળવાથી સોયાબીન ઉત્પાદન પણ સારું આવે છે.સોયાબીનની ખેતીમાં અન્ય પાક જેટલો ખર્ચો થતો નથી.સોયાબીનના પાકમાં ૧ વિઘા દીઠ ૨૫ થી ૩૦ મણનો ઉતારો આવે છે.જ્યારે કપાસના પાકમાં ઈયળનો ઉપદ્રવ વધુ જોવા મળતો હોય છે. મગફળીના પાકમાં મુંડા પણ થઈ જતા હોય છે આથી ખેડૂતોની મહેનત ઉપર પાણી ફરી જાય છે.આથી હવે ખેડૂતો સોયાબીનનો પાક તરફ વળ્યા છે. ■

# રાજકોટમાં રોગચાળા વકર્યોઃ ડેન્ગ્યૂએ વધુ બેનો ભોગ લીધો

અમદાવાદઃ રાજકોટમાં ડેન્ગ્યૂ, મલેરીયા, તાવ, શરદી-ઉધરસ, ચિકનગુનીયા અને ટાઇફોઇડના કેસો વધી રહ્યા છે. રાજકોટમાં ડેન્ગ્યૂએ વધુ બે વ્યક્તિનો ભોગ લીધો છે. ભાઇના ઘરે આવેલો ૧૫ વર્ષીય સગીર અને રાજકોટ હોસ્પીટલમાં સારવાર લઇ રહેલી કાગવડની પરિણીતાનું ડેન્ગ્યૂથી મોત નીપજયું હતું. ઉતરપ્રદેશમાં રહેતો સાદેન્દ્ર અશરફી સોનકર નામનો ૧૫ વર્ષીય સગીર રાજકોટમાં રહી મજુરી કામ કરતા તેના મોટાભાઇના ઘરે ફરવા આવ્યો હતો. જેની ગત ગુરુવારે તાવ આવતા ખાનગી હૉસ્પિટલમાં રિપોર્ટ કરાવતા મોડી રાત્રે ડેન્ગ્યુ પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. બાદમાં સવારે બેભાન થઇ જતા સારવાર માટે સિવિલ હૉસ્પિટલમાં ખસેડાતા તેનું મોત નિપજયું હતું. જ્યારે જેતપુરના કાગવડ ગામે રહેતી રંજનબેન અક્ષયભાઇ રીબડીયા (ઉં.વ.૨૪) નામની પરિણીતા છ દિવસથી ડેન્ગ્યુની ઝપટે ચડી જતાં રાજકોટની ખાનગી હૉસ્પિટલમાં સારવાર હેઠળ હતી. બાદમાં સિવિલ હૉસ્પિટલમાં ખસેડાતા આજે તેનું હૉસ્પિટલના બિછાને મોત નીપજયું હતું. પ્રાથમિક તપાસમાં મૃતક પરિણીતાના લગ્ન છ વર્ષ પહેલા થયા હોવાનું અને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. આરોગ્ય તંત્રના ચોપડે નોંધાયેલા કેસો મુજબ ગત તા.૭ થી ૧૩મી સુધી અઠવાડિયામાં ડેન્ગ્યૂના ૨૪, મલેરિયાના ૨, ચિકન ગુનિયાના ૩, ટાઇફોઇડના ૩, કોલેરાનો એક, તાવના ૬૭૩, શરદી-ઉધરસના ૧૧૧૨, ઝાડા-ઉલટીના ૧૬૬ કેસ નોંધાયા છે. જેથી મચ્છરજન્ય રોગચાળો વકરતા આરોગ્ય તંત્રની ૩૬૦ ટીમો દ્વારા ૧,૦૨,૩૧૬ ઘરોમાં પોરાનાશક કામગીરી અને ફિલ્ડ વર્કરો દ્વારા ૬૨૪૨ ઘરોમાં ફોગીંગની કામગીરી કરવામાં આવી હતી. ■

# ડીસામાં આંગડીયા પેઢીના કર્મીને રિવોલ્વર દેખાડી ૮૦ લાખની લૂંટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના ડીસામાં લાલ ચાલી ત્રણ રસ્તા પાસે રિવોલ્વરના નાળચે આંગડિયા પેઢીના હવાલાના રૂ.૮૦ લાખની લૂંટ થઇ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ડીસા શહેરમાં જૂની કોર્ટની સામે રાજ ઝેરોક્ષની પાછળ આવેલા કોમ્પ્લેક્સમાં આવેલી આંગડિયા પેઢી ધરાવતા ટીનાભાઇ રાજપૂતના ડીસાના સ્મશાન ગૃહ નજીક આવેલા ઘરેથી તેમના ઓફિસના સ્ટાફનો માણસ નિકુલ પંચાલ રૂપિયા ૮૦ લાખ ઉપરાંતની રકમ લઈને ઓફિસ જવા નીકળ્યો હતો. ત્યારે વાડી રોડ થઈ લાલ ચાલી વિસ્તારમાંથી નીકળતા બે અજાણ્યા શખ્સોએ તેને આંતરી બંદૂક બતાવી એક્ટિવામાં આગળ રાખેલો પૈસા ભરેલો થેલો લઈને ફરાર થઈ ગયા હતા. આ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરતા ડીસા શહેર ઉત્તર તેમજ દક્ષિણ પોલીસની ટીમો પણ દોડી આવી હતી. પોલીસ દ્વારા પ્રાથમિક તપાસમાં આંગડિયા પેઢીના સ્ટાફના માણસ નિકુલ પંચાલ તેમજ હરદીપ ઠાકોરની પણ ઉલટ પુછપરછ હાથ ધરી છે.■

# ગીર સોમનાથમાં ભેળસેળિયા ખાદ્યતેલના વેપારીઓ પર તવાઇ

## વધુ ૩,૮૫૦ તેલના ડબ્બા જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ ગીર સોમનાથ કલેકટર દ્વારા ભેળસેળ યુક્ત ખાદ્ય તેલના વેપારીઓ પર તવાઈ બોલાવવામાં આવી છે. કલેક્ટર દ્વારા જિલ્લામાં ભેળસેળયુક્ત ખાદ્યતેલના વેપારીઓના ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા, જ્યાં મોટી સંખ્યામાં શંકાસ્પદ તેલનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે.

બે દિવસ પૂર્વે ઉનાથી રૂપિયા ૩૧.૫૦ લાખનો મુદ્દામાલ મળી આવ્યા બાદ આજે વધુ ૧૦ સ્થળ પર તંત્ર દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં વધુ ૩,૮૫૦ ડબ્બા શંકાસ્પદ તેલનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. જે પૈકી પ્રતિબંધિત ૧,૦૧૪ તેલના ડબ્બા રી યુઝ થયેલા પણ મળી આવ્યા છે.

જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા તમામ ભેળસેળિયા વેપારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે તહેવારો ટાણે જ જન આરોગ્ય સાથે ચેડા કરતાં તત્ત્વો સામે તંત્રએ તવાઈ બોલાવી છે, જેના કારણે હાલમાં અનેક વેપારીઓમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તહેવારોને ધ્યાનમાં રાખીને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી દરોડા પાડવામાં આવી રહ્યાં છે.

બે દિવસમાં રૂપિયા ૪.૫ કરોડથી વધુનો શંકાસ્પદ ખાદ્ય ચીજનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. મહેસાણા અને પાટણ ખાતેથી રૂપિયા ૧.૩૯ કરોડનું ૪૫.૫ ટનનું શંકાસ્પદ ઘી પકડી પાડ્યું છે. ■

# સુરેન્દ્રનગરમાં પ્રાથમિક સુવિધાઓના અભાવને મુદ્દે પ્રધાનના ભાષણ વખતે ગ્રામજનોનો હોબાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરના ટાઉન હોલમાં વિકાસ સપ્તાહના સરકારી કાર્યક્રમમાં મુળુભાઈ બેરા ભાષણ દરમિયાન ગ્રામજનોએ પ્રાથમિક સુવિધાનો અભાવ હોવાનો મુદ્દો ઉઠાવીને હોબાળો કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલ રાજ્યમાં વિકાસ સપ્તાહ ચાલી રહ્યુ છે. તે અંતર્ગત સુરેન્દ્રનગરના ટાઉનહોલમાં એક સરકારી કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ખંભાળિયાના ધારાસભ્ય અને કૅબિનેટ પ્રધાન મુળુ બેરા ઉપસ્થિત હતા. જ્યારે મુળુભાઈ બેરા ભાષણ આપી રહ્યા હતા ત્યારે અચાનક ગ્રામજનોએ વિરોધ કરી હોબાળો કરવાનું શરૂ કરી દીધું હતું. લોકોએ તેમને પડતી અસુવિધાઓના કારણે હોબાળો કર્યો હતો. ગ્રામજનોની ફરિયાદ હતી કે, ગામમાં પીવાનું પાણી નથી મળી રહ્યું તેમ જ પ્રાથમિક સુવિધાઓનો પણ અભાવ છે.

સુરેન્દ્રનગરમાં છેલ્લા ઘણા સમયથી પાણી કે અન્ય પ્રાથમિક સુવિધાનો ન મળતા ગ્રામજનો હાલાકીનો સામનો કરી રહ્યા છે. તંત્રને વારંવાર ફરિયાદ કરવા છતા કોઈ ઉકેલ ન આવતા ગ્રામજનો રોષે ભરાયા હતા. ગ્રામજનોએ તંત્ર પર આક્ષેપ કરતા કહ્યું હતું કે, અનેક વખત રજૂઆત કરવા છતા પણ તંત્ર અમારી રજૂઆત સાંભળતુ નથી. વારંવાર રજૂઆત છતા પણ કોઈ ઉકેલ આવતો નથી. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોએ ત્યાંના સ્થાનિક આગેવાન અમૃત મકવાણાનો પણ વિરોધ કર્યો હતો. ગ્રામજનોના વિરોધ બાદ અમૃત મકવાણાને પોલીસે કાર્યકમ દરમ્યાન બહાર કાઢ્યા હતા.

ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે, તંત્ર દ્વારા હાલમાં ચાલી રહેલા વિકાસ સપ્તાહના કાર્યકમમાં આશાવર્કર બહેનો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે યોગ્ય નથી. ચાલુ કાર્યક્રમ દરમ્યાન હોબાળો થતા વિદ્યાર્થીઓ ત્યાંથી નિકળી જતા હતા. જેથી ટાઉનહોલમાં અંદર જવાના તમામ દરવાજાઓ પણ બંધ કરી દેવામાં આવ્યા હતા. ■

# ગુજરાતમાં એક વર્ષમાં ૧૪ કરોડ પ્રવાસીઓ આવ્યા

અમદાવાદઃ ગુજરાતમાં વર્ષ ૨૦૦૩-૦૪માં માત્ર ૬૧.૬૫ લાખ પ્રવાસીઓ આવતા હતા, જે ૨૦૨૨-૨૩માં ૧૪ કરોડને પાર થયા હતા. આમાં ૨૨ લાખથી વધુ વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે. એટલું જ નહિ, વર્ષ ૨૦૦૧-૦૨માં પ્રવાસન વિભાગનું બજેટ માત્ર રૂ.૧૨ કરોડ હતું, જે વધીને ૨૦૨૪-૨૫માં રૂ. ૧૬૨૦.૦૬ કરોડ થયું છે. ગુજરાતમાં વિકાસનો પાયો નાખનારા વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્યમંત્રી તરીકે પહેલીવાર શપથ લીધા એને ૨૩ પૂર્ણ થતાં ગુજરાત સરકાર ૭થી ૧૫ ઓક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહ ઉજવી રહી છે. મુખ્ય પ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતે તમામ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે જેમાં પ્રવાસન ઉદ્યોગની સફળતાએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્ર મોદીએ પ્રવાસન અને યાત્રાધામો માટે જે વિકાસકાર્યો કર્યા હતા તેને કારણે આજે વર્લ્ડ ટુરિઝમ મેપ પર ગુજરાત ચમકી રહ્યું છે. આજથી બે દાયકા પહેલાં ગુજરાતનું પ્રવાસન ક્ષેત્રે નામોનિશાન નહોતું જ્યારે આજે વિશ્વભરના પ્રવાસીઓ માટે ગુજરાત પસંદગીનું રાજ્ય બન્યું છે. ■

# રાજકોટના સોની બજારમાંથી ચાંદી ચોરીને ફરાર થયેલા પિતા-પુત્ર ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં એક વર્ષ પહેલા સોની વેપારીની લાખો રૂપિયાની ચાંદી તથા છેતરપિંડીના ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા પિતા-પુત્રને પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી લઇ પોલીસને હવાલે કર્યા હતા.

રાજકોટના સોની બજારમાંથી એક વર્ષ પહેલાના છેતરપિંડીના ગુનામાં નાસતા ફરતા મનોહર સત્યનારાયણ સોની અને તેના પિતા સત્યનારાયણ રામેશ્વરલાલ સોની (મૂળ રહે. રાજસ્થાન)ને ઝડપી લીધા હતા.

ઝડપાયેલા પિતા-પુત્ર એક વર્ષ પહેલા રાજકોટ સોની બજારમાંથી એક વેપારીની લાખો રૂપિયાની ચાંદી ઉઠાવી નાસી ગયા હતા.

આ અંગેની ફરિયાદ પોલીસમથકમાં નોંધાઇ હતી. ■

# ગાંધીધામના ગોદામમાંથી ૧.૮૨ લાખના જીરુંની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામ શહેરના જી.આઇ.ડી.સી. વિસ્તારમાં આવેલા એક ગોદામમાં ત્રાટકેલા તસ્કરોએ રૂા.૧,૮૨,૦૦૦ના કિંમતની જીરુંની ૨૮ જેટલી બોરીની ચોરી કરી જતાં વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

ગાંધીધામ પોલીસ પાસેથી મળેલી વિગતો મુજબ, જીરું, વરિયાળી ધાણાને બનાવતી એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કંપની દ્વારા તેમનો માલ શહેરના જી.આઇ.ડી.સી. વિસ્તારમાં સેક્ટર-૧૨, પ્લોટ નંબર ૭-એ, એક્સેલ ગોદામના ગોદામ નંબર સાતમાં સંગ્રહિત કરવામાં આવે છે. તેમના આ ગોદામમાંથી ગત ૯મી ઑક્ટોબરના ચોરીનો બનાવ બન્યો હતો, જેમાં લોખંડની બારીના સળિયા કાપી અંદર પ્રવેશેલા તસ્કરોએ અહીં રાખવામાં આવેલી ૨૫ કિલોની એક એવી ૧,૮૨,૦૦૦ના મૂલ્યની ૨૮ જેટલી જીરું ભરેલી બોરી ઉઠાવી ગયા હતા. અહીં સુપરવાઇઝર તરીકે કામ કરનાર ફરિયાદી કાળુ ડુગર મૌર્યએ બોરીઓની ગણતરી કરતાં માલ ઓછો હોવાનું જણાઈ આવતાં તેમણે સી.સી.ટી.વી.ના ફૂટેજ તપાસ્યાં હતાં જેમાં બુકાનીધારી તસ્કરો અહીંથી ચોરી કરતા નજરે ચડ્યા હતા. આ બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી અજાણ્યા ચોર તત્ત્વોને પકડી પાડવા કવાયત હાથ ધરી છે. ■